શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિનું એકમાત્ર મુખપત્ર


એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

કિંમત ૨૦/-

શ્રી કચ્છી મારૂ કંસારા-સોની જ્ઞાતિ મંડળ
અમદાવાદ

તંત્રી મંડળ : હંસરાજ કંસારા (મુખ્ય તંત્રી) • અતુલ સોની • કુ. એકતા કટ્ટા • વર્ષ-૧૦ અંક-૨ ઓકટોબર/નવેમ્બર-૧૪



## પરંપરાગત કચ્છવર્ક
## વિરાસત : ટપકેશ્વરી ભુજ
## કારકિર્દી માર્ગદર્શન
## શબ્દ બાગ

સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદનું અનોખું નજરાણું

KANSARA
Dream Dare Do

Rollers for Bearings
World - Class Worldwide

Kansara Modler Limited
an Indo-German Joint Venture

A-41(B), M.I.A. Phase II, Basni, Jodhpur - 342005.
Tel: +91 291 2741656, 5120656 Fax : +91 291 270657
Website : www.kansara.com Email : info@kansara.com

એકમેકને ઓળખવાનો

# જ્ઞાતિસેતુ

વર્ષ : ૧૦ ● અંક : ૨

ઓક્ટોબર'૧૪ – નવેમ્બર'૧૪

**મુખ્ય તંત્રી**

હંસરાજ કંસારા ૦૭૯ ૨૬૮૭૨૩૫૦

**તંત્રી મંડળ**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

તુલસીદાસ કંસારા ૯૮૨૫૦ ૮૨૬૩૯

કુ. એકતા કટ્ટા ૯૮૭૯૧ ૯૪૩૩૪

**વ્યવસ્થાપક સમિતિ**

**ચેરમેન**

મનુભાઈ કોટડીયા ૯૬૦૧૨ ૭૫૦૭૮

**માનદ્ સંયોજક**

અતુલ સોની ૯૭૨૫૦ ૩૮૧૪૦

**મુદ્રણ આયોજન**

સૂર્યકાંત સોની ૯૬૮૭૦ ૭૫૬૩૩

**વેબસાઈટ**

ચિરાગ બુદ્ધભટ્ટી ૯૭૨૫૪ ૭૯૧૩૧

**નાણાકીય આયોજન**

કનુભાઈ બીજલાણી ૯૨૭૬૮ ૪૦૯૧૩

(સંપર્ક સમય : રાત્રે ૯ થી ૧૧)

**જાહેરાત તથા લવાજમ માટે સંપર્ક :**

● **અમદાવાદ**

ઉદય પરમાર ૯૮૭૯૧ ૦૬૩૫૩

● **ભુજ**

ઈશ્વરભાઈ વી. હેડાઉ ૯૪૨૯૦ ૮૩૨૯૫

વિજયભાઈ એમ. બુધ્ધભટ્ટી ૯૯૭૯૭ ૯૭૫૮૪

(રૂલપ્રેસવાળા)

● **અંજાર**

અનિલ એસ. સોની ૯૮૨૪૨ ૮૫૨૧૦

● **નખત્રાણા**

પ્રફુલભાઈ કંસારા ૯૮૭૯૧ ૨૨૨૬૫

(ઉદય સ્ટેશનરી માર્ટ)

● **માધાપર**

હિતેશ સોની (કરણ જ્વેલર્સ) ૯૪૨૭૪ ૪૩૮૭૪

**માનદ્ સંયોજક (ભુજ)**

શૈલેષ કંસારા ૯૮૨૫૦ ૧૨૫૦૩

સુધા બુદ્ધભટ્ટી ૯૯૨૫૩ ૧૩૭૩૪

પી. જી. સોની 'દાસ' ૯૯૭૯૬ ૭૨૪૦૭

**જ્ઞાતિસેતુ પત્ર-વ્યવહાર માટે સંપર્ક :**

અતુલ સોની, ઈ-૫૦૪, આર્યમાન આવાસ, સાંઈબાબા મંદિર સામે, દેવાશિષ સ્કુલ પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૧૫.

**કાર્યાલય :** રાજેન્દ્ર સોની

ધવલ જ્વેલર્સ, ચાંલ્લા ઓળ, માણેકચોક, અમદાવાદ-૧ ફોન : ૦૭૯-૨૨૧૪ ૪૦૦૮

**વેબ સાઈટ :** www.gnyatisetu.com

**ઈ-મેલ :** editor@gnyatisetu.com

છુટક કિંમત રૂા. ૨૦/-

ત્રિ-વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-



'જ્ઞાતિસેતુ'માં પ્રસ્તુત રચનાઓમાં રજૂ કરેલા વિચારો જે તે લેખકોના છે. 'જ્ઞાતિસેતુ'નું એની સાથે સંમત હોવું આવશ્યક નથી.


## તંત્રી સ્થાનેથી

સંવત ૨૦૭૧ના પ્રારંભે અને ઈ.સ. ૨૦૧૫ની પૂર્વ સંધ્યાએ સર્વે વાચકોને હાર્દિક શુભકામના. બદલાતા સમયની સાથે સાતત્ય જળવાય તો સફળતાને પામી શકાય. ભુજ જ્ઞાતિ દ્વારા સતત ૨૯ વર્ષથી સમુહ લગ્નનું આયોજન થઈ રહ્યું છે. તે સાતત્યથી સફળતાનું ઉત્તમ ઉદાહરણ છે. આગામી ૨૯માં સમુહ લગ્નના આયોજન હાર્દિક શુભેચ્છા...

આપણા સમાજના અમદાવાદ મંડળનું આ અગિયારમું વર્ષ છે. ૨૦૦૩માં વિવિધ વિસ્તારોમાં વસતા આપણા સમાજ પ્રેમી મહાનુભાવોએ એકત્ર થઈ મંડળની રચના કરી. આનાથી અગાઉ છેક ઈ.સ. ૧૯૫૨-૫૩માં જ્ઞાતિમંડળ રચવાના તત્સમયના સુજ્ઞ જ્ઞાતિજનોએ પ્રયાસો કર્યા જ હતા. તત્સમયે તેનું એ.પી. સેન્ટર ઘીકાંટા હતું. ઘીકાંટામાં ત્યારે શ્રી દલપતભાઈ, મોહનભાઈ, શ્યામભાઈએ મણીનગર, નરોડા આ વિસ્તારોમાં રહેતા આપણા પરિવારોને એકત્ર કરવાના પ્રયાસો કરેલા પરંતુ ત્યારે ટ્રાન્સપોર્ટેશન અને કોમ્યુનિકેશન એ બંને પ્રશ્નો જટિલ હતા. ૨૦૦૩માં એટલે કે બરાબર પચાસ વર્ષે પરિસ્થિતિ બદલાઈ ગઈ. ટ્રાન્સપોર્ટેશન હજી પણ કદાચ મુશ્કેલ હોય પરંતુ મોબાઈલ રિવોલ્યુશન થકી કોમ્યુનિકેશન એકદમ આસાન થઈ ગયું અને આપણા સમાજનું 'સંસ્થાગત' અસ્તિત્વ સાકાર થયું. આજે એટલે છેલ્લા એક દાયકા દરમ્યાન એને એક નિશ્ચિત આકાર મળ્યો છે. એને સોનામાં સુગંધ જેમ, આપણા સમાજની એક પ્રવૃત્તિએ એને આપણા સમસ્ત સમાજ માટે ઉપયોગી કાર્ય સાંપડ્યું છે અને આ કાર્ય છે 'સેતુ'. સેતુનું સમસ્ત સંચાલન અમદાવાદ જ્ઞાતિ સંભાળે છે. દેશના વિવિધ સ્થળોએ આપણા સમાજ તરફથી એને પૂરતો ટેકો મળી રહ્યો છે અને એ બધા સમાજો માટે પરસ્પર સંવાદનું સાધન બની શક્યું છે જેનો અમદાવાદ જ્ઞાતિને હર્ષ છે.

અમદાવાદ મંડળે આ વર્ષે પરિવાર પરિચય નિર્દેશિકા પણ પ્રકાશીત કરી છે જે એની યશકલગી સમાન છે.

આ બંને પ્રવૃત્તિ કાંઈ એક કે ઓછી વ્યક્તિઓની નહી પરંતુ સમાજના અનેક યુવા કાર્યકર્તાઓ અને પીઢ વડીલોની મહેનતનું પરિણામ છે એ માટે આપણા મંડળના સમસ્ત પરિવારોનો ખાસ કરીને મૂક કાર્યકરો, માર્ગદર્શકોનો સમાજ વતી 'સેતુ' હાર્દિક આભાર માને છે.

અસ્તુ

**– અતુલ સોની**

## ચિંતન

***ખલ સહક્રિયમાણો અપિ દદાતિ કલહં સતામ્ ।***

***દુગ્ધેનધૌતો અપિ ક્રિયાંતિ વાયસ કલ હંસામ્ ॥***

દુર્જનને ગમે તેટલો પ્રેમ-સત્કાર-માન આપો છતાં પણ તે સજ્જન લોકોને તો એના બદલે કજિયો-કંકાસ જ આપશે. ભલે ને કાગડાને નિત્ય દૂધથી ધોવામાં આવે છતાં પણ તે હંસ જેવો સફેદ થોડો થઈ જવાનો !

કેટલાક લોકો દુષ્ટ-વહેમી-શંકાશીલ અને સ્વભાવથી જ નકારાત્મક અને બીજાનું બૂરું અને કેમ ખરાબ થાય એવા જ વિચાર ધરાવે છે. વિના વિચારે મરજી મુજબ ગમે તેમ - ગમે તેવું બોલી સજ્જન લોકોના હૃદયને ઠેસ પહોંચાડે છે.

સજ્જન લોકો પોતાના સારા સ્વભાવથી દુર્જનનું હિત વિચારે છતાં દુર્જનને એમાં દોષ જ દેખાય છે અને સાદી-સરળ વાતમાં પણ વાંધાવચકા ઊભો કરી સત્કાર્યને ખોરવી નાખે છે. સારા પ્રસંગોમાં વાંધા-વચકા પાડી બધા ઊભી કરે છે, આવા માણસને ગમે તેટલો સાચવવામાં આવે છતાં પણ એ સજ્જન લોકોને માટે તો ત્રાસ-કંકાસ જ આપશે.

દુર્જનની નસેનસમાં નકારાત્મકતાનું લોહી વહે છે. કોઈ પણ બાજુની કાળી બાજુ જ તેને વધારે દેખાય કાગડાને દૂધે નવડાવવાથી એ કંઈ હંસ થઈ જતો નથી, તેમ દુર્જનને કોઈ સલાહ-સૂચન-જ્ઞાન-સમજ અસર કરતાં ન નથી.

***સંતોષં પરમાસ્થાય સુખાર્થી સંયતે ભવેત્ ।***

***સંતોષ મૂલં હિ સુખં દુખમૂલં વિપર્યયઃ ॥***

જેને સુખ પામવાની ઈચ્છા હોય તેણે સદાય સંતોષ પરાયણ રહીને સંયમી જ થવું જોઈએ, સંતોષ જ સુખનું અને અસંતોષ જ દુઃખનું મૂળ છે.

બીજાની લાંબી લીટી જોઈ દુઃખી થવા કરતાં કાં પોતાની લીટી લાંબી કરવી અથવા તો પોતાની લીટીથી અસંતોષ માનવો કે પોતાનાથી કોઈ નાની લીટી જોઈ રાજી રહેવું, સુખી થવું હોય તો પોતાની દૃષ્ટિને સાચી સમજ આપવી.

બીજો ભલે પાપી હોય, સત્તા ભોગવતા હોય સુખી-સમૃધ્ધ દેખાતા હોય પણ એ બધું એમનાજ પૂર્વજન્મના પુણ્યો ભોગવે છે એમ સમજવું જો કે ધનિક-પૈસાદાર આપણને બહારથી સુખી દેખાય છે એટલું જ અંદર કેવા સુખી છે એ તો અંબાણી ભાઈઓને એકાંતમાં પૂછીએ ત્યારે જ ખબર પડે ! ટૂંકમાં બીજાનું સુખ જોઈએ દુઃખી ન થવું. આપણને જેટલું જેવું મળ્યું છે તેમાં સંતોષ રાખી આનંદમાં રહેવું. દેશ-વિદેશમાં ધનના ઢગલાં અને ખજાનાની ખાઈઓ ભરી છે તેમાંથી ખટારા ભરી લઈ આવીએ એ વૃતિ દુઃખ જ આપે છે. દેશના દાલ-રોટીમાં જ સંતોષ રાખવો, સંતોષમાં જ સુખ છે. અસંતોષમાં દુઃખ છે. મારી પાસે આ નથી, તે નથી, આ ઓછું છે, ખરાબ છે તેની ભાવના જ માણસને દુઃખી કરે છે.

## બોધકથાઓ

★ આજકાલ તો બાબાનાં બેંક એકાઉન્ટો અબજો-કરોડોથી છલકાય છે. મોટાં મોટાં મંદિરોમાં ધન-સંપતિ-ગાદીના કાવાદાવા ચાલે છે, સંત ત્યાગી હોય - સંગ્રહખોર અને પૈસાના મોહ વિનાનો હોય ઈશ્વરે જે આપ્યું હોય એનો એને સંતોષ હોય, કોઈની પાસે કંઈ જ અપેક્ષા ન હોય !

એક વર બિન-દીનાર નામના એક સૂફી સંત, સંત રાબિયાને મળવા આવ્યા, એમણે જોયું કે સંત રાબિયા પાસે પાણી પીવા એક સાવ તૂટેલા જેવો વાટકો હતો, ફાટેલી ગોદડી અને પથ્થરનું ઓશિકું હતું. તરત બિન-દીનારે એક અનુયાયીને આદેશ આપી કહ્યું, તમે અત્યારે જ જાવ અને રાબિયા માટે જરૂરી સાધન-સામગ્રી ખરીદી લાવો !

સાબિયાએ એમને અટકાવ્યા અને કહ્યું, જુઓ ! દુનિયાનો એક જ માલિક છે ખુદા. ખુદા જ બધાને પુરતી વસ્તુઓ આપે જ છે. શું મને - તમને અને અમીરોને આપનાર એ એકલો જ ખુદા નથી - એ અસેની મરજી મુજબ દરેકને જેન જરૂર હોય એટલું આપે જ છે અને એમાં જ આપણે પણ સંતોષ રાખવો જોઈએ, માલિકની મરજીથી વિરૂધ્ધ જવું એ તો નાસ્તિકતા છે... અને ખુદા આપણને ભૂલી ગયા છે ને માત્ર અમીરોને જ યાદ રાખે છે, એવું તો છે જ નહીં ને !!

★ આજે જગતમાં અનેક ધર્મો, પંથો, સંપ્રદાયો, ગુરુઓ-ગુરુમાતાઓ, સંત-સ્વામીઓ છે. સૌ પોત પોતાના પંથ-વડા-વાદને શ્રોષ્ઠ-સરળ કહે છે અને પોતે સ્થાપેલી મૂર્તિ-ભગવાન હાજરાહજૂર છે એમપણ કહે છે તેના સંદર્ભમાં કોને કોને કેવા-કેવા અનુભવ પરચા-દર્શન થયાં એનાં દૃષ્ટાંતો-પ્રસંગો પણ કહે છે પણ આજ સુધી મેં જોયું છે ભગવાન એવું સભા વચ્ચે ઊભા થઈ કોઈ બોલ્યું છે ?

ધર્મ એ જીવનરીતિ છે સાત્વિક, હકારાત્મક, સ્વચ્છ, નિષ્પાપ જીવન એ જ ધર્મ છે અને એવું જીવન જીવવાથી જે પ્રસન્નતા પ્રાપ્ત થાય તે જ ઈશ્વરનો સાક્ષાત્કાર છે.

મહાન તત્વચિંતક બર્ટ્રાંડ રસેલને એક ધર્મ ચિંતકે પ્રશ્ન કર્યો, સાહેબ ધારો કે ભગવાન તમને હાજરાહજૂર-સાક્ષાત્કાર કરાવીને તમારી સામે આવીને ઊભા રહે તો એને કયો પ્રશ્ન પૂછો ?

રસેલ સાહેબે નિઃસંકોચ ફટ દઈને જવાબ દીધો - હું પૂછું કે ભગવાન, આ સૃષ્ટિનું સર્જન તમે જ કર્યું એ હું સ્વીકારું તો તમે તે વખતે હાજર જ હતા એમ નિશ્ચિત થાય છે તો હવે જ્યારે લોકો તમને પામવા જુદી જુદી રીતે પડાપડી કરે છે ત્યારે તમારી આટલી બધી અસ્પષ્ટ કેમ છે ? શા માટે ?

સૌજન્ય : શ્રી સુરેશ પ્રા. ભટ્ટ લેખિત પુસ્તક 'આશકા'માંથી સાભાર

# અધ્યાત્મ - ઈશ્વર

– સોની પ્રીન્સી એન. મીરા-નખત્રાણા (કચ્છ)

What is ઈશ્વર ?? ઈશ્વર એટલે એવું તત્વ કે જેના આધાર પર સમગ્ર જગતનું - આપણા સૌનું અસ્તિત્વ રહેલું છે અને આ તત્વ સાથે આપણને જોડતી કડી એટલે અધ્યાત્મ.

આ વિષય પર તેનું સત્ય, તત્વ અને મહત્વ પ્રગટ કરવાનું મન થયું ત્યારે એક વાત સ્પષ્ટ કરી દેવી જરૂરી છે કે, ઈશ્વર અને અધ્યાત્મ ભિન્ન છે. ઈશ્વર એ દરેક આત્માની મંઝીલ છે એ અધ્યાત્મ એ મંઝીલ સુધી પહોંચવાનો રસ્તો. પ્રત્યેક દેહ ત્રણ શરીરોનું બનેલું છે. જેમાનું સૂક્ષ્મ શરીર આ બધી ક્રિયાઓનું નિયમન કરે છે. જેને આપણે આત્મા તરીકે ઓળખીએ છીએ.

આ દરેક આત્મા પૂર્ણ પરમાત્માનો અંશ જ છે. સર્જન સમયે તે એક સુંદર અને પવિત્ર આત્મા જ હતી. માટે કહી શકાય કે, મારામાં તમારામાં - આપણા સૌમાં ઈશ્વર છે. બીજા શબ્દોમાં કહીએ તો, જીવમાત્ર ઈશ્વર છે. તેથી જ આપણા પુરાણો આપણને પોકારી - પોકારીને કહે છે, માનવમાત્રને પ્રેમ કરો. માનવમાત્રની સેવા કરો.

દરેક શુદ્ધ અને પવિત્ર આત્મા જ્યારે પૃથ્વી પર અવતરે છે, ત્યારે તે ઈશ્વરની ભક્તિ ભૂલી જગતની મોહ જાળમાં સપડાતો રહે છે. પરિણામે તે અપૂર્ણ - અશુદ્ધ બનતો જાય છે. જીવનનો મુખ્ય ઉદ્દેશ્ય ભૂલી જગતને સર્વસ્ત માને છે.

પરંતુ ઈશ્વર આત્માને સંપૂર્ણ શુદ્ધ બનાવવા ઈચ્છે છે. માટે તેને ૮૪ લાખના ફેરામાં સપડાવું પડે છે. અને અનેક જન્મોના દુર્ગુણોની અંતે બાદબાકી થઈ આત્મા ફરી પાછો પરમતત્વમાં વિલિન થઈ જાય છે.

આ બધી પ્રક્રિયા અધ્યાત્મ વિના શક્ય નથી. અધ્યાત્મ જ નર ને નારાયણ બનાવે છે. ફક્ત અધ્યાત્મ જ છે કે, જેના રસ્તા પર ચાલીને પૂર્ણ પુરૂષોત્તમને પામી શકાય છે. આપણા મહાન સંત સ્વામી વિવેકાનંદજીના મતે માનવીમાં રહેલી ઈચ્છાશક્તિ જ ઈશ્વર છે અને તે જ અધ્યાત્મ છે. માનવી પોતાની ઈચ્છાશક્તિ દ્વારા દુનિયા હચમચાવી શકે છે.

સફારી મેગેઝીનના અહેવાલ અનુસાર અમેરિકાની એક મહિલાએ કેન્સર નામના ભયંકર રોગની સારવાર ફક્ત પોતાની જીવવાની ઈચ્છાશક્તિના બળે જ કરી હતી. આમ, Human's will power is the biggest power of the world.

પરમાત્માને પામવું એટલું અઘરૂ નથી. પરમાત્મા ભક્તિની દોરીથી બંધાઈ જવા ક્યારનોય તૈયાર બેઠો છે. આપણી સેવા કરવા એ અતિ આતુર છે. જરૂર છે તો ફક્ત એક પ્રેમભર્યા પોકારની. આપણે એક વખત એના થઈ ગયા, તો એ કાયમ માટે આપણો થઈ જશે.

આ અખતરો કરી શકાય તેવો છે. બસ પોતાની ભક્તિ પર અને શ્રી હરિ પર શ્રદ્ધા હોવી જરૂરી છે. આપણને અનંત અને હંમેશા થનાર સૂર્યોદય તથા વસંત પર જેટલી શ્રદ્ધા છે. તેટલી જ આ અનંત અને અમૃત શ્રી હરિના વચન પર શ્રદ્ધા હોવી જોઈએ. આપણે જે માગીએ તે ચોક્કસ મળે છે. તમે શ્રીહરિનો સાનિધ્ય માગો, તમને મળશે જ. આવું તરત ન પણ બને, પરંતુ છેવટે તો બને જ છે. તમે ભક્તિના બંધને બંધાઓ, એ તમને સમગ્ર બંધનોથી મુક્ત કરશે. જો એક વખત મન અનંત તરફ પ્રયાણ કરી ગયુ, તો પછી ઈશ્વરીય અનુભુતિના બળે તે મૂળ તરફ કદી પાછું નહિ ફરે.

અનુભુતિના ઘણા વિવિધ પ્રકારો અને સ્તરો હોય છે. જે આપણી આંતરિક શક્તિને કાર્યાન્વિત કરે છે. માટે ઈશ્વર પ્રત્યેની અનુભુતિ પ્રબળ ન હોય તો, અધ્યાત્મ પ્રત્યે અરૂચી પેદા થઈ શકે.

જેમ ચોરસ કાણામાં ગોળ બિલ્લો બરાબર ન બેસે તેમ લક્ષ્ય પ્રત્યે પુરા સંલગ્ન ન થવાથી જે વ્યક્તિગત કંટાળો અને પરિણામો લાવવામાં નિષ્ફળતા મળે, તે ઘટના કંઈ નવી નથી.

પણ ધૈર્ય રાખવાથી બધુ જ શક્ય છે. ધૈર્ય કુટુંબ સાથે હોય તો, એ પ્રેમ છે. સમકક્ષી સાથે હોય તો સન્માન છે. ખુદની સાથે હોય તો આત્મવિશ્વાસ છે. અને ખુદાની સાથે હોય તો શ્રદ્ધા છે. સીમ્પલ ! આટલામાં બધુ જ પતી ગયું. ઈન શોર્ટ, અધ્યાત્મ તરફ કેમ વળવું એની કોઈ ડેફિનેશન નથી. બસ અંતરથી શ્રીહરિ પ્રત્યે શ્રદ્ધાભાવ હોવો જોઈએ.

જેમ જીવનનો અર્થ શબ્દકોશમાં ન જડે, એ એને જીવીને જ જાણી શકાય, એમ ઈશ્વરનો અર્થ અધ્યાત્મની અનુભુતિ દ્વારા જ જાણી શકાય. જો કે એમાં સહનશક્તિ ખૂબ જ જરૂરી છે. અને ડરવા જેવું પણ નથી. ફક્ત હૈયે હામ ધરી હરિમય થવાના પ્રયત્નો કરવાના. અત્યાર સુધી જાણે-અજાણ્યે કરેલી સમગ્ર ભૂલો માટે પોતાને પ્રેમથી માફ કરી દેવું. બધી બાબતો પર ઈશ્વરના અંશ તરીકે પોતાને આદર આપવું. પુરા ગર્વથી પોતાના અસ્તિત્વનો સ્વીકાર કરવો. ભલે તે સારો હોય કે ખરાબ. કેમ કે, જે પોતાના અસ્તિત્વનો સ્વીકાર કરી લે છે, તેને કોઈ લલકારી શકતુ નથી.

મિત્રો ! સત્યના પ્રયોગોમાં ગાંધીજીએ કહ્યું છે કે, 'જેને હું સંપૂર્ણ વિશ્વાસપૂર્વક મારા શ્વાચ્છોચ્છવાસનો સ્વામી ગણુ છું, તેનાથી હું હજીયે દૂર છું. જે મને પ્રતિક્ષણ સાલે છે.' જો આ ખોટ આપણને વર્તાય તો સમજવું કે આપણે અધ્યાત્મી છીએ જ. ભલે દુનિયાને જે કહેવું હોય તે કહે, પણ હવે આપણે આપણી શ્રી હરિ પ્રત્યેની શ્રદ્ધાને ઉંની આંચ પણ આવવા દઈશું નહિ. માટે મનને આ વાત માનવા તૈયાર ન્કરો કે, We are something and we can do everything. બાકી તો, 'મૌ-સમ કૌન કુટીલ બલ કામી ? જીન તનું દિયો તાહિ બીસરાયો એસો નિમકડુરામી.' – ગાંધીજી.

અંતે તો, આત્માની લડાઈ છે રાત્રીના અંધકાર સુધી, આપણે હરિભક્તિને સાચવવાની છે. ફક્ત સવાર સુધી...

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ-ભુજ

– ચેતન બારમેડા

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ ટ્રસ્ટ દ્વારા તા. ૭-૧૨-૨૦૧૪ના ૨૯માં સમુહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં ૧૦ નવયુગલો જોડાઈ રહ્યાં છે.

જેમાં સવારે ગણેશપૂજન, મંડપારોપણ, લગ્નવિધિ બપોરે ભોજન બાદ ૩-૦૦ વાગે સત્કાર સમારંભ અને સાંજે ૬-૦૦ વાગ્યે વિદાય કાર્યક્રમ યોજાશે. આ કાર્ય અનિલ છત્રાળાના કન્વીનર પદે જ્ઞાતિ પ્રમુખ દિલીપભાઈ બગ્ગા તથા યુવક મંડળ, મહિલા મંડળ, માધાપર જ્ઞાતિ અને સમસ્ત કાર્યકરોના સહયોગ સાથે થશે.

આ સમુહલગ્નને સફળ બનાવવા સન્માન ખર્ચના દાતાશ્રી માયાબેન કિરણભાઈ છત્રાળા, ધાર્મિક ખર્ચના દાતા-લગ્ન પત્રિકાના દાતાશ્રી નાનાલાલ શિવજી બુદ્ધભટ્ટી, જાહેરાત સૌજન્ય સ્વ. ઝવેરીલાલ શિવજી બુદ્ધભટ્ટી તેમજ કુલ ૪૧ જ્ઞાતિજનોએ દાનમાં સહયોગ આપેલ છે.

આ કાર્યક્રમમાં જ્ઞાતિના સમાજશ્રેષ્ઠી પ્રભુદાસ ખેતશી ગુજરાતી મુખ્ય મહેમાન, રસિકભાઈ ઝવેરીલાલ બુદ્ધભટ્ટી, પ્રેમજીભાઈ કેશવજી સોલંકી અતિથી વિશેષ તરીકે રહેશે. તેવું સમુહ લગ્નના મંત્રી શ્રી ચેતનભાઈ આઈ. બારમેડાની યાદીમાં જણાવાયું છે.

લગ્ન સ્થળ : ટીન સીટી, ભાનુશાલી નગર સામે, મુન્દ્રા રોડ, ભુજ-કચ્છ.

**જ્ઞાતિ સમાચાર**

## નવરાત્રી મહોત્સવ તથા તુલસી વિવાહ આયોજન-નખત્રાણા

– હેતલબેન બી. ઓઝા

શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ દ્વારા સમાજવાડી મધ્યે નવ દિવસ સુધી નવરાત્રી મહોત્સવ યોજવામાં આવેલ હતો. તેમાં ૯ દિવસ સુધી અલગ અલગ પરિવારો તરફથી આરતી કરવામાં આવતી હતી. આ નવરાત્રીમાં ચોથા નોરતે નાના બાળકો માટેનું કોમ્પ્યુટેશન રાઉન્ડ રાખવામાં આવેલ હતું. જેમાં અઠ્યાવીસ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં પ્રથમ નંબર સૃષ્ટિબેન પ્રકાશભાઈ કટ્ટા બીજો નંબર ઈશાબેન હિતેન્દ્રભાઈ કટ્ટા અને ત્રીજો નંબર રાશીબેન ભાવેશભાઈ બગ્ગા આવ્યા હતા અને બેસ્ટ ડ્રેસમાં રીયાબેન પરેશભાઈ કટ્ટાને મળેલ હતો. આ કોમ્પ્યુટેશનમાં જજ તરીકે પ્રજ્ઞાબેન પ્રફુલ્લભાઈ કંસારા અને ડિમ્પલબેન અરવિંદભાઈ સાકરીયા રહ્યા હતા. જ્યારે છઠ્ઠા નોરતે બહેનો માટેનું કોમ્પ્યુટેશન રાઉન્ડ રાખવામાં આવેલ હતું. જેમાં પ્રથમ નંબર પુનમબેન જીકલભાઈ કટ્ટા, બીજો નંબર બીનાબેન સુરેશભાઈ સાકરીયા અને ત્રીજો નંબર અંકીતાબેન જીગરભાઈ સોનીનો આવ્યો હતો. બેસ્ટ ડ્રેસમાં હેમાબેન કલ્પેશભાઈ કોટડિયાને ફાળે આવેલ હતો અને તે દિવસે આપણા સમાજના મહિલા એવા જયશ્રીબેન સંજયભાઈનું મહિલા મંડળના પ્રમુખ : જયોતિબેન આર. કટ્ટાએ સાલ ઓઢાડીને સન્માન કર્યું હતું. તેઓએ શ્રાવણ મહિનામાં નખત્રાણા મંડળને યાત્રા કરાવેલ તેથી તેનું આ નવરાત્રીમાં નવ દિવસ સુધી મહિલામંડળની બહેનો જેવા કે રંજનબેન રાજેશભાઈ સાકરીયા, પ્રજ્ઞાબેન પ્રફુલ્લભાઈ જયેશભાઈ કટ્ટા, દક્ષાબેન હિરાલાલ બગ્ગા, ભાવનાબેન અનિલભાઈ કટ્ટા, જયશ્રીબેન સંજયભાઈ બગ્ગા, વર્ષાબેન પ્રવિણભાઈ બગ્ગા વગેરે બહેનોએ નવ દિવસ સુધી સારી એવી જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમને જહેમત ઉઠાવવા બદલ દરેક બહેનોને અભિનંદન આપી હેતલબેન બી. સોનીએ આભાર માન્યો હતો.



શ્રી નખત્રાણા મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલા મંડળ દ્વારા તા. ૬-૧૧-૨૦૧૪ને ગુરુવારના રોજ સાંજે ૫ કલાકે તુલસી વિવાહનો કાર્યક્રમ સોની સમાજવાડી મધ્યે રાકવામાં ઓવલ હતું. જેમાં તુલશીના માતા-પિતા તરીકે રસિલાબેન ધીરજલાલ કટ્ટાએ કન્યાદાન આપ્યું હતું અને કૃષ્ણના માતા-પિતા જયોતિબેન રમણિકભાઈ કટ્ટા રહ્યા હતા. આ લગ્નની વિધિ વિનયકાંત ગોરે કરાવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રંજનબેન રાજેશભાઈ સાકરીયા, ભાવનાબેન અનિલભાઈ કટ્ટા, દક્ષાબેન હિરાલાલ બગ્ગા, શોભનાબેન કિશોરભાઈ કોટડિયા, વિજ્યાબેન દિનેશભાઈ બુધ્ધભટ્ટી વગેરે બહેનોએ જહમત ઉઠાવી હતી. આ કાર્યક્રમ સફળ થતા મહિલા મંડળના પ્રમુખ જયોતિબેન આર. કટ્ટાએ સૌનો આભાર માન્યો હતો.

# વાર્ષિક સ્નેહ મિલન-અમદાવાદ

અતુલ સોની

અમદાવાદ જ્ઞાતિ પરિવારો દ્વારા દર વર્ષે દિવાળી બાદ નૂતન વર્ષના પ્રારંભે વાર્ષિક સ્નેહમિલનનું આયોજન કરવામાં આવે છે. ગત તા. ૧૬-૧૧-૨૦૧૪ ના રોજ યોજાયેલ વાર્ષિક સ્નેહમિલનમાં નૂતન વર્ષની ઉજવણી વિશિષ્ટ પ્રકારે કરવામાં આવી. પ્રથમ વખત સ્નેહમિલનનું આયોજન સરખેજ-ગાંધીનગર રોડ પર આવેલ મહાકાલી માતાજીના પ્રાચીન મંદિરના પ્રાંગણમાં કરવામાં આવ્યું. સમગ્ર સમાજની સુખ-શાંતિ અને સમૃદ્ધિ માટે મહાકાલીનું હવન કરવામાં આવેલ.

સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિથી સંપન્ન થયેલ યજ્ઞ વિધિ દ્વારા સમાજના કુળદેવી મહાકાલિકા તથા ગણેશજી-મહાદેવજી તથા



વિષ્ણુ વિગેરે દેવોની પૂજા અર્ચના કરવામાં આવેલ. આ મુખ્ય યજમાન શ્રી અતુલભાઈ સોની તથા તેમના ધર્મપત્ની હંસાબેન સોની સાથે યજ્ઞવિધિમાં શ્રી કનુભાઈ બીજલાણી, શ્રી પ્રશાંત બીજલાણી, શ્રી સૂર્યકાંતભાઈ સોની, શ્રી રમેશભાઈ પોમલ શ્રી જયમીનભાઈ સોની, શ્રી પરેશભાઈ મૈચા જ્ઞાતિજનોએ સહપરિવાર હવન-પૂજાનો લાભ લીધેલ. સૌએ સાથે મળી સમગ્ર સમાજની પ્રગતિ માટે પ્રાર્થના કરેલ.

હવન વિધિ બાદ યોજાયેલ સમારોહમાં સૌ પ્રથમ ભુજ જ્ઞાતિના ગોર શ્રી સુમનભાઈ વ્યાસના અવસાન બદલ મૌન પાળી સદ્‌ગતને શ્રદ્ધાંજલી આપવામાં આવેલ.

અમદાવાદ તથા ગાંધીનગરમાં વસતા પરિવારોની વિગતો સાથે એ 'પરિવાર પરિચય નિર્દેશિકા' અમદાવાદ જ્ઞાતિમંડળ દ્વારા તૈયાર કરવામાં આવેલ છે. આ નિર્દેશિકાનું વિમોચન જ્ઞાતિસેતુના મુખ્યતંત્રી શ્રી હંસરાજભાઈ કંસારા તથા દાતાઓશ્રી રાજેન્દ્ર સોની, રમેશભાઈ પોમલ, જયમીનભાઈ સોની, શ્રીમતી રમાબેન બારમેડા દ્વારા કરવામાં આવેલ.

પરિવાર પરિચય નિર્દેશિકા તૈયાર કરવામાં કન્વીનરશ્રી સૂર્યકાંતભાઈ સોની, મનુભાઈ કોટડીયા, અતુલ સોની, જયેશ



ઘડિયાળીએ ભારે જહેમત ઉઠાવેલ છે. જેની નોંધ લેવામાં આવેલ. આ પ્રસંગે તમામ દાતાશ્રીઓનું શાલ ઓઢાળી સન્માન કરવામાં આવેલ. અમદાવાદ જ્ઞાતિ દ્વારા પ્રકાશિતનું મુખપત્ર 'જ્ઞાતિસેતુ' એ દેશ-વિદેશમાં વસતા આપણા જ્ઞાતિ પરિવારો માટે પરસ્પર સંવાદનુંએક સાધન બન્યું છે અને છેલ્લા દશ વર્ષ દરમિયાન સમાજની એકતા માટે વિશેષ યોગદાન આપેલ છે. 'જ્ઞાતિસેતુ'ની દાયકાની સફરના સફળ સુકાની એવા મુખ્યતંત્રીશ્રી હંસરાજભાઈ કંસારાનું અમદાવાદ જ્ઞાતિ દ્વારા જાહેર સન્માન કરવામાં આવેલ. આ પ્રસંગે સાબરકાંઠા જ્ઞાતિના અગ્રણીઓ શ્રી દિનેશભાઈ સોની, શ્રી ધર્મેન્દ્રભાઈ સોની, શ્રી રાજેશભાઈ તથા વડોદરાથી શ્રી રાજેશભાઈ સોની તથા ભુજથી શ્રી શૈલેષભાઈ કંસારા વિશેષ ઉપસ્થિત રહ્યા.

મંદિરના સુંદર પ્રાગણમાં કુદરતી વાતાવરણ વચ્ચે યોજાયેલ આ કાર્યક્રમમાં ગત વર્ષમાં ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માન કરવામા આવેલ. જ્ઞાતિના પરિવારો મુક્ત



મને એકબીજાને મળી નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી. શ્રીમતી રમાબેન બારમેડા આ પ્રસંગે રૂપિયા ૫૦૦૦ ના દાનની જાહેરાત કરી હતી.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શ્રી કનુભાઈ બીજલાણી, શ્રી રશ્મીનભાઈ બારમેડા, શ્રી પ્રશાંતભાઈ બીજલાણી, શ્રી ચંદર બારમેડા વગેરે સભ્યોએ યોગદાન આપેલ.

# અંજાર - મહિલામંડળ દ્વારા નવરાત્રી આયોજન

– અંજના એન. પોમલ

અંજાર મહિલા મંડળ દ્વારા શ્રી કાલિકા માતાજીના પટઆંગણમાં દર વર્ષ મુજબ નવરાત્રી દરમ્યાન સાંજે રાસ-ગરબાનું આયોજન રાખવામાં આવ્યું હતું. જેમાં અંતર્ગત બહેનો માટે રોજના અલગ-અલગ ડ્રેસકોડ તેમજ બાળકો તથા બહેનો માટે રોજના ૪ ઈનામો વેલડ્રેસ તથા વેલપ્લેયર તેમજ પ્રતિદિન અન્ય હરિફાઈ જેમાં નાના બાળકો માટે શ્રુતલેખન સ્પર્ધા, મહિલાઓ માટે સોળ-શણગાર સ્પર્ધા તેમજ ફ્રી સ્ટાઈલ, બેસ્ટ જોડી, આરતીની થાળી શણગાર તેમજ રોજ એક સરપ્રાઈઝ ઈનામ.

જ્ઞાતિની કુમારીકાઓ (૬૪ જોગણી) માટે દર સાલ મુજબ ચોથા નોરતાના રવિવારના રોજ બપોરે જમણવાર રાખવામાં આવેલ. તેમાં અંદાજીત ૬૪ થી વધુ કુમારીકાઓ પધારેલ. કુમારીકાઓ શક્તિનું સ્વરૂપ છે. તેઓની ખુશીને આશીર્વાદ સ્વરૂપ ગણી જ્ઞાતિજનો દ્વારા તેઓને અલગ અલગ વસ્તુઓની લ્હાણી કરવામાં આવેલ તે ઉપરાંત પ્રતિદિન નાના બાળકોને પણ જ્ઞાતિજનો દ્વારા અલગ અલગ વસ્તુઓની લ્હાણી આપવામાં આવતી. ૬૪ જોગણી જમણવારના દિવસે બાળકો માટે શ્રુતલેખન સ્પર્ધા રાખવામાં આવી હતી. જેમાં ૫-૮ વર્ષના તથા ૮-૧૨ વર્ષના ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં ૪૪ બાળકોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતી માધ્યમ વિભાગ-એમાં રાધિકા ગોહિલ તથા ભૂમિ ગોહિલ તથા વિભાગ-બીમાં હર્ષ બુદ્ધભટ્ટી તથા મિતાલી બુદ્ધભટ્ટી વિજેતા રહ્યા હતા. અંગ્રેજી માધ્યમમાં વિભાગ-એમાં બુદ્ધભટ્ટી ભવ્ય અને જીયાંશુ પોમલ તથા વિભાગ-બીમાં શ્રદ્ધા સાકરીયા તથા કૃપાલી ગુજરાતી વિજેતા રહ્યા હતા.

રોજના ૪ ઈનામો ઉપરાંત અન્ય હરિફાઈમાં ફ્રી સ્ટાઈલ હરિફાઈમાં પ્રિયા મૈચા તથા સુરૂચી બારમેડા વિજેતા રહ્યા હતા. બેસ્ટ જોડી હરિફાઈમાં ભાગ લેનાર પારિવારિક સભ્યો હોવા જોઈએ એ શરતને ધ્યાનમાં લઈ ૨૧ જોડીએ ભાગ લીધો હતો. તેમાં દિપ્તીબેન ગુજરાતી તથા હેતલ સાકરીયા (સાસુ-વહુ), દિપ્તીબેન બુદ્ધભટ્ટી તથા દક્ષા સાકરીયા (કાકી-ભત્રીજી) તથા પ્રિયાબેન હેડાઉ તથા કિંજલબેન બારમેડા (બહેનો) વિજેતા રહ્યા હતા. આરતીની થાળીમાં ૧૦ બહેનોએ ભાગ લીધો હતો. જેમાં આરતીબેન ગોહિલ, ચાંદનીબેન પોમલ તથા રાધિકાબેન ગોહિલ વિજેતા રહ્યા હતા. તેમજ સોળ-શણગાર સ્પર્ધામાં વિરાલી બુદ્ધભટ્ટી તથા ફેન્સી બુદ્ધભટ્ટી વિજેતા રહ્યા હતા. તેમજ સરપ્રાઈઝ ઈનામ માટે અગાઉથી જાહેર કરવામાં આવતું નથી જેમાં અલગ અલગ થીમ પર ૧૦-૨૦ નામો પસંદ કરી તેમાંથી એક લકી વિજેતા ઈનામના હકદાર રહેતા જેમાં પ્રતિદિન થીમ આ મુજબ રાખવામાં આવેલ. દસ વહેલા



આવનાર બ્હેનો, નવપરિણિત મહિલાઓ, મહિલા મંડળના સ્થાપના સમયે યોગદાન આપનાર બહેનો સીનીયર સીટીઝન બેસ્ટ લુક, બેસ્ટ જોડી, આર્થિક સહયોગ આપનાર દાતાઓ વિગેરે જેવી થીમ પર સરપ્રાઈઝ ઈનામ અપાયા હતા.

શ્રી કાલિકા માતાજીનો દરેક પરિવારને યથાયોગ્ય ભક્તિનો લાભ મળે તે હેતુથી પ્રતિદિન ૬-૭ પરિવારોની સંયુક્ત રૂપે પ્રસાદીનું આયોજન રહેતું જેમાં પ્રસાદી પણ નીતનવીન વાનગીઓની રહેતી તેમજ હવનાષ્ટમીના ૫૬ ભોગ પણ ધરાવવામાં આવેલ. રોજના વિજેતાઓને ઈનામો છેલ્લા દિવસે આપવામાં આવેલ બાળકોના રોજના ૨ ઈનામો સાવંત્રીબેન મનસુખલાલ બારમેડા તરફથી આપવામાં આવ્યા હતા. તેમજ દરેક નાના બાળકો રમનારને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા. મહિલાઓ માટેના રોજના ૨ ઈનામો તથા અન્ય હરિફાઈના ઈનામો સ્મિતાબેન વિશાપરમાર તરફથી આપવામાં આવ્યા હતા. શ્રુતલેખન સ્પર્ધા તેમજ સરપ્રાઈઝ ઈનામો જ્ઞાતિ તરફથી આપવામાં આવ્યા હતા. તમામ જ્ઞાતિજનોના સાથ સહકારથી નવરાત્રી ઉત્સવ ઉજવવામાં આવ્યો હતો. અને હવે સૌ દિવાળી તથા નવા વર્ષને આવકારવા થનગની રહ્યા છે નવું વર્ષ બધાને શુભદાયી નીવડે તેવી શુભેચ્છા..



# નવરાત્રી અહેવાલ-ભુજ

**રોહિણી બી. બુદ્ધભટ્ટી**

શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિ મહિલામંડળ - ભુજ ગત વર્ષની જેમ આ વર્ષે પણ નવરાત્રી મહોત્સવની ખૂબ જ રંગેચંગે ઉજવણી કરી. દરરોજ સાંજે ૫-૦૦ થી ૭-૦૦ સુધી અબાલ વૃદ્ધ, બહેનો- બાળકો માટે નવરાત્રી મહોત્સવનું 'ચનાણી પાર્ટી પ્લોટ' મધ્યે આયોજન કરવામાં આવ્યું. જેના અધ્યક્ષપદે શ્રીમતી રીટાબેન દિપકભાઈ બુદ્ધભટ્ટી તથા પ્રીતીબેન દિલીપભાઈ બગ્ગા હતા. મહિલામંડળના પ્રમુખ લત્તાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમ પાર પાડ્યો. દરરોજ જ્ઞાતિના વિવિધ કુટુંબો તરફથી બાળકોને નાસ્તો તથા ઈનામો પણ આપવામાં આવ્યા તથા મુખ્ય દાતાઓ શ્રી પ્રભુદાસભાઈ સોની, શ્રી જટુભાઈ વેલજી ચનાણી તથા શ્રી મગનભાઈ વેલજી ચનાણી પરિવાર તરફથી બાળકો બહેનોને ઈનામોથી નવાજવામાં આવ્યા.



દરરોજ બે રાઉન્ડમાં બાળકો-બહેનોને સંગીતના સથવારે ડોલાવ્યા. કુ. સુધાબેન એ. બુદ્ધભટ્ટી તથા તરૂણભાઈ બીજલાણી તથા પ્રતાપભાઈ બીજલાણીની ટીમે આમંત્રિત મહેમાનોમાં જ્ઞાતિપ્રમુખશ્રી દિલીપભાઈ બગ્ગા તથા તેમની કારોબારીના સભ્યો તેમજ યુવકમંડળ પ્રમુખશ્રી રાહુલભાઈ ચનાણી તેમજ તેમના કારોબારી સભ્યોએ રવિવાર હાજર રહી મહિલામંડળની પ્રવૃત્તિને બીરદાવી હતી. ખાસ વક્તવ્યમાં શ્રી ચંદુભાઈ ચનાણીએ જણાવ્યું હતું કે ભલે યુવકમંડળ નવરાત્રીનું આયોજન રાત્રે કરે પરંતુ આ બહેનો બાળકો માટે સાંજે જે જ્ઞાતિ લેવલે આયોજન કરવામાં આવ્યું છે તે હંમેશા ચાલુ રહેવું જોઈએ તે ક્યારેય બંધ ન થવું જોઈએ. એવી અપીલ સાથે મહિલામંડળને આયોજન બદલ અભિનંદન આપ્યા હતા.

જ્ઞાતિના વિવિધ કુટુંબોમાંથી બાળકોને ગીફ્ટ નાસ્તો આપવામાં આવ્યો તેમના નામો નીચે મુજબ છે.

શ્રી પ્રભુદાસભાઈ ખેતશી સોની, શ્રી જે. કે. કંસારા, રોહિણી બી. બુદ્ધભટ્ટી, રીટા જે. બુદ્ધભટ્ટી, નીલાબેન પોમલ, સત્સંગ મહિલા મંડળ-ભુજ, ભાવનાબેન એ. ચનાણી, કિર્તીકુમાર હરિલાલ પોમલ, જયશ્રીબેન જે. બુદ્ધભટ્ટી, પ્રજ્ઞાબેન નવીનભાઈ પોમલ, મનસુખભાઈ કાનજી બુદ્ધભટ્ટી વગેરે



પરિવારો તરફથી બાળકોને ગીફ્ટ નાસ્તો આપવામાં આવેલ.

દરરોજ જજીસ તરીકેનું કામ ઓડિયન્સમાંથી જ બહેનોને બોલાવીને તેમને આ જવાબદારી સોંપવામાં આવતી હતી. આ વર્ષે જ્ઞાતિના વિવિધ કુટુંબો તરફથી મહિલામંડળને દાન પણ મળ્યું હતું. તેમજ મહિલામંડળમાં સભ્યપદ માટે બહેનોએ નામ નોંધાવ્યા હતા. જેના પ્રતિકરૂપે એક ઈનામી ડ્રો કરવામાં આવેલ અને જે બહેનનું નામ ચિઠ્ઠીમાં નીકળેલ તેમને ખાસ ઈનામથી સભ્યપદ માટે નવાજવામાં આવ્યા હતા.

સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે મહિલામંડળની બહેનોએ જહેમત ઉઠાવી હતી. આ વર્ષે પ્રથમ નોરતે 'મા કાલિકા'મા ને મહિલામંડળ તરફથી સાડી અર્પણ કરવામાં આવી હતી. બહેનો જયશ્રીબેન બુદ્ધભટ્ટી, જયશ્રીબેન છત્રાળા, ભાવનાબેન બુદ્ધભટ્ટી, શીતલબેન બુદ્ધભટ્ટી, નીલાબેન પોમલ, રીટાબેન બુદ્ધભટ્ટી, ખુશાલીબેન બુદ્ધભટ્ટી, ખ્યાતીબેન બુદ્ધભટ્ટી, જયેષ્ઠાબેન સોની, મોનાબેન ગુજરાતી, રોહિણી બુદ્ધભટ્ટી વગેરેનો સાથ સાંપડ્યો હતો. ખાસ મહેમાન તરીકે સોશ્યલ મીડીયા 'આમતક' ના સંચાલક મીસીસ પુજાબેન ગોકાણી તેમજ એડવોકેટ હીનાબેન ઠક્કર તેમજ લક્ષ્મીબેન રાઠી હાજર રહ્યા હતા. તેમણે મહિલામંડળની આ પ્રવૃત્તિ ને ખૂબ જ બિરદાવી હતી. સૌ વાચકમિત્રોને નવા વર્ષના ખૂબ ખૂબ અભિનંદન સાથે વિરમું છું.



# સાબરમતી રિવરફ્રન્ટ અમદાવાદનું અનોખું નઝરાણું

**અતુલ સોની**

થોડા સમય અગાઉ ચીનમાં રાષ્ટ્રપ્રમુખ શ્રી જીંગપીંગની ભારત મુલાકાતનો પ્રારંભ અમદાવાદથી થયેલ. ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ચીનના વડા અને તેમના ધર્મપત્ની એ જ્યારે અમદાવાદના સાબરમતી નદી કિનારે નવનિર્મિત 'રિવરફ્રન્ટ ગાર્ડન'ની મુલાકાત લીધી ત્યારે દેશ અને દુનિયાભરના પ્રસાર માધ્યમના જીવંત પ્રસારણ દ્વારા સાબરમતી 'રિવરફ્રન્ટ'ની સુંદરતા અને ભવ્યતાના દર્શન સમગ્ર દેશવાસીઓને થયા. સાબરમતી નદીના વિકાસની ગાથા સમગ્ર દેશ સમક્ષ રજુ થઈ. દેશભરની આ પ્રથમ 'રિવરફ્રન્ટ' યોજનાથી અમદાવાદ તેમજ સમગ્ર ગુજરાતનું ગૌરવ વધ્યું. અમદાવાદ શહેરની મધ્યમાંથી પસાર થતી સાબરમતી નદી માત્ર થોડા વર્ષો અગાઉ જાણે મોટી સાઈઝની ખુલ્લી ગટર સમાન હતી. મહ્દ અંશે સુકી રહેતી નદીમાં શહેરભરનું ગંદુ પાણી ઠલવાતું હતું. આસપાસ વસ્તી ઝુંપડપટ્ટીઓમાં ગંદકીનું સામ્રાજ્ય હતું. આજે એજ સાબરમતી નદી બંને કાંઠે નિરંતર વહે છે. સમગ્ર વર્ષ દરમ્યાન તેમાં પાણી વહેતું રહે છે. નદીના બંને કાંઠાઓ પર સુંદર બાગ બગીચા, વોક વે સહિત અનેક આકર્ષણો આવી રહ્યા છે. નદી વિકાસની આ યોજના એટલે 'સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ'



સાબરમતી નદીમાં નર્મદા નદીનું પાણી આવવાથી નદીમાં બારેમાસ પાણી રહે છે અને તેનાથી શહેરની સુંદરતામાં વધારો થયેલ છે. તેટલું જ નહી અમદાવાદમાં ભુગર્ભ જળનું સ્તર ઊંચું આવ્યું છે.

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટના મોડેલના આધારે દેશના અન્ય શહેરી વિસ્તારમાં આવેલ નદીઓના વિકાસની યોજનાઓ બની રહી છે.

આ સમગ્ર યોજનાની વિગતો જાણવી રસપ્રદ રહેશે.

ઈ.સ. ૧૪૧૧માં અમદાવાદની સ્થાપનાના સમયથી સાબરમતી નદી શહેરનું અવિભાજ્ય અંગ રહી છે. પાણીનો મહત્વનો સ્રોત હોવા ઉપરાંત, તેણે સાંસ્કૃતિક અને આનંદ પ્રમોદની પ્રવૃત્તિઓમાં રંગમંચ તરીકે ભાગ ભજવ્યો છે. પાણી ન હોય ત્યારે નદીના પટમાં ખેતી પણ થતી હતી. સમયની સાથે નદીના પટમાં અનૌપચારિક રીતે વિવિધ આર્થિક પ્રવૃત્તિઓ અને રહેણાંક વસાહતોનો વિકાસ થયો હતો. છતાં સમય જતાં અતિ વપરાશને કારણે નદી પર તેની અસર થવા લાગી. ગંદા પાણીના નાળાઓ દ્વારા પ્રદૂષિત પાણી નદીમાં છોડવાને કારણે અને ઔદ્યોગિક કચરાનો નિકાલ કરવાને પરિણામે મોટા પ્રમાણમાં આરોગ્ય અને પર્યાવરણ સામે જોખમ ઊભું થયું હતું. નદીના પટમાં રહેલી ઝૂંપડપટ્ટીઓ સતત પૂરનું જોખમ તોળતું રહેતું હતું અને તેમાં પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો. રિવરફ્રન્ટની આસપાસ ગેરકાયદેસર વિકાસ થઈ રહ્યો હતો. આવી પરિસ્થિતિઓને કારણે નદીનું અસ્તિત્વ જોખમાઈ રહ્યું હતું અને તે માત્ર શહેરને બે ભાગમાં વહેંચતી એક રેખા બનીને રહી ગઈ હતી. ધીમે ધીમે, શહેર નદી તરફથી પીઠ ફેરવી રહ્યું હતું.

ઘણા સમયથી એવી સમજણ પ્રવર્તતી હતી કે રિવરફ્રન્ટને તેના અનિચ્છનીય સ્વરૂપમાંથી મહત્વની શહેરી અસ્ક્યામતમાં પરિવર્તિત કરી શકાય છે. આ માટેની દરખાસ્તો ૧૯૬૦ના દશકથી કરવામાં આવી હતી. અંતે ૧૯૯૮ના વર્ષમાં આ વિવિધલક્ષી પ્રોજેક્ટનું સ્વપ્ન સેવવામાં આવ્યું અને શહેર દ્વારા તેનો સ્વીકાર કરવામાં આવ્યો.

**સ્થાનિક ઈતિહાસ :** સાબરમતી એ ભારતની પશ્ચિમ ક્ષેત્રની એક મોટી નદી છે. તે વર્ષા આધારિત નદી છે જે રાજસ્થાનની અરવલ્લીની ગિરિમાળાઓ ઉદ્ભવે છે અને રાજસ્થાન તથા ગુજરાતમાં તેનો તટપ્રદેશ આવેલો છે. ૪૦૦ કિ.મી. નો પ્રવાસ ખેડયા બાદ નદી ખંભાતના અખાતને મળે છે. આરંભિક ૯.૫ કિમી. સિવાય તે મહ્દ અંશે ગુજરાત રાજ્યમાંથી જ વહે છે. વિવિધ ઉપનદીઓ, જેમાં મુખ્યત્વે હમાવ, ગુહાઈ, હાથમતી, ખારી, મેશ્વો, માઝમ, વાત્રક, મોહર અને શેઢી નદીઓ મુખ્ય નદીને મળે છે. ગુજરાત રાજ્યનું પાટનગર



ગાંધીનગર અને અમદાવાદ આ નદીને કાંઠે વસ્યા છે. સાબરમતી અને તેની ઉપનદીઓ પર કેટલાક બંધ જેવા કે ધરોઈ ડેમ, હાથમતી ડેમ, હર્ણાવ ડેમ, ગુહાઈ ડેમ, મેશ્વો જળાશય, મેશ્વો બંધ, માઝમ ડેમ અને વાત્રક ડેમ આવેલા છે. પહેલી ચાર યોજનાઓ અમદાવાદ ખાતે આવેલી મુખ્ય નદીને મળનારી ઉપનદીઓ પર આવેલી છે. ધરોઈ ડેમ મુખ્ય નદી પર આવેલો છે.

અમદાવાદ ખાતે નદી કુલ ૨૭,૮૨૦ ચોરસ કિમી.ના કુલ તટપ્રદેશમાંથી ૧૦,૩૭૦ ચોરસ કિમી.ના કેચમેન્ટ એરિયામાં પથરાયેલી છે. પ્રોજેક્ટ પહેલા, નદીની પહોળાઈ ૩૦૦ મીટરથી ૪૨૫ મીટર સુધીની હતી. ૧૯૭૬માં ધરોઈ ડેમ બાંધવામાં આવ્યો. (અમદાવાદથી લગભગ ૨૦૦ કિમી. પહેલા) ત્યાં સુધી સાબરમતીમાં અવાર-નવાર ગંભીર પૂર આવતું હતું.

**પ્રોજેક્ટનો આરંભ :** એ વાત ઘણા સમયથી જાણીતી છે કે અમદાવાદના રિવરફ્રન્ટનો યોગ્ય વિકાસ કરવાથી અને પૂરતા પ્રમાણમાં બુનિયાદી સુવિધાઓનું નિર્માણ કરવાથી સાબરમતી નદી શહેરની એક મહત્વપૂર્ણ અસ્ક્યામતમાં પરિવર્તિત થઈ શકે છે. અને શહેરના તમામ વર્ગના નાગરિકોના જીવનધોરણમાં મહત્વપૂર્ણ સુધારો થઈ શકે છે. સાબરમતી રિવરફ્રન્ટમાં શહેરની અનોખી ઓળખ ઊભી કરવાનું, લોકોને પાણીની નજીક લાવવાનું, શહેરના કેન્દ્ર વિસ્તાર પર પુનઃ ધ્યાન કેન્દ્રિત કરવાનું અને શહેરી સ્તરે સામાજિક માળખું અને આનંદ પ્રમોદની સુવિધાઓનું નિર્માણ કરવાનું સામર્થ્ય છે. આ ઉદ્દેશ્ય સાથે નીચેના પગલાઓ લેવામાં આવ્યા હતા.

૧૯૯૭માં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) યોજનાના નિર્માણ અને વિકાસના પ્રબંધન માટે ખાસ હેતુ વાહન તરીકે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ કંપનીનું નિર્માણ કર્યું. ત્યારબાદ ૧૯૯૭માં ડો. બિમલ પટેલ (EPC)ની આગેવાની હેઠળ યોજનાની ફિસીબીલીટી રિપોર્ટ તૈયાર કરવામાં આવ્યો અને ત્યારબાદ SRFDCL એ યોજનાના સ્થાપત્ય, નિર્માણ અને શહેરી ડિઝાઈન વગેરે પાસાઓના નેતૃત્વ માટે HCP ડિઝાઈન અને પ્રોજેક્ટ મેનેજમેન્ટ પ્રા. લિ.ની નિમણુંક કરી.

તમામ સંભાવનાઓ અને પ્રાથમિક ઉદ્દેશ્યોને આવરી લઈને સાબરમતી નદીના બંને કાંઠે આશરે ૧૧ કિલોમીટરની લંબાઈના વ્યાપક વિકાસ માટે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટની કલ્પના કરવામાં આવી છે. યોજનાનો અભિગમ સમગ્રપણે રિવરફ્રન્ટની આસપાસ પર્યાવરણની સ્થિતિમાં સુધાર, સામાજિક ઉન્નતિ અને સશક્ત વિકાસ લાવવાનો છે.

**પ્રોજેક્ટના હેતુઓ :** આ પ્રોજેક્ટ સાબરમતી નદીના કાંઠે નદી કિનારાનું અર્થપૂર્ણ વાતાવરણ પૂરું પાડવાનો અને નદીની ફરતે અમદાવાદની ઓળખ પુનઃવ્યાખ્યાયિત કરવાનો લક્ષ્યાંક ધરાવે છે. આ પ્રોજેક્ટનો ધ્યેય શહેરને નદી સાથે પુનઃ જોડવાનો અને રિવરફ્રન્ટના અવગણના કરાયેલા પાસાઓમાં સકારાત્મકરૂપે પરિવર્તન આણવાની નેમ ધરાવે છે.

આ વિવિધલક્ષી પ્રોજેક્ટના ઉદ્દેશ્યોને ત્રણ મુદ્દાઓ હેઠળ વર્ગીકૃત કરી શકાય છે.

પર્યાવરણને લગતા સુધારા જમીનના ધોવાણમાં ઘટાડો અને પૂર સામે શહેરને સુરક્ષા આપવા માટે, નદીને સ્વચ્છ કરવા માટે નાળાઓને બીજી દિશામાં વાળવા, પાણીનો સંગ્રહ અને રિચાર્જ.

**સામાજિક માળખું :** નદીના પટમાં રહેલા વસાહતીઓ અને પ્રવૃતિઓનું પુનરૂત્થાન અને પુનઃસ્થાપન, શહેર માટે સામાજિક-સાંસ્કૃતિક, સુખ-સુવિધાઓની તજવીજ.

**જોવાલાયક સ્થળો :** રિવર પ્રોમનાડ, ઘાટ, બોટિંગ સ્ટેશન, રિવરફ્રન્ટ પાર્ક : સુભાષબ્રિજ, રિવરફ્રન્ટ પાર્ક : ઉસ્માનપુરા, રિવરફ્રન્ટ માર્કેટ, એક્ઝિબિશન સેન્ટર.

**રિવર પ્રોમનાડ :** આ પ્રોજેક્ટનું મુખ્ય આકર્ષણ છે નદીના દરેક કાંઠે પાણીની નજીક આવેલ દ્વિ-સ્તરીય, અવિરત વોક વે. લોઅર લેવલ પ્રોમનાડનો વોક વે પાણીની બિલકુલ નજીક જ બનાવેલ છે. જેથી માત્ર રાહદારીઓ અને સાઈકલ સવારોને જ લાભ મળી શકે અને પાણી સુધી પહોંચવાની સુવિધા પણ મળી શકે. અપર પ્રોમનાડના વોક વે પર શહેરી સ્તરે વિવિધ સાર્વજનિક આકર્ષણોનું આયોજન થઈ શકે છે. સાથે મળીને આ વોક વે અમદાવાદને શહેરની મધ્યમમાં અવિરત ૧૧.૩ કિમી. લાંબો, રાહદારીઓ માટેનો ચાલવાનો માર્ગ પૂરો પાડે છે.

**બોટિંગ સ્ટેશન :** નદી પાસે પ્રોમનાડ (વોક વે) પર લોઅર લેવલ એ નદીમાં સહેલગાહ માટે બોટિંગ (નૌકાવિહાર) તેમજ ભવિષ્યમાં પાણી આધારિત જાહેર પરિવહનના માધ્યમ તરીકે બોટિંગ સ્ટેશનની સુવિધા ઊભી કરવામાં આવી છે. અત્યાર સુધી ત્રણ બોટિંગ સ્ટેશન કાર્યરત થઈ ચૂક્યા છે. પ્રથમ સ્ટેશન સુભાષ બ્રિજ પાસે પૂર્વ કાંઠે આવેલું છે. અન્ય બે સ્ટેશન ડાઉન સ્ટ્રીમમાં પશ્ચિમ કાંઠે, અનુક્રમે નહેરુ બ્રિજ અને સરદાર બ્રિજ પાસે આવેલા છે.

**ઘાટ :** નદીના લોઅર લેવલ વોક વે પર નિયમિત અંતરે પાણીની નજીક રહેવાની સુવિધા મળી શકે તે માટે ઘાટ બનાવવામાં આવેલ છે. પાણી સાથે સાંસ્કૃતિક પ્રવૃતિઓને

શક્ય બનાવવા માટે આવશ્યક સ્થળોએ આ ઘાટ તૈયાર કરવામાં આવ્યા છે.

**ઉદ્યાન અને પ્લાઝા :** આ પ્રોજેક્ટ હેઠળ આશરે સિત્તેર હેક્ટર, એટલે કે પુનઃપ્રાપ્ત કરેલ જમીનમાંથી લગભગ ચોથા ભાગ (૨૬%) ની જમીનનો ઉપયોગ શહેરની મધ્યમાં સાર્વજનિક જગ્યાના સર્જન માટે કરવામાં આવેલ છે. આ ખુલ્લી જગ્યાઓમાં જાહેર ઉદ્યાનો અને બગીચાઓથી લઈને આચ્છાદિત પ્લાઝા અને શહેરી જંગલોનો સમાવેશ થાય છે. આ ઉદ્યોગ આસપાસના વિસ્તારની જીવનશૈલીમાં સુધારો કરશે અને શહેરને ખાસ જરૂરી એવી હરિયાળી અને ગીચ બંધિયાર વાતાવરણમાંથી રાહત આપશે. બીજી બાજુ પ્લાઝા, સામાજિક મેળાવડા અને અનૌપચારિક પ્રવૃત્તિઓ માટે સાર્વજનિક જગ્યા પૂરી પાડશે.

**રિવરફ્રન્ટ પાર્ક : સુભાષબ્રિજ** : આ ઉદ્યાન, ગાંધીજીના સાબરમતી આશ્રમનું નદીની પાસે વિસ્તરણની કલ્પનાના ફળ સ્વરૂપે છે, જે આશ્રમને શાંત અને નિર્મળ પૃષ્ઠભૂમિ પૂરી પાડે છે અને અંતરદ્રષ્ટિમાં વધારો કરે છે. સાથે સાતે, તે શાહીબાગ-દૂધેશ્વરની આસપાસના વિસ્તારોની પાર્કની જરૂરીયાત પણ પૂર્ણ કરશે. આ પાર્કને વિવિધ વર્ગના લોકોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને ડિઝાન કરવામાં આવ્યો છે.




તેનું કાર્ય તાજેતરમાં જ પૂર્ણ થયું છે અને ઓક્ટોબર, ૨૦૧૩થી જાહેર જનતા માટે ખુલ્લો મૂકવામાં આવેલ છે.

**રિવરફ્રન્ટ પાર્ક : ઉસ્માનપુરા :** આ પ્રોજેક્ટમાં રિવરફ્રન્ટ પર બનાવવામાં આવેલ અનેક પાર્ક પૈકીનો આ એક પાર્ક છે. તે આશપાસના વિસ્તારો માટે પાર્કની જરૂરીયાત પૂર્ણ કરશે અને શહેરના પશ્ચિમ વિસ્તારમાં હરિયાળીનું નેટવર્ક મજબૂત કરશે. આ ઉદ્યાન ૧૬ ઓક્ટોબર, ૨૦૧૩ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર નોદીના વરદ હસ્તે સત્તાવાર રીતે લોકાપર્ણ બાદ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ છે. ચાઈનીઝ વડા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રમોદીએ આ રિવરફ્રન્ટ ગાર્ડનની મુલાકાત લીધેલ..

**અમ્યુઝમેન્ટ પાર્ક :** આ પાર્ક માહિતીપ્રદ અને આનંદ પ્રમોદયુક્ત વાતાવરણ સહિત થીમ આધારીત ક્ષેત્રોના કેન્દ્ર સમાન હશે. આ સ્થળે ઐતિહાસિક સજીવ પ્રાણીઓ, ઐતિહાસિક કથાઓ અને પરંપરાગત સ્થાપત્યનું પુનઃનિર્માણ કરવા માટે ઈન્ટરએક્ટિવ એક્સિબિશન્સ (પ્રદર્શનો), હોલોગ્રાફિક ડિસ્પલે અને એનિમેટ્રોનિક્સની સુવિધા પૂરી પાડવામાં આવશે. તેનો મુખઅય ઉદ્દેશ મુલાકાતીઓને ભારતીય ઉપખંડની ઝાંખીના દર્શન કરાવવાનો છે.

**પ્લાઝા : વલ્લભસદન :** નદીના પ્રોમનાડ પર પશ્ચિમ દિશામાં નહેરુબ્રિજ અને ગાંધી બ્રીજ વચ્ચે સ્થિત, આ પ્લાઝાની, હારબંધ કમાનો હેઠળ આચ્છાદિત વોક વે તરીકે કલ્પના કરવામાં આવી છે. શારિરીક રીતે અક્ષમ લોકો માટે લિફ્ટની સુવિધા તથા નિયમિત અંતરે સીડીઓ પ્લાઝાને લોઅર લેવલ પ્રોમનાડ (વોક વે) અને નદી સાથે સાંકળે છે.

**અર્બન ફોરેસ્ટ : પાલડી :** નદીના ડાઉન સ્ટ્રીમમાં પ્રાયોજિત આ જંગલની કલ્પના શહેરના મહત્વપૂર્ણ સ્રોત તરીકે કરવામાં આવી છે. આ સ્થળ ૧૦ હેક્ટર કરતાં વધુ વિસ્તારમાં પાલડીથી વાસણા બેરેજના વિસ્તાર સુધી ફેલાયેલું છે. આંબેડકર બ્રિજ આ સ્થળને બે હિસ્સામાં વહેંચે છે. આ સ્થળનો ઉત્તર વિભાગ પાલડીના ગીચ રહેવાસી વિસ્તારોમાં રહેતા લોકો માટે નજીકમાં બગીચાની જરૂરિયાત પૂર્ણ કરશે, જ્યારે દક્ષિણ વિભાગને બોટેનિકલ ગાર્ડન સહિત, શહેર સ્તરના વૃક્ષાચ્છાદિત શહેરી જંગલ તરીકે વિકસાવવામાં આવશે. શહેરી જંગલની વિશિષ્ટતા જાળવી રાખવા માટે આ જગ્યામાં ઓછામાં ઓછું બાંધકામ કરવામાં આવશે.

**રમતની સુવિધાઓ** : ઘણા જાહેર સ્થળો અને સુવિધાઓ સાથે, આ પ્રોજેક્ટમાં રમતગમત માટેના ત્રણ મુખ્ય સ્થાનોની સુવિધા પણ ઉપલબ્ધ કરવામાં આવી છે. શહેરમાં તેના સ્થાન અને આસપાસના વિસ્તારના સંદર્ભમાં આ સુવિધાઓનું આયોજન કરવામાં આવ્યું છે. તેમાં શાહપુર ખાતે સ્થાનિક સ્તરની સુવિધાથી લઈને પાલડી ખાતે શહેરી સ્તરના સ્પોર્ટ્સ હબ તેમજ અનૌપચારિક રમતગમત પ્રવૃતિઓ માટે પીરાણા પાસે નાનાં મેદાનોનો સમાવેશ થાય છે.

**સુવિધાઓ** : પુનઃ પ્રાપ્ત કરેલ જમીન પર ખાસ જરૂરિયાતવાળા વર્ગો માટે ઘણી નવી જાહેર સુવિધાઓ ઊભી કરવામાં આવી રહી છે.

જૂના સ્થળોની પાસે એક કાયમી જગ્યામાં પરંપરાગત રવિવારી બજાર માટે રિવરફ્રન્ટ માર્કેટનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ બજારમાં ખાસ ડિઝાઈન કરેલ સ્ટોલ્સ અને વ્યાવસાયિક લેવડ દેવડ માટે ૧,૬૪૧ પ્લેટફોર્મ, બેઠક વ્યવસ્થા, ચાલવા માટે ખાસ બનાવેલ ફરસબંધી માર્ગો, ફૂડ કોર્ટ્સ, પરિવહન માટેની જગ્યા, યોગ્ય પાર્કિંગ અને ૪ જાહેર શૌચાલયોની સુવિધા ઊભી કરવામાં આવેલ છે. ૮૦૦ થી વધુ વૃક્ષોનું વાવેતર જાહેર વિસ્તારમાં કરવામાં આવેલ છે. આ

ઓપન એર માર્કેટનો આખા અઠવાડિયા માટે ઉપયોગ કરી શકાય તે રીતે તેને તૈયાર કરવાનું આયોજન છે, જે શહેરના વેપારીઓ માટે વધુ તકો પૂરી પાડશે.

રિવરફ્રન્ટ પર એક્ઝીબિશન સેન્ટર ખાતે વ્યાપાર-વેચાણને લગતી વૈશ્વિક કક્ષાની સુવિધાઓ સાથે આયોજન કરવામાં આવેલ છે. ઈવેન્ટ્સ ગ્રાઉન્ડ સ્થાનિક અને રાષ્ટ્રિય મહત્વના કાર્યક્રમોના આયોજન માટે સ્થળ પૂરું પાડશે.

ધોબીઘાટ (લોન્ડ્રી કેમ્પસ) નદીકાંઠાનો વ્યાવસાયિક રીતે કપડાં ધોવા માટે ઉપયોગ કરતાં ધોબી સમાજ મોટી સુવિધાઓ પૂરી પાડે છે.

પ્રોજેક્ટની આખી લંબાઈ સાથે આઉટડોર વેન્ડીંગ વિસ્તાર આવેલ છે, રસ્તા પરના ફેરિયાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે જેથી તેઓ પણ આ પ્રોજેક્ટનો લાભ લઈ શકે.

**ફંડ** : SRFDCL એ સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા સ્થાપવામાં આવેલ ખાસ માધ્યમ છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (અ.મ્યુ.કો.) SRFDCL ને નાણાંનું ધિરાણ કર્યું છે જે SRFDCL ની શેરમૂડીમાં અ.મ્યુ.કો.નાં રોકાણ દ્વારા ઉમેરો કરવામાં આવ્યો છે. હાઉસિંગ એન્ડ ડેવલપમેન્ટ કંપની (HUDCO - કેન્દ્ર સરકારની નાણાં સંસ્થા) એ પણ રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે નાણાંનું ધિરાણ કર્યું છે.

આ પ્રોજેક્ટ નાણાંકીય દ્રષ્ટિએ સ્વાવલંબી છે. પુરાણ દ્વારા પરત મેળવવામાં આવેલ જમીનનો નાનો હિસ્સો વ્યાવસાયિક વિકાસ માટે વેચવામાં આવશે, જેથી રિવરફ્રન્ટના વિકાસ અને વ્યવસ્થાપનની ચુકવણી માટે પર્યાપ્ત સ્ત્રોતોનું સર્જન થઈ શકે. પ્રોજેક્ટનાં મોટાભાગનાં માળખાગત ઘટકો લગભગ પૂર્ણ થઈ ચૂક્યા છે, જેને કારણે જમીનની કિંમતોમાં વધારો પણ થવા લાગ્યો છે, આમ પહેલાં વિચારવામાં આવ્યું હતું તે કરતાં જમીનનો ઓછો હિસ્સો વેચવાનો રહેશે. રિવરફ્રન્ટ પર નિર્માણ કરવામાં આવતાં ખાનગી બાંધકામોનું ઘણફળને આધારે વિશેષ કાયદાકીય જોગળાઈ હેઠળ નિયમન કરવામાં આવશે જેથી રિવરફ્રન્ટ પરના બાંધકામનું વાતાવરણ સુગઠિત રહે અને સ્કાયલાઈન યાદગાર બની રહે.

*સંદર્ભ : સાબરમતી રીવરફ્રન્ટ વેબસાઈટ.*

**જ્ઞાતિ સમાચાર**

## શ્રી મારૂ કંસારા સોની સમાજ-રાયપુર

**– કિરણબેન સોની**

શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા તા. ૨-૧૧-૨૦૧૪ના રોજ મહિલા મંડળની સહમતીથી શ્રીમતી ઊર્મિલાબેન વિનોદભાઈ પોમલ મહિલામંડળના અધ્યક્ષ બન્યા છે. શ્રીમતી ઊર્મિલાબેન પોમલની અધ્યક્ષતામાં મહિલામંડળની પ્રથમ જનરલ મિટીંગનું આયોજન તા. ૧૫-૧૧-૨૦૧૪ના રોજ થયું જેનો હેતુ, (૧) નવી કમિટિના ગઠનની જાણ, (૨) 'બાળદિન' ની ઉજવણી માટે તંબોલા અને એક મિનિટ ગેમનો આયોજન કરવામાં આવ્યો જેમાં મહિલાઓ અને બાળકોએ ગેમ્સ અને ગિફ્ટસનો ભરપૂર આનંદ ઉઠાવ્યો. કાર્યક્રમના અંતે પુરસ્કાર વિતરણ કરવામાં આવ્યું. શ્રી મારૂ કંસારા સોની સમાજ - રાયપુર દ્વારા મહિલા મંડળની નવી કમિટિનું ગઠન કરવામાં આવ્યું જે નીચે મુજબ છે.



અધ્યક્ષ
શ્રીમતી ઊર્મિલાબેન વિનોદભાઈ પોમલ



સહઅધ્યક્ષ
શ્રીમતી હર્ષાબેન હર્ષદભાઈ પોમલ



સચિવ
શ્રીમતી કિરણબેન દીપકકુમાર બારમેડા



સહસચિવ
શ્રીમતી વામિનીબેન ચેતનભાઈ બારમેડા



કોષાધ્યક્ષ
શ્રીમતી દ્રુપાલીબેન સંદીપભાઈ બારમેડા



સહકોષાધ્યક્ષ
શ્રીમતી ઉર્વશીબેન દીપકભાઈ બારમેડા

# અમદાવાદમાં વસતા જ્ઞાતિ પરિવારો


| નં. | નામ | નુખ/અટક | સ્થળ | મુળ ગામ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | અમરતલાલ કલ્યાણજી બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | સરસપુર | કોઠારા | ૮૩૦૬૭૫૦૯૯૪ |
| ૨ | અમિતભાઈ કલ્યાણજી સોલંકી | સોલંકી | કાંકરીયા | માંડવી | ૯૮૨૪૦૬૬૫૦૫ |
| ૩ | અશ્વિનભાઈ કલ્યાણજી સોલંકી | સોલંકી | સોલા રોડ | માંડવી | ૯૪૨૯૪૬૧૦૦૮ |
| ૪ | અશોકભાઈ રતિલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | સેટેલાઈટ | ભૂજ | ૯૮૧૦૮૮૩૬૦૦ |
| ૫ | અતુલકુમાર શંકરલાલ સોની | બગ્ગા | રામદેવનગર | અંજાર | ૯૭૨૫૦૩૮૧૪૦ |
| ૬ | બાબુલાલ કેશવજી સોની | પોમલ | મોટેરા | માધાપર | ૯૪૨૭૭૬૦૨૬૬ |
| ૭ | બાબુભાઈ શંકરભાઈ સોની | કટ્ટા | ધોળકા | ગડાણી | ૯૭૨૩૨૫૫૬૭૬ |
| ૮ | ભદ્રેશ રમણીકલાલ પરમાર | પરમાર | પાલડી | ભુજ | ૯૮૭૯૦૨૩૭૭૭ |
| ૯ | ભાઈલાલભાઈ ટોકરશીભાઈ સોની | બારમેડા | સૈજપુર બોઘા | નેત્રા માતાજી | ૯૩૭૯૧૦૭૯૩૬ |
| ૧૦ | ભરતભાઈ નરસિંહભાઈ બારમેડા | બારમેડા | નરોડા | નેત્રા | ૮૮૬૬૦૩૧૬૦૦ |
| ૧૧ | બિમલ બાબુલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | નવાવાડજ | કોઠારા | ૯૮૭૯૧૮૧૪૭૩ |
| ૧૨ | ચંદ્રકાન્તભાઈ વલમજી સોલંકી | સોલંકી | મણિનગર | આંબેડી | ૯૦૯૯૧૭૪૭૨૭ |
| ૧૩ | દાનીશ રશ્મીનભાઈ બારમેડા | બારમેડા | ગાંધીનગર | ખંભરા | ૯૯૯૮૪૫૬૯૩૪ |
| ૧૪ | દશરથ મોહનલાલ સોની | પોમલ | નરોડા | અંજાર | ૯૭૨૨૨૮૦૧૫૧ |
| ૧૫ | દયાબેન હરીલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | થલતેજ | ભુજ | ૨૯૦૯૬૨૦૦ |
| ૧૬ | ધનસુખલાલ લાલજીભાઈ બારમેડા | બારમેડા | થલતેજ | અંજાર | ૮૭૫૮૦૨૫૩૨૨ |
| ૧૭ | દિલીપભાઈ ડુંગરસી સોની | પોમલ | ઠક્કરનગર | દેશલપુર | ૯૪૨૯૫૮૫૫૬૨ |
| ૧૮ | દિલીપભાઈ જેઠાલાલ સોની | બારમેડા | કૃષ્ણનગર | નેત્રા | ૯૯૭૪૪૨૬૪૭૪ |
| ૧૯ | દિનેશભાઈ નેણશીભાઈ સોની | પરમાર | દહેગામ | રસલીયા | ૯૮૨૪૦૪૧૪૮૮ |
| ૨૦ | દિપકભાઈ ભાણજીભાઈ પરમાર | પરમાર | ગેરતપુર | મોરબી | ૯૯૦૪૪૫૭૪૮૪ |
| ૨૧ | દિપન નરેન્દ્રભાઈ સોની | સોલંકી | કુડાસણ | ઉત્તરસંડા | ૯૦૩૩૫૭૩૩૮૯ |
| ૨૨ | દિવાળીબેન પ્રતાપરાય પરમાર | પરમાર | પાલડી | અંજાર | ૯૪૨૮૩૫૦૨૪૨ |
| ૨૩ | ગંગાબેન જેઠાલાલ કોટડીયા | કોટડીયા | ઘોડાસર | ઉગેડી | ૯૭૨૩૮૮૭૩૦૧ |
| ૨૪ | ઘનશ્યામ ધારસી પરમાર | પરમાર | પાલડી | ભુજ | ૯૭૩૭૨૫૦૦૪૪ |
| ૨૫ | ભાનુબેન ગૌરીશંકર સોની | બુદ્ધભટ્ટી | વટવા | માંડવી | |
| ૨૬ | ગીરીશ મોહનલાલ સોની | બુદ્ધભટ્ટી | મણીનગર | અંજાર | ૯૯૨૪૩૧૩૮૦૯ |
| ૨૭ | ગીરીશભાઈ મૂળજીભાઈ સોની | બુદ્ધભટ્ટી | ચાંદલોડિયા | સુમરી (રોહા) | ૯૪૨૬૫૧૭૨૧૩ |
| ૨૮ | ગીરીશભાઈ નરસિંહભાઈ સોની | બારમેડા | નિકોલ રોડ | માતાજીના નેત્રા | ૯૦૩૩૬૬૭૬૦૭ |
| ૨૯ | ગીતા મોરારભાઈ કંસારા | બુદ્ધભટ્ટી | સેટેલાઈટ | અંજાર | |
| ૩૦ | ગીતાબેન રમેશચંદ્ર મૈચા | મૈચા | ઠક્કરબાપાનગર | બેરાજા (મુંદ્રા) | ૯૬૨૪૪૮૬૬૯૯ |
| ૩૧ | ગોપાલભાઈ સામજીભાઈ સોની | પોમલ | દહેગામ | ઘડુલી | ૯૮૨૫૩૯૫૪૬૪ |
| ૩૨ | ગુણવંતભાઈ ત્રિભોવનદાસ કંસારા | કંસારા | મણીનગર | | |
| ૩૩ | હંસરાજ ઠાકરશી કંસારા | ગોહિલ | રામદેવનગર | અંજાર | ૨૬૮૭૨૩૫૦ |
| ૩૪ | હરેશભાઈ ભીમજીભાઈ સોની | પરમાર | સૈજપુર બોઘા | માતાજીના નેત્રા | ૯૪૨૮૪૧૪૯૭૨ |
| ૩૫ | હરેશભાઈ નરસિંહભાઈ સોની | બારમેડા | નરોડા | નેત્રા | ૮૭૩૨૯૪૪૩૪૮ |

| નં. | નામ | નુખ/અટક | સ્થળ | મુળ ગામ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૩૬ | હરીશભાઈ દલપતરામ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | શાહીબાગ | ભુજ | ૯૯૯૮૯૫૩૦૨૨ |
| ૩૭ | હર્ષદભાઈ રમેશભાઈ સોની | પોમલ | નરોડા | ઉખેડા-નખત્રાણા | ૯૪૨૯૯૧૪૪૧૭ |
| ૩૮ | હર્ષદભાઈ મોહનલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | નિર્ણયનગર | ભુજ | ૯૪૨૭૪૫૫૪૧૧ |
| ૩૯ | હસમુખ નાનાલાલ મહિચા | મહિચા | વેજલપુર | રાજકોટ | ૯૮૭૯૧૦૬૩૪૨ |
| ૪૦ | હસમુખ નટવરલાલ બીજલાની | બીજલાની | અંજાર | અંજાર | ૯૩૭૬૬૨૧૫૭૦ |
| ૪૧ | હિનાબેન પ્રવિણભાઈ પોમલ | પોમલ | ગુરૂકુલ રોડ | અંજાર | ૯૪૦૯૪૨૦૪૩૩ |
| ૪૨ | હિરેનકુમાર મોહનલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | શાહપુર | અમદાવાદ | ૯૭૨૩૩૩૮૩૫૫ |
| ૪૩ | જયાબેન બાબુલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | નવા વાડજ | કોઠારા | ૯૪૨૭૦૨૧૧૭૨ |
| ૪૪ | જયમીન જેઠાલાલ સોની | બારમેડા | સી.જી. રોડ | ખંભરા | ૯૮૨૪૫૪૬૬૫૦ |
| ૪૫ | જયેશ કલ્યાણજી ઘડિયાળી | સોલંકી | કાંકરીયા રોડ | માંડવી | ૯૦૩૩૨૨૭૧૭૨ |
| ૪૬ | જેઠાભાઈ શામજીભાઈ પોમલ | પોમલ | નરોડા | નારાયણ સરોવર | ૯૭૨૫૫૬૧૯૦૮ |
| ૪૭ | જેઠાભાઈ ટોકરશી સોની | બારમેડા | સૈજપુરબોઘા | માતાજીના નેત્રા | ૯૮૨૫૮૮૭૦૯૧ |
| ૪૮ | જીજ્ઞેશ જયંતિલાલ કોટડીયા | કોટડીયા | ગાંધીનગર | ભુજ | ૯૯૩૪૨૭૭૪૨ |
| ૪૯ | જીતેન્દ્ર કે. સોની | બુદ્ધભટ્ટી | ગાંધીનગર | વીરાણી | ૯૭૨૫૦૧૦૮૬૦ |
| ૫૦ | કલ્પના રતીલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | પાલડી | ભુજ | |
| ૫૧ | કલ્પનાબેન દિનકરભાઈ કોટડીયા | કોટડીયા | ઘોડાસર | ઉગેડી | ૮૧૪૧૦૨૪૪૦૨ |
| ૫૨ | કાનજીભાઈ રવજીભાઈ સોની | સાકરીયા | નરોડા | મંગવાણા | ૯૯૧૩૫૮૫૫૮૫ |
| ૫૩ | કંચનબેન જયંતિભાઈ સોની | પરમાર | દહેગામ | રસલીયા | ૯૯૯૮૬૯૧૧૭૫ |
| ૫૪ | કાંતિભાઈ વાલજીભાઈ કંસારા | હેડાઉ | બોડકદેવ | ભુજ | ૯૮૨૫૨૮૭૪૩૪ |
| ૫૫ | કાન્તીલાલ નાગજીભાઈ સોની | બારમેડા | પાલડી ભઠ્ઠા | વિથોણ | ૯૮૨૪૦૬૩૯૭૦ |
| ૫૬ | કનુભાઈ નટવરલાલ બીજલાની | બીજલાની | નારણપુરા | અંજાર | ૯૨૭૬૮૪૦૯૧૩ |
| ૫૭ | કૌશિક પી. સાકરીયા | સાકરીયા | વિજય ચાર રસ્તા | કાદીયા | ૯૯૯૮૬૭૪૭૧૯ |
| ૫૮ | ખીમજીભાઈ ડુંગરશીભાઈ મૈચા | મૈચા | ઠક્કરબાપાનગર | બેરાજા | ૯૫૮૬૪૭૧૭૪૪ |
| ૫૯ | કિરીટકુમાર વિઠ્ઠલભાઈ કંસારા | બુદ્ધભટ્ટી | ઘાટલોડીયા | ભુજ | ૯૮૨૪૬૦૩૦૬૯ |
| ૬૦ | કૃષ્ણકાંત વીરજી બારમેડા | બારમેડા | નવાવાડજ | ચકાર (કોટડા) | ૯૯૨૪૪૭૧૨૭૩ |
| ૬૧ | લીના રોહિતકુમાર કટ્ટા | કટ્ટા | પુષ્પકુંજ | અમદાવાદ | ૮૦૦૦૬૧૪૫૪૧ |
| ૬૨ | મહેશભાઈ હંસરાજભાઈ બીજલાની | બીજલાની | નારણપુરા | અંજાર | ૯૯૦૪૦૧૪૦૩૭ |
| ૬૩ | મંગળદાસ ધારશીભાઈ સોની | સાકરીયા | નવાવાડજ | મંજલ | ૯૮૨૫૭૬૩૨૯૦ |
| ૬૪ | મંજુલા પ્રતાપકુમાર બુદ્ધભટ્ટી | બુધ્ધભટ્ટી | એલિસબ્રીજ | ભૂજ | ૯૪૨૮૫૯૨૫૪૫ |
| ૬૫ | મનોહરભાઈ દેવશીભાઈ સોની | બુધ્ધભટ્ટી | ઠક્કરબાપાનગર | ભૂજ | ૯૭૧૨૩૯૮૫૦૪ |
| ૬૬ | મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા | કોટડિયા | મણીનગર | માંડવી | ૯૬૦૧૨૭૫૦૭૮ |
| ૬૭ | મૃદુલાબેન તુલસીદાસ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | વેજલપુર | વિરાણી | ૯૩૭૬૧૨૮૮૫૫ |
| ૬૮ | નરેન્દ્રકુમાર મગનલાલ સોની | મહિચા | ગાંધીનગર | ભૂજ | ૯૪૨૭૩૦૫૮૭૪ |
| ૬૯ | નવીનચંદ્ર કલ્યાણજી સોલંકી | સોલંકી | ઉસ્માનપુરા | માંડવી | ૯૮૨૪૫૪૭૯૭૨ |
| ૭૦ | નવનીતલાલ પ્રતાપરાય પરમાર | પરમાર | સેટેલાઈટ | અંજાર | ૯૮૭૯૭૮૦૬૮૦ |
| ૭૧ | નીતાબેન તનસુખભાઈ મૈચા | મૈચા | પાલડી | અંજાર | |
| ૭૨ | પંકજ પી. સાકરીયા | સાકરીયા | થલતેજ | કાદીયા | ૯૮૭૯૮૮૫૨૧૯ |
| ૭૩ | પંકજકુમાર કેશવજી સોલંકી | સોલંકી | નરોડા | માંડવી | ૯૩૭૫૯૪૨૪૭૭ |

| નં. | નામ | નુખ/અટક | સ્થળ | મુળ ગામ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| ૭૪ | પ્રદિપ માવજીભાઈ સોની | બારમેડા | ન્યુ મણીનગર | ભુજ | ૯૮૭૯૦૬૯૪૧૮ |
| ૭૫ | પ્રદ્યુમન ભવાનજીભાઈ પરમાર | પરમાર | મેમનગર | ભુજ | ૯૮૯૮૯૪૮૯૯૦ |
| ૭૬ | પ્રફુલચંદ્ર વિઠ્ઠલજી બગા | બગા | વાવોલ | અંજાર | ૯૭૨૩૨૧૩૭૯૫ |
| ૭૭ | પ્રફુલકુમાર કાંતીલાલ સોની | સાકરીયા | ગાંધીનગર | દહીંસરા | ૯૪૨૮૧૬૯૮૭૯ |
| ૭૮ | પ્રકાશભાઈ ચુનીલાલ કંસારા | હેડાઉ | સેટેલાઈટ | ભુજ | ૯૪૨૮૧૨૩૭૩૩ |
| ૭૯ | પ્રાણલાલ નરભેરામ સોની | સોલંકી | પ્રહલાદનગર | ભુજ | ૯૮૨૫૧૭૬૨૭૮ |
| ૮૦ | પ્રશાંત શાંતિલાલ બીજલાની | બીજલાની | કાંકરીયા | અંજાર | ૨૫૩૨૮૧૮૨ |
| ૮૧ | પ્રવિણભાઈ મોહનલાલ સોની | પોમલ | નરોડા | અંજાર | ૯૩૭૭૧૩૦૨૯૦ |
| ૮૨ | રાજેન્દ્ર ભગતલાલ બારમેડા | બારમેડા | થલતેજ | ભુજ | ૯૪૨૬૨૪૪૫૪૮ |
| ૮૩ | રાજેન્દ્ર કાંતિલાલ સોની | બારમેડા | મણીનગર, | વિથોણ | ૯૮૨૫૦૧૮૩૧૮ |
| ૮૪ | રાજેશભાઈ વિઠ્ઠલદાસ કોટડીયા | કોટડીયા | મણીનગર, | માંડવી | ૯૪૨૬૨૦૩૪૦૭ |
| ૮૫ | રાજુભાઈ નવલરામ બીજલાણી | બીજલાની | આશ્રમરોડ | અંજાર | ૯૪૦૯૪૨૩૯૨૯ |
| ૮૬ | રમાબેન પ્રહલાદભાઈ સોની | બારમેડા | નરોડા | ગડાણી | ૯૪૨૮૪૧૩૬૪૫ |
| ૮૭ | રમેશભાઈ હરિલાલ બારમેડા | બારમેડા | ઈસનપુર | ચકાર-કોટડા | ૯૮૭૯૬૦૭૮૦૬ |
| ૮૮ | રમેશભાઈ વેલજીભાઈ સોની | પોમલ | નરોડા | ઉખેડા-નખત્રાણા | ૯૪૨૮૧૧૬૨૨૧ |
| ૮૯ | રંજનબેન શ્યામભાઈ કંસારા | બુદ્ધભટ્ટી | આશ્રમરોડ | અંજાર | ૯૮૨૪૨૦૨૦૨૦ |
| ૯૦ | રશ્મિનકુમાર વાડીલાલ બારમેડા | બારમેડા | કુડાસણ | વાયોર | ૯૯૭૮૯૧૭૯૩૮ |
| ૯૧ | ગં.સ્વ. રતનબેન કેશવલાલ સોની | પોમલ | નવાવાડજ | અંજાર | |
| ૯૨ | રોહિત નરસિંહભાઈ સોની | સાકરીયા | થલતેજ | અંજાર | ૯૯૨૪૦૩૯૦૭૭ |
| ૯૩ | રોહિતભાઈ કિશોરચંદ્ર કંસારા | બુદ્ધભટ્ટી | ઘાટલોડિયા | અંજાર | ૯૯૨૫૦૧૧૭૭૨ |
| ૯૪ | સંગીતા એસ. બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | સેટેલાઈટ | ભુજ | ૨૬૭૭૯૬૮૦ |
| ૯૫ | સતિષ રતિલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | થલતેજ ટેકરા | ભુજ | ૯૮૨૫૧૩૧૧૭૪ |
| ૯૬ | શંભુભાઈ નેણસીભાઈ સોની | પરમાર | દહેગામ | રસલીયા | ૯૭૨૩૧૩૮૬૦૮ |
| ૯૭ | શાંતિલાલ નરસિંહભાઈ સોની | બારમેડા | નરોડા રોડ | નેત્રા | ૯૮૯૮૫૫૫૮૬૫ |
| ૯૮ | શરદ રતિલાલ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | લાડ સોસાયટી રોડ | ભુજ | |
| ૯૯ | સીતાબેન શામજીભાઈ સોની | પોમલ | ઓઢવ | ઉખેડા | ૯૯૭૯૨૩૧૭૮૯ |
| ૧૦૦ | સુનિલ શાંતિલાલ બીજલાની | બીજલાની | નહેરૂનગર | અંજાર | ૯૪૨૬૩૩૭૭૩૩ |
| ૧૦૧ | સુનિલકુમાર શાંતિલાલ પોમલ | પોમલ | સૈજપુર બોઘા | અંજાર | ૯૯૦૪૯૧૪૯૬૪ |
| ૧૦૨ | સુરેન્દ્ર ડુંગરશી પોમલ | પોમલ | દહેગામ | દેશલપુર (ગુંતલી) | ૯૪૨૮૪૭૧૬૫૫ |
| ૧૦૩ | સુશીલાબેન જમનાદાસ મૈચા | મૈચા | નરોડા | લાયજા | ૯૭૨૫૦૫૫૦૭૪ |
| ૧૦૪ | સૂર્યકાંત મોહનલાલ સોની | પોમલ | નરોડા | અંજાર | ૯૬૮૭૦૭૫૬૩૩ |
| ૧૦૫ | ઠાકોરલાલ કેશવલાલ કંસારા | સાકરીયા | નવજીવન | અંજાર | ૯૮૨૪૦૪૮૮૪૦ |
| ૧૦૬ | તુલસીદાસ એલ. કંસારા | બુદ્ધભટ્ટી | રામદેવનગર | ભુજ | ૨૬૯૨૭૨૪૭ |
| ૧૦૭ | ઉષાબેન શામજીભાઈ સોની | કટ્ટા | દરિયાપુર | ગડાણી | ૯૯૨૪૯૬૬૯૯૬ |
| ૧૦૮ | વલ્લભભાઈ કેશવજી સોની | બુદ્ધભટ્ટી | નરોડા | કોઠારા | ૯૦૯૯૮૧૬૮૩૫ |
| ૧૦૯ | વિજયાબેન જગદીશ બગ્ગા | બગ્ગા | જજીસ બંગલા રોડ | મોરબી | ૯૮૨૫૪૭૬૬૯૩ |
| ૧૧૦ | વિજયકુમાર ડી. બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | શાહીબાગ | ભુજ | ૯૩૭૫૦૩૦૩૧૪ |
| ૧૧૧ | વિજયકુમાર જેઠાલાલ સોની | બારમેડા | સરગાસણ ક્રોસ રોડ | તલોદ | ૯૮૨૫૦૩૦૩૨૫ |
| ૧૧૨ | યોગેશભાઈ પ્રાગજીભાઈ બુદ્ધભટ્ટી | બુદ્ધભટ્ટી | ઘીકાંટા, | સુમરી, રોહા | ૯૯૧૩૬૨૧૭૭૦ |

# અમેરિકા-૨૦૧૪ (૪)

તુલસીદાસ કંસારા-અમદાવાદ



**Be a Roman, when you are in Rome :** એક કહેવત છે કે બી એ રોમન વ્હેન યુ આર ઈન રોમ.. સાર એ છે કે તમે જ્યારે જ્યાં જાઓ ત્યારે ત્યાંના થઈને રહો.. પરંતુ જરૂરી નથી કે તેઓ કહે અથવા ન કહે, પરંતુ દેખા-દેખી તેઓ કરે તેમ કરો.. આને કહેવાય પ્રુવીંગ - તમે પણ ત્યાં એ સાબિત કરવા માગો છો કે હું પણ તમારી જેમ, રાઘર, તમારાથી સવાયો.. રોમન થઈ શકું છું... આવી અસર-કલ્ચરલ ઈન્ફ્લુઅન્સ આવવી સ્વાભાવિક છે, તમારો તેમાં વાંક નથી, પરંતુ મારા જેવા અણસમજ વિઝીટર ને તો લાગે જ કે આ વિરોધાભાસ છે કે વિડંબણા.. પોતાની જાત સાથેનો કલેશ, પીડા, સંતાપ...

**સ્વિમીંગ પુલ - એક અવલોકન :** આવો સંતાપ હું જ્યારે પ્રથમ વખત અહીંના ઓક્ટ્રી રોડ પર આવેલ વાય.એમ.સી.એ. ના ઈન હાઉસ સ્વિમીંગ પુલમાં તરવા માટે ગયો ત્યારે મને થયેલ. મેં જોયું કે આ સ્વિમીંગ પુલમાં દરેક જગ્યાએ મોટા અક્ષરોએ દરેક સુચનાઓ લખેલી હતી. દા.ત. તરી આવ્યા પહેલા અને પછી સાવર લેવાની લોબીમાં લખેલું હતું કે ટુવાલ વીટીને લોબીમાં ફરવું, પરંતુ નાહવાની કેબીનથી સામે જ કપડા અને ટુવાલ લટકાવ્યા હોય અને મારા જેવી મોટી ઉંમરની વ્યક્તિઓ સ્વાભાવિક રીતે જ સાવર લીધા બાદ એમને - એમજ, બહાર નીકળે, પછી શરીર લૂછે અને પોતાના લોકર પાસે જઈને કપડા પહેરે. અલબત્ત લેડીસ અને જેન્ટસની લોબીઓ અને સાવર લેવાની જગ્યા અલગ અલગ રાખેલ હોય છે, પરંતુ તે કમ્પાર્ટમેન્ટમાં પણ આવી જ હાલત હોય છે. ફર્ક માત્ર એટલો જ કે દેશમાંથી ફરવા આવેલ સન્નારીઓ આવુ જોઈને શરમ અનુભવે, જ્યારે આપણા અહીં વસી ગયેલ જવાંમર્દો જન્મેલ હોય ત્યારે જેમ પ્રથમ દિવસે કુદરતી વાઘામાં આવેલ હોય તેમજ બિન્ધાસ્ત રીતે ફરતા હોય, જે નવાંગતુકોને કદાચ અજુગતું લાગે, પરંતુ આ પણ એક કલ્ચરલ વિડંબણા જ કહેવાય !

**ફોર્ટ લી - હોલીવુડની જન્મદાતા :** અત્યારે જ્યાં હું રહું છું તે નદીની કોતરો પર વસેલુ રમણીય સ્થળ એટે ફોર્ટ લી. ન્યુજર્સી રાજ્યાના બર્ગેન કાઉન્ટી કે તાલુકાનું એક ગામ કે શહેર. હડસન નદી ને ક્રોસ કરીને જાવ એટલે સામે ન્યુયોર્ક આવે, જ્યાં જવા માટે તમે લિંકન ટનલ કે જે ૧૯૨૭માં ખુલ્લી મુકાયેલ, તે વાહન વ્યવહાર માટેની દુનિયાની સૌ પ્રથમ હોલેન્ડ ટનેલમાંથી પસાર થઈ શકો. અથવા જ્યોર્જ વોશીંગ્ટન બીજ ઉપરથી પણ જઈ શકો. આ બ્રીજને છેડે, ન્યુજર્સી રાજ્યમાં દાખલ થવા માટેનો રસ્તો આ ફોર્ટ લી પાસેથી પસાર થાય છે. તેની વસ્તી આજે લગભગ પાંત્રીસ હજારની, જેમાંથી સારા એવા પ્રમાણમાં, મુખ્યત્વે સાઉથ કોરીયન લોકો અહીં વસેલ છે. આ શહેર, અમેરિકન ક્રાન્તિ સમયની લડાઈઓના સમયમાં આર્મી માટે એક કેમ્પ કે કેન્ટોન્મેન્ટ હતું અન પછીથી તે અમેરિકાની ફિલ્મ ઈન્ડસ્ટ્રીઝનું જન્મદાતા બન્યું. અત્યારે આર્થિક પ્રવૃત્તિમાં કહીએ તો બેંક ઓફ ન્યુજર્સી અને અમેરિકન બેંક નોટ કંપનીનું કામકાજ અહીં થાય છે, જે કરન્સી નોટો અને પોસ્ટેજ સ્ટેમ્પસના એનગ્રેવીંગ અને છપાઈ માટેની એક કદાવર કંપની તરીકે જાણીતી છે, અને તે સ્ટોક, બોન્ડસ, વગેરે દસ્તાવેજો માટેના એન્ગ્રેવીંગ અને પ્રિન્ટીંગનું કામકાજ કરે છે.

**થોડું અહીંના રહેણાંક વિશે - ધી કેસ્ટ :** આ કમ્યુનીટી લિંવીંગ કે એક એપાર્ટમેન્ટ્સ કોમ્પલેક્ષમાં ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયાથી રહેવા આવવાનું બન્યું. તેમાં ૭ બિલ્ડીંગ આશરે બે કે ત્રણ ચો.કી.મી.ના એરિયામાં સમાયેલા છે. દરેક બિલ્ડીંગમાં ૧ કે ૨ બેડ રૂમ અને ક્યાંક લોકફ કે ઉપરના એન્ટીક કહે છે તે માડીયા જેવા રૂમ સાથે 3 બેડ રૂમના એપાર્ટમેન્ટસ આવેલ છે, અને હિલી, ડુંગરાળ એરિયા હોવાથી તેની બાંધણી ઉપર અને નીચેના લેવલે કરવામાં આવેલ છે. આ ધી કેસ્ટ નામે ઓળખાતા એપાર્ટમેન્ટ કોમ્પલેક્ષનો વહીવટ બેઝોટ નામની મેનેજમેન્ટ કંપની કરે છે. તેમાં લિફ્ટની સગવડ ખૂબજ સારી છે જેની સ્વચ્છતા અને ૨૪ કલાકની ઓટોમેટીવ સેવા, અહીંના વાતાવરણની રીતે જરૂરી પણ છે અને ગ્રાહક



**અમેરિકા-૨૦૧૪ (3)** ઓગષ્ટ-સપ્ટેમ્બર ૨૦૧૪ના અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવેલ આ લેખમાળાના ત્રીજો મણકામાં તેનું ટાઈટલ અને તેની સાથે દેખાતુ પિકચર તેમજ લેખમાળા માંની એક છબી પ્રિન્ટ થયેલ ન હતી જે બાબત અમારા ધ્યાન પર આવતા તે અહીં તેના સંદર્ભે પેરેગ્રાફની બે લાઈનો સાથે આપેલ છે. **ડોનેશન એક અનુભવ :** આજે અમે (રવિવાર, તા. ૨૯, જુન ૨૦૧૪) એક મોટો સોફાસેટ અને તેના તકીયા વગેરે વાપરી શકાય તેવી હાલતમાં હતા પરંતુ જગ્યાને અભાવે ગેરેજમાં રાખેલ અને ત્યાંથી કાઢીને તેનું દાન કરવા ગયેલ.

કેન્દ્રિય એપ્રોચને કારણે અનિવાર્ય પણ છે. લિફ્ટમાં તમને હંમેશા એકાદ ડઝન નાની મોટી કાગળ કે સારા પ્લાસ્ટીકની કોથળીઓ કે મોટા પેકીંગમાં ખરીદી કરેલ નાના નાના કુટુંબોના સભ્યો ભટકાય, કોઈનો સામાન મુવ આઉટ થતો હોય તો કોઈક નો મુવ ઈન, દર મહિને નવા સભ્યો કે ભાડુઆતો આવતા હોય કે જતા હોય.

કોમ્પલેક્ષ કહો કે આપણી સોસાયટી તેની અંદરની બાજુ મોટા રસ્તાઓ પર મોટી ટ્રકો ઉભેલ હોય, ગાડીઓ માટેની એલોટેડ પાર્કીંગ સ્ટાન્ડર્ડ પ્રમાણેજ, અને ચોક્કસ સંખ્યા ઉપર ચોક્કસ વીઝીટર્સ અને ચોક્કસ અપંગો માટેના પાર્કિંગ કાયદેસર રીતે બનાવેલા છે. એક ખૂણામાં બાળકો માટેનું નાનુ ગાર્ડન, લપસણી, હિચકાઓ વગેરે સાથે તો બીજી તરફ એવા ખૂણામાં તમે પાર્ટી કરી શકો, બાબેક્યુ કરી શકો તેવી સગવડો સાથેની જગ્યા. કલબ હાઉસ, આપણા બિલ્ડરો નામ પુરતું બનાવે છે. પરંતુ અહીં તેમાં ૨૪ કલાક ખુલ્લુ રહેતું ફીટનેસ સેન્ટર, સાથે તેમાં જ આવેલ ચિલ્ડ્રન રૂમ રકમડાઓ સાથે, બીઝનેશ સેન્ટર સેલ્ફ ઓપરેટડ, ફેક્સ, ઈન્ટરનેટ અને કમ્પ્યુટરમા કામ કરવાની સગવડ સાથે, નીચેની લેવલે બાસ્કેટ બોલ રમવા માટેનો મોટો હોલ, જ્યાં ક્યારેક યોગાના ક્લાસ પણ ચાલતા હોય તો ક્યારેક કોઈ ત્રણ ચાર જણ મ્યુઝીક સાથે ડાન્સ કરતા ગ્રુપ નજરે ચડે, તમે પણ તેમાં ઈચ્છો તો જોડાઈ શકો. ગરમીમાં પાણીમાં તરવા માટે કે પડ્યા રહેવા માટે કમ્યુનીટી સ્વિમીંગ પુલ, જેનો ઉપયોગ બાળકો અને તેમની માતાઓ વધારે કરે, અને રજાના દિવસોમાં અહીં જાણે મેળો જામ્યો હોય તેવું લાગે !

તમને આ ૮૦૦ ચો.ફિ. થી લઈને ૧૩૭૭ ચો.ફિ. સુધીના એપાર્ટમેન્ટ નાના પડે, સામાન વધારે હોય તો નીચે રસ્તાને અડકીને આવેલ ગેરેજ પણ ભાડે રાખી શકો, જેમાં ગાડી રાખવી ફરજીયાત નહીં તમારો સામાન પણ તેમાં રાખી શકાય તેટલી મોટી જગ્યા હોય છે. આમ તો અમેરિકામાં સ્ટોરેજીસનો મોટો ધંધો જે, જેમાં તમે અન્ય જગ્યાએ તાત્કાલિક જવાનું થાય તો તમારો સામાન સ્ટોર કરી શકો, જેવી અને જેટલી જગ્યા એ પ્રમાણે ફ્લેટ કે હાઉસ કરતાં માંડ દશમાં ભાગનુ ભાડુ લાગે, અને તમારી ગાડી પણ ત્યાં રાખી શકો, જેનુ ભાડુ પણ લગભગ તેટલું જ લાગે.

**કાળા ડુંગરાઓની તળેટીનું શહેર ટુશાન :** અહીં આવ્યા બાદ ત્રણેક મહિને અહીંની ડોમેસ્ટીક એરલાઈનમાં એકલા ટ્રાવેલ કરવાનું અને પીમા કાઉન્ટીના ટુશાન શહેરની મુલાકાત લેવાનો પ્રસંગ બન્યો તેથી તેના વિશે થોડુંક..

અમેરિકાની એક જાણીતી મોટી યુનિવર્સિટી, એરીઝોના યુનિવર્સિટીનું ઘર એટલે ટુશાન. અંગ્રેજી સ્પેલિંગ પ્રમાણે એરીઝોના રાજ્યાના આ બીજા નંબરના શહેરનો ઉચ્ચાર ટુકશન થાય, પરંતુ લોકલ બોલીમાં તે ટુશાન કહેવાય છે. મેક્સિકો નામના સ્વતંત્ર દેશની ઉત્તર સીમાથી માત્ર ૯૭ કિમી. દૂર આવેલ બોર્ડર પરના નગરના સ્પેનીશ નામનો મતલબ થાય છે. કાળાડુંગરાઓની તળેટીમાં આવેલ શહેર. જે તેની ચારે બાજુ પથરાયેલ જવાળામુખીના લાવામાંથી બનેલ ડુંગરાઓની હારમાળાનો નિર્દેશ કરે છે. આપણા કચ્છના કાળાડુંગરને આની નાની આવૃત્તિ કહી શકાય. લગભગ દશેક લાખની વસ્તિ સાથે એરિઝોનાના ફિનીશ પછીનું આ બીજા નંબરનું અને અમેરિકાનું ૩૩મા નંબરનું નગર છે.

અહીંના ઘરો ભુજ-ભચાઉની જેમ બેઠા ઘાટના અને ડુંગરાઓની માટીની સાથે સ્થાનિકે મળતી વનસ્પતિ સાથે મેળવણી કરીને બનાવેલી ઈંટો કે તેવા જ રંગથી જાણે રંગવામાં આવેલ હોય તેવા દેશી પદ્ધતિએ બનાવેલ ઘરો જેવા દૂરથી દેખાય, જેમાં ભૂખરો અને લાલાશ પડતી માટીનો કરકરો રંગ વધારે દેખાય. ડુંગરાઓ ઉપર ઠેરઠેર સારી એવી ઊંચાઈ ધરાવતા કાંટાળા કેકટસ જોવા મળે અને વિશાળ સંખ્યામાં આ વનસ્પતિ હોવા છતાં પણ તેને કાંટાને કારણે અડકી તો શકાય જ નહીં, પરંતુ તેને કાપવાની કે નુકશાન પહોંચાડવાની સખત મનાઈ.

જો તમે ટુશાન જાવ અને ત્યાના સોનાર ડેઝર્ટ મ્યુઝીયમની મુલાકાત ના લો તો તમારો ધક્કો સફળ ના દેખાય. આ મ્યુઝિયમ એટલે એકરોમાં ફેલાયેલ ખુલ્લા ડુંગરાળ વાતાવરણ સાથે થિયેટરો, માછલીઘરો, પક્ષીઓ અને અહીંના વન્યજીવોને જોવા, જાણવા અને માણવાનું એક વનસ્ટોપ સ્થળ, થિયેટરની અંદર સતત પોતાની પૂંછડી વડે સંગીતમય અવાજ ફેલાવતા સાપનો લાઈવ શો અને ખુલ્લા આકાશમાં ઘુવડ અને ગરૂડ જેવા દેખાતા કદાવર પક્ષી તેમજ અન્ય પક્ષીઓનો લાઈવ શો જોવાનો અને જાણવાનો અનુભવ કદી ના ભૂલી શકાય તેવો રહ્યો.

અંદાજે દોઢસો જેટલી કંપનીનો અહીં ચશ્મા અને તેને લગતી ઈલેક્ટ્રોનીક્સ સિસ્ટમોના ધંધામાં લાગેલી છે, તેથી આ શહેરનું હુલામણું નામ પડેલ છે ઓપ્ટીકસ વેલી.

**સાન ફ્રાંસિસ્કો :** એટલે અમેરિકાના પશ્ચિમ કાંઠે નાની મોટી ચાલીસેક ટેકરીઓ પર વસેલું રળિયામણું શહેર. ત્યાં જવા માટે લગભગ નવસો માઈલ (૫ માઈલ = ૮ કિમી) ની મુસાફરી બાય રોડ કરવી પડે ટુશાનથી અને બાર કલાક ઉપરનો સમય થાય. એક તરફ પ્રશાંત મહાસાગર અને બીજી તરફ ખાડી કે અખાત ઉપરાંત આર્કિટેકચરના ઉત્તમ નમૂના સમા બે સુંદર બ્રીજો - ગોલ્ડન ગેઈટ બ્રીજ અને બે બ્રીજ તેના લેન્ડ માર્ક અમદાવાદના સુભાષપુલ, ગાંધીપુલ, નહેરુપુલ,

સ્વામી વિવેકાનંદ પુલ (એલીસબ્રીજ) અને સરદાર પુલ નામના જુના પાંચ પુલની જેમ.


૧૮૪૮માં અહીં નદીના પટમાં સોનું મળેલ. આને કારણે હજારો લોકોના ધાડા અહીં ધસી આવેલ જેને ગોલ્ડરશ કહેવામાં આવે છે. આને કારણે ચાંચીયા અને અસામાજિક તત્વો પણ અહીં મોટા પ્રમાણમાં ઓલ અને દરિયા કિનારેજ વસી ગયેલ, તેથી તેને બર્બર કોસ્ટ કહેવામાં આવે છે. પ્રથમ હિસ્પેનિક અને ત્યારબાદ ચાઈનીઝ વસાહતીઓમાં અહીં મોટા પ્રમાણમાં આવીને વસેલ છે. લોકોને અહીં ઘંટડી વગાડતી ટ્રામ - સ્ટ્રીટ કારનું આકર્ષણ છે. કેલિફોર્નીયા રાજ્ય અને સાન ફ્રાંસિસ્કો શહેર ધરતીકંપથી ટેવાઈ ગયેલ છે. ૧૯૦૬માં અહીં ભયંકર ભૂકંપ આવેલ ત્યારે ભુજની જેમ શહેરનો મોટો ભાગ નાશ પામેલ, જાણે જુના શહેરનો તો નકશો જ બદલાઈ ગયેલ.. ભુજમાં તો એક વસ્તુ ટાઉન પ્લાનરોએ સારી કરી કે જુની શેરીઓ, ફળીયાઓ, ખાંચાઓ અને ખડકીઓના નામો જેમના તેમ રાખીને સરસ મજાની મોટા અક્ષરોએ વંચાતી વાદળી અને સફેદ રંગની નેઈમ પ્લેટો જે તે સ્થળે લગાવીને જુની યાદોને તાજી રાખેલ છે.

**હેલ્થ ફસ્ટ :** સ્વચ્છતા અને સ્વસ્થતાને સીધો સંબંધ છે - માટે ચાલો આ વિક્રમ સંવત ૨૦૭૧ના વરસમાં એક પ્રતિજ્ઞા લઈએ કે કચરો ગમે ત્યાં ન ફેંકતા ઘરમાં તેના માટે રાખેલ ડબ્બામાં ફેંકીશ અને જાહેર સ્થળે જો તેવી સગવડ નહીં હોય તો કચરો કરવાનું ટાળીશ. આ પાઠ હું વારંવાર, દરરોજ, મારા બાળકો તેમજ આજુબાજુના બાળકોને સતત શીખવાડીશ.

**વિરાસત**

# ટપકેશ્વરી ભુજ

**– પી.જી. સોની 'દાસ'**




કચ્છના પૂર્વ જિલ્લા માહિતી અધિકારી શ્રી શાંતિલાલભાઈ સોની સંપાદિત 'આપણી કચ્છની અણમોલ વિરાસત (શિલ્પ સ્થાપત્ય)' માંથી આપણા 'સેતુ'ના અગાઉના અંકોમાં કચ્છના નારાયણ સરોવર-કોટેશ્વર, લખપતનો કિલ્લો, કટેશ્વર (સિયોત), માતાના મઢ, કાળા ડુંગર તથા મેકણ દાદાની સમાધિ ધ્રંગ વિશે ફોટોગ્રાફ સાથે શબ્દયાત્રા માણી હવે આજના અંકમાં ભુજની નજીક ટપકેશ્વરી માતાજીના રમણીય સ્થાન વિશે વધુ જાણીએ.

**ટપકેશ્વરી :** રાજાશાહીના સમયમાં ભુજની નજીકનું આ સ્થળ પ્રવાસનધામ તરીકે વિકસાવાયું હતું. દાર્શનિક એવા આ સ્થળે ૧૯મી સદીમાં એક ધર્મશાળાનું બાંધકામ થયું. વર્ષો જુની પરંપરા પ્રમાણે અહીં દરેક જ્ઞાતિઓના મેળાવડા અને પ્રવાસ આયોજનો ઉપરાંત ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો અહીં યોજાતા રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, કચ્છનું સર્વપ્રથમ એરપોર્ટ પણ ટપકેશ્વરી હતું. અહીં ડુંગરાઓની હારમાળાઓ ઉપર ટપકેશ્વરી માતાજીનું ભવ્ય મંદિર છે. આ પૌરાણિક સ્થળ હોવાથી અને સારા લોકેશનના કારણે તેના વિશાળ પરિસરમાં ફિલ્મોના શુટીંગ પણ અહીં થતા હોય છે. આ વિશાળ હરિયાળી ટેકરીઓ સાથેનું આ સ્થળ આજે પણ મનમોહક ભાસે છે.

કુદરતી ખજાનાને અનુરૂપ આ અદ્‌ભુત સ્થળ ભુજથી અંદાજે ૭ કિ.મી.ના અંતરે હરિપર રોડ પર આવેલું છે. આ પ્રવાસન સ્થાનની નજીકમાં જ ભુજના પ્રખ્યાત હમીરસર તળાવની પાણીની એક મુખ્ય સ્રોત સમો ધુનારાજા ડેમ પણ ખૂબ દર્શનીય છે.

# સેતુના સહયોગી

## શ્રી તુલસીદાસ કંસારા

આ અંકથી ઉપરોક્ત ટાઇટલ સાથે સેતુમાં એક નવી કોલમ શરૂ થાય છે. એનો ઉદ્દેશ સ્પષ્ટ છે 'સેતુ'ના સહયોગીઓ થકી જ એ ઉજળું છે. એમનો સેતુના બધા વાચકોને પરિચય કરાવવો આવશ્યક છે. એટલે એક પછી એક બધા સહયોગીઓનો પરિચય સંક્ષેપ આ કોલમ હેઠળ આપવામાં આવશે. આશા છે, સહુ વાચકો આ કોલમ પણ અન્ય સર્વ કોલમની જેમ જ રસપ્રદ લાગશે. વાચકોના પ્રતિભાવો આવકાર્ય છે. **- કાર્યકારી તંત્રી - અતુલ સોની**

પ્રસ્તુત છે સેતુના સર્વપ્રથમ સ્થાપના સહયોગી શ્રી તુલસીદાસ કંસારાનો પરિચય : શ્રી તુલસીદાસભાઈનો પરિચય શ્રી હંસરાજભાઈ (જેઓ અમદાવાદથી પ્રકાશિત 'કચ્છશ્રુતિ' ના માનદ્ સલાહકાર છે) કચ્છશ્રુતિ માટે આપેલો જે જુલાઈ-૨૦૧૪માં એ સામયિકમાં પ્રકાશીત થયો હતો. શ્રી તુલસીદાસભાઈ ૨૦૦૪માં અમદાવાદ જ્ઞાતિમંડળના સ્થાપક પ્રમુખ હતા એમના કાર્યકાળ દરમ્યાન અને એમના જ સક્રિય પ્રોત્સાહન થકી જ 'સેતુ'નું પ્રકાશન શરૂ થયું હતું. ત્યારથી જ તેઓશ્રી સેતુના પ્રમુખ સલાહકાર તેમજ કલમકાર રહ્યા છે. વાચકો એમની કલમેથી સારી પેઠે પરિચિત છે.



'કચ્છડો કામણગારો' તસવીર કથા શ્રેણીના ૨૪ મણકા, તેનાથી અગાઉ 'કમ્પ્યુટરની દુનિયામાં ડોકિયું' લેખમાળાની ૪૫ કડીઓ તેમજ એનાથી પણ પહેલાના એકાદ વર્ષ દરમ્યાન એમણે આપેલા અમેરિકા પ્રવાસ તેમજ ત્યાંના જનજીવનના વર્ણનાત્મક લેખો થકી 'કચ્છશ્રુતિ' ના વાચકો સાથે છેલ્લા લગભગ આઠેક વર્ષથી જોડાયેલા, એવા શ્રી તુલસીદાસ કંસારાની કલમથી 'જ્ઞાતિસેતુ' ના વાચકો સુપેરે પરિચિત છે. જો કે તાજેતરમાં એમની નવી લેખશ્રેણી 'શબ્દોની કમ્પ્યુગ્રાફી' ત્રણેક લેખ પ્રકાશીત થયા છે. આ તબક્કે શ્રી તુલસીદાસભાઈ કંસારાનો વ્યક્તિગત પરિચય અત્રે પ્રસ્તુત છે.

શ્રી તુલસીદાસ કંસારા મુળ કચ્છ ભુજના વતની છે. ૨૧ સપ્ટેમ્બર, ૧૯૪૪ ને રોજ અંજાર (કચ્છ) મધ્યે એમનો જન્મ થયો. ધો. ૧૦ પાસ કર્યા બાદ તેઓશ્રી તરત જ નોકરીએ લાગી ગયા. કચ્છમાં જિલ્લા લોકલ બોર્ડ, જિલ્લા પંચાયત, સ્ટેટ ટ્રાન્સપોર્ટ અને બેન્ક ઓફ ઈન્ડીયા એમ વિવિધ સંસ્થાઓમાં કાર્યરત રહ્યા. ૧૯૭૫માં બેંકની નોકરીમાં પ્રમોશન મળતાં ભુજ છોડ્યું. ૧૯૭૭માં બેંકની મેનેજમેન્ટ કેડરમાં સ્થાન મેળવી અમદાવાદમાં સ્થાયી થયા. નોકરીની સાથે સાથે અભ્યાસ ચાલુ રાખી, એમ.એ., એલ.એલ.બી., થયા. ૨૦૦૪માં નોકરીમાંથી નિવૃત્ત થયા.

૨૦૦૩માં અમદાવાદમાં એમની જ્ઞાતિનું મંડળ સ્થપાયું. તેઓશ્રી એના સ્થાપક પ્રમુખ થયા. ૨૦૦૪માં આ લેખના લેખક (હંસરાજ કંસારા) ના તંત્રીપદે જ્ઞાતિમંડળના મુખપત્ર 'સેતુ' નું પ્રકાશન શરૂ થયું. તદુપરાંત આ લેખકે ૨૦૦૫માં બૃહદ અમદાવાદના કચ્છી સમાજના મુખપત્ર 'કચ્છશ્રુતિ'નું તંત્રીપદ પણ સંભાળ્યું. ત્યારે એમણે શ્રી તુલસીદાસભાઈએ એમના અમેરિકા પ્રવાસ / જનજીવન વર્ણવતાં લેખો, કચ્છશ્રુતિના વાચકો માટે આપવા અનુરોધ કર્યો. જે એમણે સ્વીકાર્યો. ત્યારબાદ ૨૦૦૭ જૂનથી એમની કમ્પ્યૂટરની દુનિયામાં ડોકિયું લેખમાળા શરૂ થઈ. જે ચાર વર્ષ ચાલી. ત્યારબાદ 'કચ્છડો ખેલે ખલકમેં' કચ્છની વૈભવી વિરાસત ઉજાગર કરતી સંશોધનાત્મક તસ્વીર કથા-શ્રેણી શરૂ થઈ. આ શ્રેણી અંતર્ગત તેઓશ્રીએ કચ્છના પ્રવાસન સ્થળો, સ્થાપત્યો આદિની તસવીરો સાથે ઈતિહાસમૂલક વિગતો આપી છે. તદુપરાંત શ્રી તુલસીદાસભાઈએ, કચ્છશ્રુતિના ઈસ્યુબેઝડ વિશેષાંકો, જેમકે 'સ્વાસ્થ્ય વિશેષાંક' માટે 'ટેલી મેડીસીન' જેવા લેખો પણ આપ્યા છે.

કચ્છશ્રુતિ માટે ઉપરોક્ત ઉલ્લેખીત લેખન ઉપરાંત શ્રી તુલસીદાસભાઈ એમની જ્ઞાતિના મુખપત્ર 'જ્ઞાતિસેતુ' માટે પણ નિયમીત લખે છે, જેમાં જ્ઞાતિ પરિવારોની સંશોધનાત્મક ઈતિહાસ મૂલક વિગતો અને 'કમ્પ્યૂટરનો કક્કો' લેખશ્રેણી મુખ્ય છે. બેંક સેવા કાર્યકાળ દરમ્યાન બેંક અને બેંક સાથે સંબંધ ધરાવતા ગ્રાહકો સહિત વિવિધ વર્ગના લોકો સાથે મીઠાં સબંધો સ્થપાય અને જળવાય તે સંબંધો ગુજરાતી તેમજ અંગ્રેજી (રાષ્ટ્રીય) દૈનિકોમાં તેઓશ્રીએ લેખો પ્રકાશીત થતા. તેઓશ્રી હાથ પર લીધેલા કાર્યને પૂર્ણ નિષ્ઠા સાથે પુરુ કરવાના આગ્રહી રહ્યા છે. તેઓશ્રી બેંકર્સ કલબના અધ્યક્ષ પદે પણ રહી ચૂક્યા છે. શ્રી તુલસીદાસભાઈ અમદાવાદ મેનેજમેન્ટ એસોસીએશનના સભ્ય છે. આ સંસ્થા દ્વારા આયોજીત તજજ્ઞોના વ્યાખ્યાનો સાંભળવામાં એમની વિશેષરૂચિ છે. તદુપરાંત તેઓશ્રી લાફીંગ કલબ સંસ્થાઓના સક્રિય સભ્ય છે.

શ્રી તુલસીદાસભાઈના સંતાનોમાં બે પુત્ર અને એક પુત્રી છે. જેઓ ન્યુજર્સી - યુએસએ.માં સ્થાયી થયા છે. તેઓશ્રી પણ ત્યાં અવારનવાર જાય છે. ખાસ કરીને મે-૨૦૧૨માં એમના ધર્મપત્નીના અવસાન બાદ તેઓશ્રી વધુ સમય એમના સંતાનો સાથે યુએસએ.માં રહે છે. તેમ છતાં એમણે કચ્છશ્રુતિ અને 'સેતુ' સામયિકો સાથેનો એમનો લેખન સંબંધ પૂર્ણતઃ જાળવી રાખ્યો છે.

એમના લેખો નિયમીત મળતા રહેશે તેવી આશા સાથે, શ્રી તુલસીદાસભાઈને જ્ઞાતિસેતુ પરિવારના 'નવા વર્ષના' નૂતન વર્ષ અભિનંદન... અસ્તુ.

# પરંપરાગત કચ્છવર્ક

પી.જી. સોની 'દાસ'

કચ્છીયતને ઉજાગર કરનાર કલા-કારીગરી અને કસબ માટે કચ્છનું પાટનગર ભુજ વિશ્વ વિખ્યાત છે. કચ્છનું નકશીકામ કચ્છ વર્ક, તથા મીનાકામ બેનમૂન છે, અજોડ છે. આજે વાત કરવી છે ચાંદીનાં સુંદર, સુરેખ અને અદ્દ્ભુત નકશીકામ કચ્છવર્કની.

જરા હટકે કહી શકાય એવી આ કલા-કારીગરીના ભુજમાં માત્ર ૫ થી ૭ કારીગરો છે. એમાં મુખ્યત્વે નવીનચંદ્ર મગનલાલ પોમલ છેલ્લાં પાંત્રીસ વર્ષથી આ કલાત્મક કામ કરે છે. નવીનભાઈના બે ભાઈઓ ઘમશ્યામભાઈ આ જ કામગીરી કરે છે. તેઓ વારસાગત રીતે આ કામગીરી સંભાળે છે. એમણે અત્યાર સુધીમાં અનેક પ્રકારની આઈટમો, ચીજવસ્તુઓ ચાંદીમાંથી બનાવી છે.



નવીનભાઈએ અદ્દ્ભુત આકર્ષક કહી શકાય એવી ૧૨૫ કિ.ગ્રા. વજનની ચાંદીમાંથી પ્રણામી સંપ્રદાયનું મંદિર બનાવ્યું છે, જે હાલમાં જામનગર, ખીજડા મંદિરમાં છે. એમણે તત્કાલિન ડી.એસ.પી. કુલદીપ શર્માને વિદાય પ્રસંગે અપાયેલ કલાના ઉત્કર્ષ નમૂના રૂપ ચાંદીની કલાત્મક તલવાર બનાવી છે. જે હાલમાં કચ્છ મ્યુઝીયમમાં પ્રદર્શીત છે. ઉપરાંત નોંધ પાત્ર કહી શકાય એમાં ભુજમાં આરધના ભવન દેરાસરમાં એ.ડી.મહેતાના હસ્તે ચાંદીની આંગી તથા મુગટ, માંડવી કોટેશ્વર મંદિરના ચાંદીના દરવાજા, મુલુન્ડ (મુંબઈ)માં મહાદેવ મંદિરના ચાંદીના નાગ દેવતા તથા થાળું, તેમજ તાજેતરમાં રતડીયા તા. માંડવીના બ્રહ્મલિંગ પુ. હાંસબાઈની ચરણ પાદુકા પણ નવીનભાઈએ બનાવી છે. નવીનભાઈ જણાવે છે કે આ કામ તપસ્યા જેવું છે. એમાં લાગણીના ભાવ સાથે ધીરજ, ખંત અને નિષ્ઠાથી કામ કરવું પડે છે, તો જ એમાંથી ધાર્યું સર્જન થઈ શકે છે. ભગવાન વિશ્વકર્માને આરાધ્ય દેવ માનતા નવીનભાઈએ ઉ.દા. આપતા જણાવ્યું હતું કે ભુજના બિલેશ્વર મહાદેવના મંદિરમાં પાંચ કિલો ગ્રામ વજનની ભગવાનની ચાંદીની મૂર્તિ દૃશ્યમાન છે, જેને બનાવતાં એક વર્ષનો સમય લાગ્યો હતો. તેઓ હંમેશા સો ટચ ચાંદીમાંથી જ કલાત્મક વસ્તુઓ બનાવે છે. એવું તેમણે ભાર પૂર્વક જણાવ્યું હતું.

ચાંદીકામની આ રૂપેરી કોર સમાન ભવ્ય વસ્તુઓમાં મંદિરો, મૂર્તિઓ, મુગુટ, તલવાર, હેલ, જગ, કળશ, ગરબા, થાળી વાટકા, વગેરે ઉપરાંત ફોટોફ્રેમ, ફ્લાવર વાઝ, ટ્રોફી, મોમેન્ટો વગેરે આઈટમોને મંદિર સંસ્થાઓ કે કોઈના ઘરને શોકેશમાં પહોંચતા પહેલા જુદી જુદી પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે. નવીનભાઈના જણાવ્યા પ્રમાણે પ્રથમ શુધ્ધ ચાંદીના પતરામાંથી જે તે આઈટમો આકાર આપી એમાં લાખ કે ડામર ભરીને નક્શીકામ કરવામાં આવે છે. કોઈક આઈટમમાં અમુક જગ્યાએ રેણ કરવી પડતી હોય છે ત્યારબાદ બ્રશથી સફાઈ કરવી પડે છે. તેમાં ચમક લાવવા ઓપણી નામના ઓજારથી ઓપ આપવામાં આવે છે. આમાંની મોટાભાગની વસ્તુઓ આઈટમો કાળક્રમે જુની થવા છતાં પણ ઓગાળવી પડતી નથી.

નવીનભાઈએ પોતાની અત્યારસ સુધીની કામગીરીના સફરમાં ભુજ, માંડવી, જામનગર, મુંબઈ, અમેરીકા વગેરે શહેરોમાં આ કલા કારીગરીના ઉત્કૃષ્ટ નમૂનાઓ બનાવીને પહોંચાડ્યા છે. એમને રંજ એ વાતનો છે કે આ કલા-વારસો આ પરંપરા જાળવી રાખવા (આ કામગીરી કરવા) આજની યુવા પેઢી તૈયાર નથી. આ બાબતે તેમણે વસવસો વ્યક્ત કર્યો હતો.

ભુજના અન્ય એક આ કલાના કારીગર એવા જૂના અને જાણીતા પ્રતાપભાઈ મનસુખભાઈ પોમલનાં જણાવ્યા પ્રમાણે આજની યુવા પેઢી જો કલા-કસબ શીખવા માંગતી હોય તો તેઓ હુન્નર શાળા શર કરવા તૈયાર છે. તેઓએ નવોદિત કારીગરોને પધ્ધતિસરની તાલીમ આપીને આ કલા-વારસાને જીવંત રાખવા તત્પરતા દાખવી હતી.

ભુજ બુલિયન મરચન્ટ એસો.ના પ્રમુખ દિલીપભાઈ બગા તથા નક્શીકામ કચ્છવર્કની કગભગ તમામ ચીજ વસ્તુઓ, આઈટમોના વેપારી હર્ષદભાઈ ચનાણી તથા કૌશિકભાઈ ચનાણીના જણાવ્યા અનુસાર કચ્છવર્કની માંગ ઓછી થતી જાય છે, કારણકે ચાંદીના ભાવ ખૂબ જ ઊંચા જવાથી અને આ માત્ર ઘરની શોભા સમાન વસ્તુઓ વ્યક્તિગત લેવી કોઈને પરવડતી નથી. (હા, ધાર્મિક કે સામાજિક સંસ્થાઓમાં આની માંગ હજુ ટકી રહી છે ખરી) ઉપરાંત કારીગરોને યોગ્ય પ્રમાણમાં પર્યાપ્ત મજુરી ન મળતી હોઈ આ કામ પ્રત્યે ઉદાસીનતા સેવવામાં આવે છે.

કચ્છની આ ઘરોહર સમાન અને કચ્છીયતને ઉજાગર કરતી પરંપરાગત આ કલા-વારસાને સાચવવાની-જાળવવાની તાતી જરૂર છે. નહીંતર આવનારી પેઢી આ કલા કસબને એન્ટીક પીસ તરીકે મ્યુઝીયમમાં નિહાળી શકશે.

# સંધિવાત-સાંધા એટલા વાંધા

ડૉ. પ્રીતી પોમલ-થાણા

બાલ્યકાળથી માંડીને ઠેઠ વૃદ્ધાવસ્થા સુધી સર્વ અવસ્થાને માનવજાતને અપંગ બનાવતો રોગ તે સંધિવાત. અંગ્રેજીમાં તેને Rheumatism કહેવામાં આવે છે. Rheum એટલે પ્રવાહનું વહેણ જલપ્રવાહ એટલે હવામાં જલ - ભેજનો આદ્ર અતિરેક અને ઠંડક જે સાંધાને જકડી લે છે. શરીરમાં વાત પ્રકૃતિ હોય તો સાંધા જકડાય છે. અને ગતિમાં અવરોધ પેદા થાય છે. શરીરનું સંરક્ષક રોગપ્રતિકાર તંત્ર આડમાર્ગે દોરવાઇ સુરક્ષક તત્વોને સાંધાને વિકૃત બનાવતો સંધિવાત. વયનો ઘસારો હાડકા તથા સ્નાયુને દુર્બળ બનાવી શેષ યાત્રાને વેગુ બનાવે.

સાંધાઓનો સદુપયોગ માનવીને ગતિશીલ અને કાર્યનિષ્ઠ બનાવે ત્યારે એનો અતિરેક યા નિરુપયોગ અથવા વિકૃત દુરુપયોગ સાંધાના કાર્યક્ષમતાને ખોટવી એમાં અકડાઇ અને દર્દ પેદા કરે. સંધિવાત અનેક પ્રકારના કારણોથી થાય છે. આ રોગ વારસાગત, ભેજ, અપૂરતા ખોરાક પર નિર્ભર રહે છે.

**દુઃખાવાના કારણો :**

**૧. ચેપી સંધિવાત :** Infective Arthritis સૂક્ષ્મ જંતુ અને વિષાણુનો ચેપ સાંધા સુધી ફેલાઈ જાય. પુખ્ત વયે ચાંદી જેવા ગુપ્ત રોગ હાથપગના સાંધા સુધી પહોંચી શકે છે.

**૨. વાતજ્વર :** Rheumatic Fever પાંચથી પંદર વર્ષના બાળકને ગળાના કાકડાના સૂજનથી થાય છે. ઉગ્ર તાવ સહિત શરીરના એક પછી એક સાંધાને સૂજન, લાલાશ, દર્દ સહિત જકડી, દર્દીને હલનચલનને મુશ્કેલ બનાવે છે. એમાંય હૃદય ઝડપાય તો ગંભીર પરિસ્થિતિ સર્જાય.

**૩. વિકૃતિજનક સંધિવાત :** Rheumatoid Arthritis શરીરની રોગપ્રતિકારક શક્તિમાં થતા બદલાવને લીધે સંધિવા થાય. આ રોગ વારસાગત હોઈ સંવેદનશીલ સ્ત્રીઓને વધુ પીડે છે. અશક્તિ અને થાક સાથે વજનમાં ઘટાડો અને હાથપગમાં ઝણઝણાટી થાય. એકથી અનેક સાંધા, સુધીની ધીરી ગતિએ સાંધાઓને સ્થગિત કરે છે. સાંધામાં સોજો હાડકાને ઢાંકતી ચામડી નીચે ગાંઠો, હલનચલનને અત્યંત મુશ્કેલ બનાવી દર્દીને પાંગળો બનાવી દે છે.

**૪. ઉર્ધ્વગામી સંધિવાત :** શરીરના નાના સાંધામાં આ રોગ થાય છે. શરીરની ચયાપચયની ક્રિયામાં થતી અવસ્થાને લીધે થતો રોગ, ગઠિયો વા. પગના લાલ સૂજતા અંગુઠાથી આ રોગ આરંભી, ધીરે ધીરે પગની ઘૂંટી ઢીંચણ, હાથના કાંડા - કોણીને જકડે છે. રક્તમાં યુરિક એસિડનું પ્રમાણ વધે છે.

**૫. Osteo Arthritis** વનપ્રવેશ સાથે સ્નાયુ સાંધી થાકવા માંડે ત્યારે સંધિવાત થાય. ઉંમરને લીધે સાંધાની ગાદીમાં ઘસારો જોવા મળે છે અને આ રોગ લાગુ પડે છે. શરીરના મોટા સાંધા-પગ-હાથ કમર પર અસર થાય. સવાર પડતા ઢીંચણ જકડાય અને ઉઠીને ઉભા થવું જ મુશ્કેલ બને. થોડી હાલચાલ પછી સરળતા વર્તાય. કેલ્શિયમની ખોટથી હાડકા પોલા બની જાય.

**૬.** બાળકોના જોવા મળતો સંધિવા - **Juvenile Rheumatoid Arthritis**

**૭.** સાંધીનો ચેપ લાગવાથી સાંધાની ગાદી ખરાબ થઈ જવાથી જેમ કે : સાંધાનો ટી.બી થી રોગ થાય.

**૮.** લોહી ગંઠાવાની ક્રિયા ન થતી હોય તેવા લોકોમાં (Hemophilia) ગોઠણમાં લોહી ભરવાથી સાંધા ખરાબ થઈ દુઃખાવો કરે છે.

**૯.** અકસ્માતમાં કે અન્ય રીતે સાંધાના હાડકા તથા સાંધાના સ્નાયુઓમાં થયેલ ઈજાને કારણે સાંધામાં થતો દુઃખાવો એકાએક બ્રેક દાબી ગાડીને અટકાવતા લાગતો ધક્કો, ખાડાવાળા રસ્તા પર ઉછળતી રિક્ષાનો કૂદકો ભારી વજન ઉઠાવવું, લીસી ફરસ પર લપસી જવું, ગાલીચાની ધૂળ ઝાટકતી આવા અનેક ઈજા અકસ્માત, ઝટકા સાથે દર્દનો આરંભ થાય છે. તે સ્નાયુ અને હાડકાનો -ઘસારો એમાં સદ્‌ભાગી બની દર્દ આરંભે. સ્પર્ધા સંઘર્ષ, ભીંસ-ભીંડભર્યા આધુનિક યુગની તાણનો અવિશેષ આવિર્ભાવ ગણાય.

**૧૦. સાંધાની ગાદીમાં થતો ઘસારો :** આ બધા કારણોમાં ઉંમરને લીધે થતો ઘસારો એ સૌથી વધારે જોવા મળતું કારણ હોય છે. તે હાડકાંના મણકાની વચ્ચે નરમ કૂર્ચાની ગાદી કરોડને વળાંક અને ગતિ આપી, મણકાને એકબીજા સાથે ઘસાઈ ચડભડતા અડકાવી કરોડના પોલાણમાં વહેતી કરોડરજ્જુનું રક્ષણ કરે છે.

બે મણકાની વચ્ચેથી કરોડરજ્જુની શાખાઓ રૂપી જ્ઞાનતંતુઓ સમગ્ર શરીરને ચેતના સંવેદના આપે છે અને હાથપગ જેવા અવયવોને ગતિ આપે છે. હલનચલનના આઘાત, પ્રત્યાઘાત સહિત વધતી વયના ઘસારાથી કુર્ચાની ગાદી ઘસાતી - ખવાતી જાય ત્યારે આ જ્ઞાનતંતુઓ પર દબાણ આવી જાય છે તે Spondulitis. ગાદી ઘસાઈ - ઘસાઈને સાંકડી થતી કુર્ચાની ગાદી સરકી પડે ત્યારે અત્યંત વેદનાજનક બિમારી તે Slip Disc. આ પ્રકારની વિકૃતિ કમરના ઉપરના ભાગ ડોકના

ભાગમાં થાય તે Cervical Spondulitis કહેવાય. જેમાં દર્દ ખભા, હાથ, કોણી, આંગળા સુધી વિસ્તરે. જ્યારે કમરના મણકાની વિકૃતિ Lumbar Spondulitis ને નામે ઓળખાય અને કમર થાપામાં દર્દ એક યા બંને પગમાં ફેલાય.

દર્દના સ્થાન અને વિસ્તારનો આધાર કરોડના ક્યા મણકાઓ વચ્ચેની ગાદી ઘસાઈ તેના પર અવલંબે છે. જ્ઞાનતંતુઓમાં વેદના, ખેંચ, ઝાટકા, બળતરા, ઝણઝણાટી ક્યારેક માથું ભમી ઉઠે, હાથમાં પીડા થાય.

**૧૧. મેદસ્વીપણું :** વધારે વજન એ સાંધાના ઘસારામાં સૌથી મહત્વનું પરિબળ છે.

**૧૨. બેઠાડું જીવન અન કસરતનો અભાવ :** સતત પગ વાળીને બેસવાનું થતું હોય તેવા લોકોના જેમ કે મોચી, દરજી, કોમ્પ્યુટર ઓપરેટર કે આળસને કારણે બેઠાડું જીવન ગાળતા લોકોમાં સાંધાનો ઘસારો વધારે જોવા મળે છે.

**૧૩. શારીરિક રોગો :** જેવા કે જન્મજાત ખોડખાંપણ, જન્મજાત પગ ત્રાંસા હોય, થાપામાંથી સાંધો છટકી જવો, વધુ પડતા બરડ તથા પોચાં હાડકા હોવા વગેરે કિસ્સાઓમાં 'મીકેનીકલ સ્ટ્રેસ' ને લીધે સાંધાનો ઘસારો વહેલો જોવા મળે છે.

**૧૪. સાંધાના હાડકાનું ફેકચર થવાથી :** સાંધાના સ્નાયુ તથા ગાદીમાં ઈજા થવાથી અથવા સાંધાનું સમતોલન (એલાઈમેન્ટ) બદલાઈ જવાથી પણ સાંધાનો ઘસારો વહેલો લાગુ પડે છે.

**દર્દીને થતી ફરિયાદ કે તકલીફો :** મોટા ભાગે ગોઠણની અંદરના ભાગમાં તથા પાછળના ભાગમાં દુખાવાની ફરિયાદ જોવા મળે છે. સાંધામાં ચાલતી વખતે કે પગથિયા ચડતી ઉતરતી વખતે અવાજ આવે છે. પલાંઠી વાળીને કે ઉભડક પગે બેસીને ઉભા થતી વખતે ખૂબ જ દુઃખાવો થાય છે. સાંધા સુજી પણ જાય.

સાંધાની આસપાસના સ્નાયુઓમાં અથવા માંસપેશીઓમાં પણ દુઃખાવો થાય છે. સાંધાનું હલનચલન ઘટી જાય છે અને જો બળપૂર્વક કરવામાં આવે તો પીડા ઊભી કરે છે. ઘણા કિસ્સાઓમાં સાંધામાં પાણી ભરાઈ જાય છે. આગળ વધતુ જાય તેમ તેમ દર્દીને આરામના સમયે પણ દુઃખાવો થાય છે. દર્દી જ્યારે ચાલી શકતો નથી. દર્દીને રોજબરોજની શારીરિક ક્રિયાઓમાં પણ તકલીફ પડે છે. જેમ કે ટોયલેટમાંથી ઊભા થવું પલાઠીવાળી કે ઉભડક પગે બેસવું, પગથિયા ચડવા ઉતરવા વગેરે. પગ ત્રાંસા પડે છે. ઝડપથી ચાલી શકાતું નથી તથા પડી જવાની બીક રહ્યા કરે છે. પગમાં સતત સોજો રહ્યા કરે છે.

**સારવાર :**

**૧. દર્દીએ રાખવી જોઈતી પરેજી તથા ખાનપાનનું મહત્વ :** ફક્ત દવાઓ લેવામાં આવે તો દર્દ કાબૂમાં આવતું નથી. આ માટે દર્દીએ પલાંઠી વાળી કે ઊભા પગે ન બેસવું જોઈએ, ખરાબ રસ્તા પર ન ચાલવું જોઈએ, હાથમાં વજન ઉચકી ન ચાલવું, વારંવાર પગથિયા ચડવા ઉતરવા કે વાહનમાંથી ચડવું ઉતરવું પણ સલાહ ભરેલું નથી. ઉભા સંડાસનો ઉપયોગ કરવો જોઈએ. જમીન પર બેસવું પણ સલાહ ભરેલું નથી.

**૨. કસરત :** કસરત કરવાથી ઘણા બધા લાભ થાય છે. કસરત કરવાથી લોહીનું પરિભ્રમણ સુધરે છે. શરીર સ્ફૂર્તિ અને તાજગી અનુભવે છે. દુઃખાવો થવા માટે જવાબદાર રાસાયણિક પદાર્થો નીકળી જાય છે. આપણા શરીરનું વજન આપણા સાંધાઓ ઝીલતા હોય છે. સાંધાની આસપાસના સ્નાયુઓ સમતોલનનું કાર્ય કરે છે. કસરત કરવાથી આ સ્નાયુઓ મજબૂત બને છે. જેથી સાંધા પર વજનને લીધે પડતો માર ઓછો પડે છે.

સાંધાની ગાદીમાં લોહીની નળીઓ હોતી નથી. ગાદીનુ પોષણ સાંધાના હલનચલન દરમિયાન સાંધામાંના પ્રવાહીમાંથી મેળવવામાં આવે છે. કસરત કરવાથી આ પ્રવાહીનું પરિભ્રમણ વધે છે અને ગાદીને સારું પોષણ મળે છે.

આ ઉપરાંત, કસરત કરવાથી હાડકામાં આપોઆપ કેલ્શિયમ જમા થાય છે, જેથી હાડકા પોચા થતા અટકે છે. શરીરમાં વધારાની ચરબી ઓછી થાય છે તથા શરીરનું વજન કાબુમાં રહે છે. શરીરમાં સ્નાયુઓની સ્થિતિસ્થાપકતા વધે છે.

ચાલવાનું, તરવાનું, સાઈકલીંગ વગેરે કસરતો ફાયદાકારક છે.

**૩. ગરમ પાટો - મોજુ - શેક :** સાંધો સોજો કરી ગયેલ હોય તો સાંધાને આરામ મળે એ માટે પાટો (crepe bandage) આપવામાં આ છે. સાંધાનું મોજુ (knee cap) પણ આપવામાં આવે છે.

સાંધામાં સોજો વધારે આવેલ હોય તો તેવા કિસ્સામાં પુરતા આરામ સાથે ફિઝીયોથેરાપીસ્ટ પાસેથી શેક લેવાની સલાહ આપવામાં આવે છે. આ સારવારમાં મશીન દ્વારા અમુક કિરણોથી સાંધાને ગરમી આપવામાં આવે છે. જે લોહીનું પરિભ્રમણ સુધારી દુઃખાવા માટે જવાબદાર રાસાયણિક પદાર્થોને દૂર કરી દે છે.


**સંધિવાતની હોમિયોપેથી ઔષધિ :** સંધિવાતને મૂલવવાની હોમિયોપેથીની આગવી સમજ છે. પ્રકૃતિગત ચિકિત્સા એ હોમિયોપેથીમાં અંતિમ ધ્યેય છે. કેટલીક હોમિયોપેથીક ઔષધિઓ તત્કાળ અને સમયે સમયે રાહત જરૂર આપશે. હોમિયોપેથિક ઔષધિ મૂળ દોષને નષ્ટ કરી સંધિવાતની પકડને ઢીલી કરી શકે. ઔષધિઓ થકી ઉપચાર ઉપરાંત આપણા શરીરની ગતિ અવગતિની સાચી સમજનો પણ સ્નાયુ તથા અસ્થિબંધની વિકૃતિને અટકાવવા તથા નિવારવામાં મોટો ફાળો છે.

રસટોક્ષ, બ્રાયોનિમા આલ્બા કોસ્ટિકમ, કોલ્ચીકમ, કાલમિયા લેટિફોલિયા, સેગ્વિનેરિયા, કેનેડેન્સિસ, મેડોરાઈનમ વગેરે હોમિયોપેથી ઔષધિઓ સારી અસર કરે છે.

# એક અનોખું વ્યક્તિત્વ...

## ગોરશ્રી સુમનલાલ ત્રંબકલાલ વ્યાસ

– મનુભાઈ કોટડીયા



સમસ્ત મારૂ કંસારા સોની જ્ઞાતિના ગોર શ્રી સુમનલાલ વ્યાસ આપણી વચ્ચે નથી, એ મનાતું જ નથી. કેટલી-કેટલી સ્મૃતિઓ... પ્રસંગો... ઘટનાઓ... પળો સિનેમાની પટ્ટીની જેમ પસાર થઈ જાય છે.

તા. ૨૧-૩-૧૯૩૬ના રોજ જન્મીને ૭૮ વર્ષની માતબર જિંદગી જીવી જનાર શ્રી સુમનલાલ વ્યાસ સંસાર ત્યજીને તા. ૧-૧૧-૨૦૧૪ના રોજ આપણા સૌ વચ્ચેથી વિદાય થયા.

જીવન ઘડતરના પ્રથમ તબક્કામાં ઓલ્ડ એસ.એસ.સી. પાસ કરી તેમણે કલકત્તા પાસે એરક્રાફ્ટ મેઈન્ટેનન્સ એન્જીનીયરીંગ કોર્ષમાં પ્રવેશ મેળવેલ હતો. પરંતુ સંજોગવસાત કૌટુંબિક કારણોસર અભ્યાસ અધવચ્ચે છોડી ભુજ પરત આવવું પડ્યું હતું.

'મોરના ઈંડાને ચિતરવા ન પડે' તે ઉક્તિ મુજબ વારસાગત મળેલ સંસ્કારો અને તેમના પિતાશ્રી ત્રંબકલાલ (બચુગોર) (કે જેઓ તત્કાલિન જ્ઞાતિ ગોર હતા)ની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ માત્ર બાર વર્ષની નાની વયમાં જ કર્મકાંડ અને જ્યોતિષ વિદ્યામાં તેઓએ પ્રાવિણ્ય હાંસલ કરેલ તેથી કલકત્તાથી પરત આવ્યા બાદ આ બંને ક્ષેત્રોમાં તેઓ પોતાના પિતાશ્રીના સહયોગી બન્યા. સાથે સાથે ગ્વાલિયરની સંસ્થા દ્વારા લેવાતી 'જ્યોતિષ માર્તંડ' ની પરીક્ષા આપી તેમાં જ્વલંત સિદ્ધિ મેળવી પ્રમાણપત્ર હાંસલ કરેલ.

પસંદગી સમિતિ દ્વારા પસંદગી પામીને તેઓશ્રી ભુજ નગરપાલિકામાં કર્મચારી તરીકે જોડાયા. ત્યાં પણ તેઓએ વિવિધ શાખાઓમાં પોતાની કામગીરી દક્ષતાપૂર્વક બજાવી પોતાની કાર્યપદ્ધતિ અને મિલનસાર સ્વભાવથી સર્વે સહકર્મચારીઓ-અધિકારીઓ-પદાધિકારીઓ અને લોકોમાં ચાહના મેળવી હતી.

**ભાવાંજલી**

'જ્ઞાતિસેતુ'ના પ્રથમ અંકનું વિમોચન પૂ. સુમનગોરના વરદ્ હસ્તે (અંજારના પૂ. કનકગોરની સાથે) થયું હતું. ત્યારથી આજ પર્યંત સમયાંતરે સેતુને એમના આશિષ મળતા જ રહ્યા છે. ગત જૂન માસમાં સેતુ દશાબ્દી સમારોહ દરમ્યાન પણ એમના 'સેતુ'ને એમના આશીર્વાદ સાંપડ્યા હતા, જે સેતુ પરિવારનું સદ્ભાગ્ય રહ્યું છે.

'સેતુ' પરિવાર પૂ. સુમન ગોરના પરમ આત્માને ચરમ શાંતિ પ્રાપ્ત થાય તેમજ એમના પરિવાર સ્નેહી સંબંધી તેમજ આપણા સમાજના સર્વે સભ્યોને એમની ખોટ સહન કરવાની શક્તિ આપે તેવી પ્રાર્થના સહ નમ્ર શોકાંજલી અર્પણ કરે છે. - **જ્ઞાતિસેતુ પરિવાર**

આગામી ડિસેમ્બર-૧૪માં યોજનાર જ્ઞાતિના સમુહલગ્નોનું આયોજન હાલે થઈ રહ્યું છે ત્યારે અગાઉના ગત વર્ષ સુધીના સમુહલગ્નોમાં શ્રી સુમનલાલ ગોરની રાહબરી હેઠળ અને એમની સાથે પસાર કરેલ કેટલીક ચિરંજીવી ક્ષણોમાંથી પસાર થવાનું મન દરેક જ્ઞાતિજનને ફરી ફરીને થયા કરે તે સ્વાભાવિક છે. કારણકે આ ક્ષણોએ આપણને સૌને ભીતરથી સમૃદ્ધ કર્યા છે, તેને યાદ કરતાં આનંદ અનુભવાય છે પણ એ ક્ષણો અતિતનો એકભાગ બની ગઈ છે તેનો ખ્યાલ આપણને વિષાદથી ભરી દે છે. શ્રી ત્ર્યંબકલાલ વ્યાસ (બચુગોર)ના આચાર્યપદ હેઠળ શ્રી મારૂ કંસારા સોની જ્ઞાતિએ શરૂ કરેલ પ્રથમ સમુહ લગ્નથી ઈ.સ. ૧૯૯૦ સુધી યોજાયેલ તમામ સમુહલગ્નોમાં શ્રી સુમનલાલ ગોરે સહાયક આચાર્ય તરીકે સુંદર સેવા બજાવેલ હતી.

તા. ૧૪-૧-૧૯૯૧ના રોજ ગોરશ્રી ત્ર્યંબકલાલ (બચુગોર) નો સ્વર્ગવાસ થવાથી ત્યાર બાદ શ્રી સુમનલાલ ગોરના આચાર્યપદે ગત વર્ષ સુધીના સમુહલગ્નોના આયોજનો સુપેરે પાર પડેલ છે. આમ જ્ઞાતિ દ્વારા આયોજીત પ્રથમ સમુહલગ્નથી અઠ્યાવીસમાં સમુહલગ્નના આયોજનોમાં શ્રી સુમનલાલ ગોરનો સક્રિય અને રચનાત્મક સહયોગ સાંપડ્યો છે. સમુહલગ્નો સમયે મુખ્ય આચાર્ય તરીકે અન્ય સહઆચાર્યો પાસેથી તેમની કામ લેવાની આગવી આવડત, કોઠાસૂઝ, ત્વરિત નિર્ણય શક્તિ, શાસ્ત્રીય કુનેહ અને શાસ્ત્રોક્ત નીતિ નિયમો સાથે લગ્નવિધિ અનુશાસનનો આગ્રહ રાખનાર શ્રી સુમનલાલ ગોર લગ્નમુહુર્તના સમયપાલનના ચુસ્ત આગ્રહી રહેતા હતા.

શ્રીમદ્ ભાગવત પારાયણ, રૂદ્રી પાઠ, ચંડી પાઠ, રાંદલ, સત્યનારાયણની કથા, ગીતાપઠન, વિવિધ અનુષ્ઠાનો જેવી

અનેક ધાર્મિક વિધિઓમાં તેઓની પારંગતતા હતી. તે દ્વારા તેમણે જ્ઞાતિજનોમાં ધાર્મિક, શ્રદ્ધા, કાર્યનિષ્ઠા, સચ્ચાઈ, પ્રામાણિકતા જેવા ગુણો વિકસે તે માટે સ્તુત્ય પ્રયાસ કર્યો હતો.

શ્રી સુમનલાલ ગોર એક કુશળ કર્મકાંડી ઉપરાંત કુશળ-વિદ્વાન જ્યોતિષાચાર્ય પણ હતા. ગાણિતીક જ્યોતિષ શાસ્ત્રમાં નિપુર્ણતા અને કોઈપણ સમસ્યાનું પ્રશ્ન કુંડલી દ્વારા સચોટ નિદાન કરવું એ તેઓની આગવી વિશિષ્ટ સિદ્ધિઓ હતી. જ્યોતિષ ફલાદેશ તથા કર્મકાંડ ક્ષેત્રે માત્ર મારૂ કંસારા સોની જ્ઞાતિમાં જ નહીં પરંતુ અન્ય જ્ઞાતિ સમુદાયોના દેશ-વિદેશમા વસતા લોકોમાં પણ બહોળી ખ્યાતિ મેળવી હતી. તેઓ દ્રઢપણે માનતા કે કર્મકાંડ અને જ્યોતિષશાસ્ત્રમાં માત્ર થોથાંસૂઝ કામ ન આવે, કેટલુંક તો કોઠાસૂઝ અને આધ્યાત્મિક સાધનાથી ઉકલે.

મારૂ કંસારા સોની જ્ઞાતિના ગોરપદે શ્રી સુમનલાલ ગોરે પંદરમી પેઢીએ ગોરપદુ પ્રાપ્ત કરેલ. ઈ.સ. ૧૬૪૦માં પ્રથમ પેડીના ગોર તરીકે શ્રી ગાંગજીભાઈ ગોર બિરાજેલ હતા. ઈ.સ. ૨૦૦૧ની જાન્યુઆરીની ૨૬મી તારીખે કચ્છમાં આવેલ ભૂકંપમાં નાશ પામેલ જ્ઞાતિના કુળદેવી મહાકાલીમાનું મંદિર ઈ.સ. ૨૦૦૭માં પુનઃનિર્માણ પામતા તેમાં માતાજી તેમજ અન્ય દેવોની મૂર્તિઓની પુનઃપ્રાણપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન શ્રી સુમનલાલ ગોરના આચાર્યપદે જ્ઞાતિ તરફથી થયેલ. ઈ.સ. ૧૯૮૬માં જ્ઞાતિ દ્વારા શ્રી સુમનભાઈ ગોરના આચાર્ય પદે મહાકાલી મંદિરમાં શતચંડી યજ્ઞનું આયોજન થયેલું. ભૂકંપ બાદ ઈ.સ. ૨૦૦૬માં નવનિર્મિત ભુજ હવાઈ મથકના લોકાર્પણ વિધિમાં પણ શ્રી સુમનલાલ ગોરની સેવાઓ લેવાઈ હતી.

શ્રી સુમનલાલ ગોર મોટો પરિવાર મુક્તા ગયા છે. ગં.સ્વ. રશ્મિબેન (ધર્મપત્ની), શ્રી મૈત્રેય (મધુસુદન) (પુત્ર), કુ. દક્ષા (પુત્રી), ચિ. વરૂણ અને ચિ. દેવ (પૌત્રો), શ્રીમતી કેતકી (પુત્રવધુ) તેઓને માટે તેમનું વાત્સલ્ય નિરંતર અને અખંડ વહ્યા કરતું હતું તેનો હવે ખાલીપો જરૂર લાગશે, પરંતુ હરિનામ સ્મરણથી જ એ ખાલીપો સહન કરવાનું બળ મળશે. દિવંગત્ આત્મા ચિર શાંતિ પ્રાપ્ત કરે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના કરીએ.

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

બુજ ગયા ચિરાગ, મગર રોશની ઉનકી રહ ગઈ !

ચલ બસી જિંદગાની, મગર યાદ ઉનકી રહ ગઈ !!

**ગૌરવ**

# અમેરિકન વિશ્વવિદ્યાલયમાં ભગવદ્ ગીતા

**– ભાણજી ચુનીલાલ સોની-નાગપુર**

આપણા દેશમાં ભગવદ્ગીતાનું અધ્યયન-અધ્યાપન કેટલે અંશે છે એ તો દેખાઈ જ આવે છે, પરંતુ અદેખાઈ આવે એવું કંઈક અમેરિકામાં છે. ત્યાં ન્યુજર્સીમાં એક વિશ્વવિદ્યાલય છે. 'સેટન હોલ યુનિવર્સિટી'. અહીં ભણતા વિદ્યાર્થીઓ માટે ગીતાનું અધ્યયન ફરજીયાત છે. ભારત સરકાર તથા રાજ્યોના શિક્ષણ વિભાગે આ બાબત ખાસ નોંધી લેવી જોઈએ. જે શિક્ષણ સંસ્થા આ પાઠ્યક્રમ ચલાવે છે, એ પોતે રોમન કેથોલિક છે. ત્યાં એક પણ હિંદુ શિક્ષક નથી. સ્ટિફેન ઈ. માઈકલ નામના એક વિદ્વાને ગીતાનો અનુવાદ કર્યો છે.

અગાઉ અમેરિકન સાહિત્યકાર જેવા કે ઈમર્સન, થોરીઓ, ટી.એસ. ઈલિયેટ વગેરે અનેક સાહિત્યકારોએ ગીતાના જ્ઞાન અને તેના આચરણની ફિલોસોફીને અમૂલ્ય નિધી તરીકે ગણાવી હતી. ત્યાંના લાયબ્રેરીઓમાં આ વિદ્વાનોએ ગીતાની પુષ્કળ નકલો ઉપલબ્ધ પણ કરાવી હતી. તાજેતરમાં વડાપ્રધાન મોદીએ ગીતા પર લખેલું મહાત્મા ગાંધીનું પુસ્તક ભેટ ધર્યું હતું.

લગભગ ૧૨૦ વર્ષ પૂર્વે સ્વામી વિવેકાનંદ એક ભવિષ્યવાણી કરી ગયા, એ આજ સાચી ઠરે છે. એમણે અમેરિકામાં સર્વ પ્રથમ ગીતાના ઉપદેશ વહેતા મૂક્યા હતા. અને કહ્યું હતું કે ભૌતિકવાદી, ભોગવાદી અમેરિકા, આગળ જતા અધ્યાત્મ માર્ગે અવશ્ય અગ્રેસર થશે. સેટનહોલ યુનિવર્સિટી ન્યુજર્સી એ આ વાત આજે સાબિત કરી છે.

ખરી રીતે આ વિશ્વવિદ્યાલયની પ્રબંધ કમિટી એક એવા પાઠ્યક્રમની શોધમાં હતી, જે જીવનની હકારાત્મક શક્તિઓને પ્રેરે તથા પ્રભાવિત કરે ! વિદ્યાર્થીઓને હંમેશા મુંઝવતા સવાલોનું સચોટ અને સ્થાયી સમાધાન ગીતા આપી શકે છે. એવો સમિતિને અહસાસ થયો. ગીતામાં હર મુશ્કેલીનો ઉકેલ છે. ૧૮ અધ્યાય આવરી લેતા આ કોર્સનું નામ છે. 'The Journey of Transformation'

'જ્ઞાતિસેતુ' ના વાચકો, ચાહકો તથા વિજ્ઞાપન દાતાઓને આ સાથે અનુરોધ કરવા માગું છું કે, જો ધારાવાહિક મહાભારતમાં આપે શ્રીકૃષ્ણ - અર્જુન સંવાદવાળો એપીસોડ જોયો ન હોય તો (You-Tube) 'યુ-ટ્યુબ' પર જરૂર જોઈ લેશો. એમાં નિતીશ ભારદ્વાજે કૃષ્ણનો જે આબેહુબ અભિનય કર્યો છે અને અર્જુનને સંબોધીને જે વચનો કહ્યા છે એ આપણે યુવાન પેઢીને પણ બતાવવા જોઈએ, જેથી એમને કોઈક વાર થતી હતાશા, ટેન્શન કે કિંકર્તવ્યમૂઢ જેવી દશાથી મુક્તિ મળે.

# સ્વીટ ડિસીઝ

કુ. સુધા બુદ્ધભટ્ટી

**ભાવતા ભોજન - એપેટાઈઝર્સ :** સામાન્યતઃ આપણે એપેટાઈઝર્સ શબ્દથી માહિતગાર છીએ. એપેટાઈઝર્સ ચટપટા અને નમકીન હોય છે. અને તે ઠંડાપીણાની સાથે આપવામાં આવે છે. ભોજનની શરૂઆતમાં ભૂખને ઉત્તેજીત કરતા એપેટાઈઝર્સ દેખાવમાં આકર્ષક અને ચટપટા હોય છે આવી વસ્તુ એવા પ્રકારની હોવી જોઈએ કે જે નાની અને સહેલાઈથી ખાઈ શકાય એ ભોજનના સમય પહેલા બનાવી શકાય. તો ચાલો આપણે પણ આવા અવનવા એપેટાઈઝર્સ બનાવીએ.

★ **પનીર સ્નેક્સ :**

**સામગ્રી :** ૨૦૦ ગ્રામ કડક પનીર, ૧ કપ મેંદો, પ્રમાણસર મીઠુ, તળવા માટે તેલ, મસાલા માટે (પ્રમાણસર મીઠુ, મરચું-લાલ, આમચુર પાવડર, અજમાનું પાવડર)

**બનાવવાની રીત :** સૌ પ્રથમ પનીરના નાના ટુકડા કરવા મેંદામાં મીઠુ અને પાણી નાખી ઘટ્ટ ખીરૂ બનાવવું ત્યારબાદ મેંદાના આ ખીરામાં પનીરના ટુકડા નાખી તે ગરમ તેલમાં તળવા અને ઉપરોક્ત મસાલો (મીઠું, મરચું, આમચુર, અજમાનું મિશ્રણ)માં રગદોળવા અને પ્લેટમાં દરેક પીસ ગોઠવવા. દરેક ટુકડામાં ટુથપીક લગાવી ગરમ પીરસવા.

એજ રીતે પનીરને બદલે બટેટાનો ઉપયોગ પણ કરી શકાય. બટેટાને બાફી ટુકડા કરી ગરમ ઘીમાં તળી તૈયાર કરેલા મસાલામાં રગદોળી ટુથપીક લગાવી પીરસવા.

**ખારા બિસ્કીટ પર કટલેસનું ટોપીંગ :** આ એક ચટપટી અને મસાલેદાર વાનગી આપેલ છે.

**સામગ્રી :** ૨ પેકેટ મોનેકો અથવા ક્રેકજેક બિસ્કીટ, ૧ નાનો પેકેટ મેગી (મસાલા સાથે) ૨ કપ બાફેલા શાકભાજી (જેમાં પ્રમાણસર ડુંગળી, ગાજર, ફણસી, કેપ્સીકમ, કોબીજ, આદુ, કોથમીર) ૧ ટે. સ્પુન ટામેટા કેચપ, ફુદીનાના ઝીણા સમારેલા પાન, મીઠુ, ૧ ટે. સ્પુન ઘી, ખમાણેલુ ચીઝ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ શાકભાજીને બારીક સમારી ઘી માં સાંતળવા ત્યારબાદ તેમાં મેગી (મસાલા સાથે) મીઠુ, ટામેટા કેચપ નાખી ખુબ હલાવવું અને આ મિશ્રણને ઠંડુ થવા દેવું. સર્વ કરતી વખતે દરેક બિસ્કિટ પર મેગીનું મિશ્રણ લગાવી તેના પર જીણા સમારેલા ફુદીનાના પાન અને ચીઝ ભભરાવી સર્વ કરવું. આ મિશ્રણને કેનેપમાં ભરીને પણ સર્વ કરી શકાય છે.

**સ્પેગેટી બોલ્સ – સામગ્રી :** ૨ કપ સ્પેગેટી, ૨ કપ દુધ, ૩ટે. સ્પુન માખણ, ૪ ટે. સ્પુન મેંદો, ૧૦૦ ગ્રામ ખમણેલું ચીઝ, ૩ બારીક સમારેલા લીલા મરચાં, ૧ ટે. સ્પુન કોથમીર (બારીક સમારેલ) ૧ કપ મેંદો, પ્રમાણસર બ્રેડક્મ્સ, તળવા માટે તેલ, પ્રમાણસર મીઠુ, પીરસવા માટે ટામેટા કેચપ.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ એક જાડા વાસણમાં માખણ પીગાળવું તેમાં ૪ટે. સ્પુન મેંદો નાખી શેકવું ત્યારબાદ તેમાં દુધ નાખી મિશ્રમ કઠણ થાય ત્યાં સુધી હલાવવું અને એ ઠંડુ કરવું ઠંડા કરેલ મેંદાના મિશ્રણમાં સ્પેગેટી, લીલા મરચા, કોથમીર, ચીઝ, મીઠું નાખી તેના નાના બોલ્સ બળવા. અને સાઈડમાં મુકવા.

ત્યાર બાદ ૧/૨ કપ મેંદામાં પ્રમાણસર પાણી મીઠું નાખી પેસ્ટ બનાવવી. બોલ્સને આ પેસ્ટમાં બોળી, બ્રેડક્મ્સમાં રગદોળી ગરમ તેલમાં તળવા. આ બોલ્સને ટામેટા કેચપ સાથે ગરમ પીરસવા.

**બ્રેડના ભજીયા : સામગ્રી :** ૧ પેકેટ (મિડિયમ સાઈઝનું) બ્રેડ, ૧/૨ કપ દહીં, ૧ ૧/૨ કપ ચણાનો લોટ, સ્વાદનુસાર આદુ, મરચા, કોથમીરની પેસ્ટ, મીઠું, મરચું, હીંગ, ગરમ મસાલો.

**બનાવવાની રીત :** સૌ પ્રથમ બ્રેડનો ઉપરનો કડક ભાગ કાઢી બ્રેડના જીણા ટુકડા કરવા. તેમાં દહીં થોડું પાણી નાખી પલાળવું અને ૧ કલાક રહેવા દેવું ત્યારબાદ તેમાં મીઠું, મરચું, હીંગ, ગરમ મસાલો, આદુ, મરચાં, ધાણાની પેસ્ટ, ચણાનો લોટ નાખી ખુબ હલાવવું. જરૂર પડે તો થોડું પાણી નાખી એક એક ચમચીનું મિશ્રણ ગરમ તેલમાં નાખી તળવું અને ગરમાગરમ પીરસવા. આ વાનગી કોઈપણ પ્રસંગે આપી શકાય છે.

**ચિલ્લા રોલ : સામગ્રી :** ૨ કપ મોગર દાળ, ૨ મોટી ડુંગળી, ૪૦૦ ગ્રામ ખમણેલું પનીર, ૨ ક્યુબ ચીઝ, ૩ ટે. સ્પુન નાળિયેરનું ખમણ, ૩ ટે. સ્પુન જીણા સમારેલા આદુ મરચાં, ૨ ટે. સ્પુન (અલગ) આદુ, મરચાં, કોથમીર પીસેલી, ૩ ટે. સ્પુન ચાટ મસાલો, પ્રમાણસર મીઠું, મરચું, તેલ, ગ્રીન ચટણી, ખાટી મીઠી ચટણી.

**બનાવવાની રીત :** મગની દાળને ૩ થી ૪ કલાક પલાળી બારીક પીસવી તેની સાથે જ ડુંગળી આદુ-મરચાં, કોથમીર પણ પીસવા. મીઠું નાખી ખીરૂ તૈયાર કરવું. પનીર, ચાટ મસાલો, આદુ-મરચાં નાખી મિશ્રણ તૈયાર કરવું. ત્યારબાદ નોનસ્ટીક તવી પર ખીરૂ પાથરી પાતળું મોટો પુડલો બનાવો અને તેલથી શેકવું. તેના પર મસાલાવાળું પનીરનું મિશ્રણ દબાવીને એક સરખો પાથરવો અને તે ગરમ હોય ત્યારે જ રોલ વળી, આ રોલા ૨ ઈંચના ટુકડા કરી, ટુથપીક ભરાવી ચટણી સાથે ગરમ સર્વ કરવું.

# લોકસેવા ટ્રસ્ટ દ્વારા કારકિર્દી માર્ગદર્શન

– પંકજ ગાંધી

કારકિર્દી માર્ગદર્શન ક્ષેત્રે લોકસેવા ફાઉન્ડેશન દ્વારા સૌ પ્રથમ પ્રારંભ કરવામાં આવ્યો અને ધીરે ધીરે આ કામનો વિસ્તાર કરી ગુજરાતમાં ઘણાં શહેરોમાં કારકિર્દી માર્ગદર્શન કેન્દ્રો ઉભા કરી અનેક વિદ્યાર્થી અને વાલીઓને સાચી દિશા આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો. આ ક્ષેત્રે માહિતી ખાતા દ્વારા પણ 'ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ તેમજ સ્નાતક પછી શું ?' તેવા માહિતી અંકોનું પ્રકાશન કરવામાં લોકસેવા નિમિત્ત બન્યું. સાથે સાથે લોકસેવાએ પણ અંદાજીત ૫૦,૦૦૦ જેટલી માર્ગદર્શન માટેની ચોપડીઓ અને ૩,૦૦,૦૦૦ જેટલી નાની પત્રિકાઓ સમાજમાં વિતરણ કરી. આ સાથે ચીલાચાલુ શિક્ષણ કરતા વ્યવસાયલક્ષી શિક્ષણ માટે ખૂબ જ ભાર આપવામાં આવ્યો.

લોકસેવા સાથે સંકળાયેલા અંદાજી ૧૧ જેટલા IAS, IPS, CA, CS, પ્રાધ્યાપક, દૈનિક પત્રોના કોલમ રાઈટર અને તજજ્ઞો દ્વારા શનિવાર-રવિવારનો પ્રવાસ આરંભ્યો. જેમાં પાંચ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં ૩૦૦ થી વધારે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું અને અનેક વાલી, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કારકિર્દી માર્ગદર્શનના ક્ષેત્રે જાગૃત કરવામાં આવ્યા અને આ યાત્રા છેલ્લા સાત વર્ષથી સતત ચાલતી રહી છે અને આજ સુધીમાં અંદાજીત ૧,૫૦,૦૦૦ કિલોમીટરનો પ્રવાસ પૂર્ણ કરે છે.

શિક્ષણ ક્ષેત્રે જાગૃતિ લાવવા માટે તક વંચિત બાળકોના અભ્યાસ માટે બગસરા સેન્ટર દ્વારા ૧૦ જેટલા બાળમંદિરો આજે ચાલી રહ્યા છે. અને તેમાંથી દર વર્ષે ૨૫ થી ૩૦ જેટલા વિદ્યાર્થીઓને 'નઈ' તાલીમ સંસ્થાઓમાં દાખલ કરવામાં આવે છે.

**IAS અને સ્પર્ધાત્મક પરીક્ષા જાગૃતિ અભિયાન :** લોકસેવા દ્વારા સર્વે કરાયો કે ગુજરાતના યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષા જેવી કે, IIT, IAS, NDA, IPS, IFC, GPSC, PSI, સ્ટાફ સિલેકશન - કસ્ટમ અને ઈન્કમટેક્ષ, PMT, AIEEE જેવી પરીક્ષાઓ વિશે જાણતા નથી અને આ પરીક્ષાઓ અંગે તેમને શાળા, કોલેજ કે કલાસીસમાં કોઈપણ પ્રકારનું જ્ઞાન આપવામાં આવતું નથી. આ પછીથી IAS થવું સરળ છે. નામની ૧,૦૦,૦૦૦ જેટલી બુકલેટસ છપાવી. ૩૦૦ જેટલા સેમિનાર અને જાગૃતિ માટેના સાહિત્ય દ્વારા ગુજરાતમાં જ્યારે, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે માત્ર બે જ સેન્ટર હતા ત્યારે પ્રચાર અને પ્રસારના ક્ષેત્રે એટલું મોટું કામ હાથ ધરવામાં આવ્યું કે જેથી આજે ગુજરાતના ગામડે-ગામડે મોટા ભાગના યુવાનો આ બધી પરીક્ષાઓથી પરિચિત થયા છે. છેલ્લા ૧૦ વર્ષમાં બે સંસ્થામાંથી આજે ૬૦ જેટલી તાલીમ સંસ્થાઓ કાર્યરત થઈ છે અને તમામ જ્ઞાતિઓએ તાલીમના ક્ષેત્રે પ્રવેશ કર્યો છે. લોકસેવાએ સૌ પ્રથમ IAS લાયબ્રેરીનો આરંભ કર્યો અને નિઃશુલ્ક તાલીમવર્ગો દ્વારા અત્યાર સુધી ૧૭,૦૦૦ થી વધુ યુવાનોએ વ્યક્તિગત માર્ગદર્શન અને ૨૦૦૦ યુવાનોને UPSC, IAS, GPSC અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ આપેલી છે. સૌ પ્રથમ સુરત પી. પી. વસાણી સ્કૂલ, વરાછા રોડ ખાતે સ્પર્ધાત્મક પરીક્ષા તાલીમ કેન્દ્રનો પ્રારંભ કરવામાં આવ્યો. ત્યાર પછી અમદાવાદમાં લોકસેવા IAS ટ્રેનિંગ સેન્ટર અને લાયબ્રેરીનો પ્રારંભ કર્યો આજે અનેક તાલીમ કેન્દ્રોનો પ્રારંભ થઈ ગયો છે, જેની પાછળ લોકસેવા અને તેની ટીમ કાર્યરત છે. સાથે સાથે ગુજકેટ જેવી પરીક્ષાની પણ તાલીમ માટે એક નવા વિચાર સાથે લોકસેવા ગુજરાતમાં લગભગ ૧૦ દેટલા સેન્ટર ચાલુ કરવા પ્રયત્નશીલ છે. આ તમામ પ્રવૃત્તિમાં કોઈપણ ફીનું ધોરણ રાખવામાં આવેલ નથી. કારણકે, સંસ્થાનો મૂળ હેતુ ગુજરાતના યુવાનો તમામ ક્ષેત્રે આગળ વધે અને રાજ્ય તેમજ રાષ્ટ્રની સેવા કરે તે જ છે.

લોકસેવા દ્વારા છેલ્લા ૨૦ વર્ષમાં અનેક દીકરા-દીકરીઓને ઉચ્ચ અભ્યાસ માટે દત્તક લઈ અને સ્કોલરશીપ દ્વારા શ્રેષ્ઠ તાલીમ આપવાનું અને આ અભિયાનના ભાગરૂપે અમદાવાદમાં સૌ પ્રથમ IAS લાયબ્રેરી ઉભી કરી અંદાજિત રૂ. ૬,૦૦,૦૦૦ ના પુસ્તકો અર્પણ કરવામાં આવ્યા હતા. છેલ્લા ૨૦ વર્ષમાં સમાજના જરૂરિયાત મંદ લોકોના શિક્ષણ માટે રૂપિયા ૧,૫૦,૦૦,૦૦૦ જેટલી રકમ લોકસેવાએ સમાજને અર્પણ કરી છે. આ ઉપરાંત પર્યાવરણ, શિક્ષણ અને માનવ ઉત્થાનનું કામ કરનાર સેવા સંસ્થાને દર વર્ષે ૨ થી ૩ લાખ રૂપિયા સુધીની મદદ સંસ્થા દ્વારા આપવામાં આવે છે.

**સરદાર પટેલ વિચાર પ્રસાર અભિયાન - સરદાર જ્યોત મેગેઝીન :** લોકસેવા દ્વારા છેલ્લા ૧૫ વર્ષમાં સમગ્ર ગુજરાતમાં અને ગુજરાતના ગામડે-ગામડે સરદાર પટેલના વિચાર પ્રસાર માટે જે કામ થયું છે તે અકલ્પનીય અને અદ્વિતીય છે. આ અભિયાન હેઠળ આજ સુધીમાં ગુજરાતના ૧૫ હજાર ગામડાઓમાં ઓછામાં ઓછા ત્રણ વખત પત્ર અભિયાન, અન્ય સંસ્થા સાથે મળીને સરદાર પટેલના જીવન-કવન ઉપરની પરીક્ષા માટે અંદાજિત ૩ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવી છે અને દર વર્ષે સરદાર જયંતિના દિવસે કરમસદ અથવા અમદાવાદ ખાતે ભવ્ય કાર્યક્રમોના આયોજન કરવામાં આવ્યા છે. સરદાર પટેલના વિચાર પ્રસાર અને ગ્રામ વિકાસ માટે સરદાર જ્યોત વિચાર પત્ર દ્વારા ખૂબ મોટું જનજાગૃતિનું કામ આજે ટ્રસ્ટ કરી રહ્યું છે.

**નર્મદા અભિયાન અને અન્ય સંસ્થાઓ સાથેનું કાર્ય :** લોકસેવા દ્વારા નર્મદા અભિયાન સાથે રહી જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે તન-મન-ધનથી સંસ્થાએ પોતાનો મહત્વનો ફાળો આપ્યો છે અને નર્મદા ઊંચાઈના મુદ્દે લડાયેલી છેલ્લી લડાઈમાં તો લોકસેવાનું કાર્યાલય ૨૪ કલાક કામ કરતું હતું. અને નર્મદા યોજનાના સમર્થકો સ્વજનો સાથે ખભેખભા મિલાવી કામ કરતું હતું. રાષ્ટ્રના વડાપ્રધાન માનનીય મુરબ્બી શ્રી મનમોહનસિંહજી સાથેની છેલ્લી બેઠકમાં ૧૧ વ્યક્તિની બનેલી કમિટીમાં લોકસેવા ટ્રસ્ટને પણ સ્થાન મળ્યું હતું. આ જ રીતે આજે પણ આ ક્ષેત્રે લોકસેવા સતત કાર્યશીલ છે. તાજેતરમાં રચાયેલી કલ્પસર સહયોગ સમિતિમાં પણ લોકસેવા મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે.

**લોકસેવા એવોર્ડસ :** લોકસેવા દ્વારા વિવિધ ક્ષેત્રે ઉમદા સેવાકાર્ય કરનારા કર્મયોગી સજ્જનોનું સન્માન કરવાનો અવસર છેલ્લા ૨૦ વર્ષથી ઉજવવામાં આવે છે. જેમાં દર વર્ષે વિવિધ ક્ષેત્રે આગવું પ્રદાન કરનારા ૩ થી ૪ વ્યક્તિઓને લોકસેવા સન્માનથી સન્માનિત કરવામાં આવે છે.

**સમાજ સેવા ક્ષેત્રે નવતર પ્રયોગ :** લોકસેવાના માધ્યમથી અને અન્ય સંસ્થાઓ સાથે મળીને લોકસેવાએ આદ સુધીમાં સમાજ સેવાના ક્ષેત્રે તદ્દન અલગ પ્રકારના સેવા કાર્યો હાથ ધર્યા છે. જેમાં 'મેડીકેર ગાઈડ', NGO ડીરેક્ટરી અને બ્લડગ્રુપ ડિરેક્ટરીનું પ્રકાશન, મેડીકેર કેમ્પ, વ્યસનમુક્તિ યજ્ઞ, વિવિધ વૃદ્ધાશ્રમોમાં કાર્યક્રમો, સફાઈ કામદારોનું સન્માન, સદ્‌વિચાર પરિવાર સાથે મળીને કરેલો કાર્યક્રમ, માનવતા મહોત્સવ, છેલ્લા ૩૦ વર્ષથી નવયુગ સ્કુલના બાળકો સાથેનો શહીદ દિન ઉજવણીનો કાર્યક્રમ, ગરીબ વિદ્યાર્થીઓ માટે શિક્ષણના વર્ગો, સમાજ-ઉપયોગી સાહિત્યનું પ્રકાશન, કટોકટીના ૨૫ વર્ષની ઉજવણી નિમિત્તે સ્વામિનારાયણ ગુરુકુળ છારોડી ખાતે ૨૫ વર્ષની ઉજવણી વૃક્ષારોપણ અને આવા અનેક કાર્યક્રમો દ્વારા સમગ્ર સમાજના વિકાસ અને જનજાગૃતિ માટે લોકસેવાએ આજ સુધીમાં કુલ રૂપિયા ૧,૦૦,૬૦,૦૦૦ જેટલી રકમ સમાજ હિત માટે ખર્ચી છે. આજે પણ આમાના મોટાભાગના સેવા કાર્યો ખૂબ જ સારી રીતે થતા રહ્યાં છે. ખાસ કરીને બગસરા ખાતેનું સેવા કેન્દ્ર અદ્‌ભુત અને કહી શકાય કે ખરા અર્થમાં સેવાનું કાર્ય કરી રહ્યું છે. અહીં માત્ર સમાજ ઉત્થાન અને સમાજ હિત માટે જ સેવા કાર્યો થાય છે. સેવાના અર્થ જેને જાણવો હોય તે બગસરા કેમ્પમાં નજરે જોઈ ખાતરી કરી શકે છે. તે જ રીતે સાણંદ ખાતેનું સેવાકેન્દ્ર અનેક ગરીબો માટે આશીર્વાદરૂપ છે. આ જ સેવા ટીમ દ્વારા ભારત માતાની મૂર્તિ પ્રતિષ્ઠાન સ્થાપવાનું કાર્ય મિશન વંદે માતરમ્ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. જે સમગ્ર વિશ્વમાં બેમિસાલ છે. લોકસેવા ટ્રસ્ટ એટલે આવક આપતું કોઈ કેમ્પસ નથી, પરંતુ દિવાલોના વાડાની બહાર કોઈપણ નામની તકતી વિના ખુલ્લા આકાશ વચ્ચે ચાલતી વૈચારિક અભિયાનની જબરદસ્ત સેવા કાર્યની મસ મોટી યુનિવર્સિટી છે આ યુનિવર્સિટીના હૃદય સુધી જઈએ, તો જ તેના પરિણામોને જાણી શકાય. આ વિચાર યુનિવર્સિટીનું પ્રાણ તત્વ છે. તેનું ટીમ વર્ક અને આ ટીમ વર્કમાં લગભગ ૪૦ થી વધુ Ph.D. કે તેની સમકક્ષ અભ્યાસ કરી સંપત્તિના મોહ વિના સેવાભાવ સાથે કાર્ય કરતા લોકોનો સહયોગ એ જ સફળતાનું રહસ્ય છે. લોકસેવા કે પછી વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ સર્વાંગી વિકાસ માટે સર્વજ્ઞાતિના ઉત્થાન માટે અને રાષ્ટ્રના ઉત્થાન માટે કાર્ય કરતી નાનકડી સંસ્થાઓ છે, જેની પાસે માત્ર વિચારોના કેમ્પસ ઉભા છે અને જેની નજર સાથે જીવતા જાગતા ભગવાન સ્વરૂપ માણસો...!

# તમામ સારવાર તદ્દન વિના મૂલ્યે આપતી હોસ્પીટલ

અમદાવાદ-વલભીપુર-અમરેલી હાઈવે પર વલભીપુરથી ૧૬ કિમી. તથા રેલવે માર્ગે ધોળા રેલવે સ્ટેશન થી ૨ કિમી. દૂર આવેલી આ હોસ્પિટલ બાબત જાણવા જેવુ એ છે કે અહીં જરૂરિયાત મંદ દરિદ્રનારાયણની સેવા કરવામાં આવે છે. એ સેવા પાછળ કોઈ સ્વાર્થ નથી. કોઈ ફી નથી. કોઈપણ ભેદભાવ નથી. સેવા તદ્દન નિઃશુલ્ક છે. અહીં દર્દીને શિવ-સ્વરૂપ માની લેવામાં આવે છે.

અહીં ગંભીર ઓપરેશનો પણ ફી વિના કરવામાં ઓ છે. હોસ્પિટલનું નામ છે નિર્દોષાનંદજી માનવ સેવા હોસ્પિટલ, ટીંબી તાલુકો, ઉમરાળા. વાયા ધોળા જંકશન, જિ. ભાવનગર. હોસ્પિટલનું ખાતમુહુર્ત ૨૦૦૬માં થયું હતું. ૨૦૧૧ના જાન્યુઆરીમાં તેનું ૬૦ હજાર સ્કવેયર ફુટમાં બાંધકામ પુરુ થયું. અહીં દરરોજ ૫૦૦ જેટલા દર્દીઓને સારવાર અપાય છે એક લાખ ચોરસ ફુટની જમીન દાતાઓએ આપી છે. અહીં દર્દી તથા તેની સાથે આવેલ સગા માટે રહેવા-જમવાની ઉત્તમ સગવડ છે. એ પણ નિઃશુલ્ક છે. રાહતદરે એમ્બ્યુલન્સ સેવા પણ છે. એલોપેથી સિવાય આયુર્વેદી પદ્ધતિ પણ છે. સ્પેશ્યાલીસ્ટ તબીબો સેવા આપે છે.

હોસ્પિટલનો ફોન : ૦૨૮૪૩-૨૪૨૪૪૪ તથા ૨૪૨૦૪૪ તથા ઈ-મેલ : nirdosh@yahoo.com. **– ભાણજી ચુનીલાલ સોની-નાગપુર**

# સ્કોલરશીપ મેળવી વિદેશમાં અભ્યાસ કરો

વિદેશમાં ભણના માટેની સ્કોલરશીપ માટે રજીસ્ટ્રેશન શરૂ : વિદેશમાં ગ્રેજ્યુએશન ડિગ્રી કે પછી ડિપ્લોમા કરવાનું સ્વપ્ન જોતા સ્ટુન્ડસનો ઈન્તેજાર હવે પૂર્ણ થશે. વિદેશમાં અલગ અલગ ડિગ્રી માટે મળનારી સ્કોલરશીપ માટે રજીસ્ટ્રેશન પ્રોસેસ શરૂ થઈ છે. આ સ્કોલરશીપના માધ્યમથી વધારે રેન્ક પ્રાપ્ત કરનાર સ્ટુન્ડન્સને આર્થિક સમસ્યા નહીં નડે. આ સ્કોલરશીપ માટે નવેમ્બરથી રજીસ્ટ્રેશન પ્રોસેસ શરૂ થઈ રહી છે જે જાન્યુઆરી સુધી ચાલશે. આ દરમ્યાન વધુમાં વધુ સ્ટુડન્ટસ અરજી કરી શકે છે.

★ **કેસી મહિન્દ્રા સ્કોલરશીપ :** પોસ્ટ ગ્રેજ્યુએશનની સ્કોલરશીપ માટે ફર્સ્ટ કલાસ જરૂરી. **આ માટે મળશે :** સ્કોલરશીપ એન્જિ. નેચરલ સાયન્સ, હ્યુમેનિટી, મેડિસીન એન્ડ બિઝનેશ મેનેજમેન્ટ, મિલિટરી, નેવલ એન્ડ એવિએશન સાયન્સ માટે અપાય છે. **અરજી :** કેસી મહિન્દ્રા એજ્યુકેશન ટ્રસ્ટ, સ્પેશ્યલ કોર્ટ, થર્ડ ફ્લોર, મહાકવિ ભૂષણ માર્ગ, મુંબઈ. **વેબસાઈટ :** www.nanhikali.org

★ **ડો. મનમોહનસિંહ સ્કોલરશીપ :** કેમ્બ્રિજ યુનિવર્સિટીની સેન્ટ જોસ કોલેજ ભારતીય પ્રતિભાઓને મદદ કરે છે. **આ માટે મળશે :** સાયન્સ એન્ડ ટેકનોલોજી, સોશિયલ સાયન્સ, ઈકોનોમિક્સમાં ડોક્ટરલ ડિગ્રી માટે અપાય છે. **અરજી :** બ્રિટીશ કાઉન્સિલ, ૧૭ કસ્તુરબા ગાંધી માર્ગ, દિલ્હી. **વેબસાઈટ :** www.britishcouncil.org

★ **ઈનલેક્સ સ્કોલરશીપ :** આ સ્કોલરશીપ યુરોપ, એશિયા, બ્રિટન તેમજ અમેરિકામાં કોઈ પણ વિષય ભણવા માટે અપાય છે. તેના માટે ગ્રેજ્યુએટ હોવું જરૂરી છે. **આ માટે મળશે :** સ્કોલરશીપ માટે અરજદારની ઉંમર ૨૨ થી ૪૦ વર્ષ વચ્ચેની હોવી જોઈએ. આ સાથે પીજી કોર્સ માટે આ સ્કોલરશીપ અપાય છે. **અરજી :** ઈનલેક્સ ફાઉન્ડેશન, પોસ્ટબોક્સ નં. ૨૧૦૯, દિલ્હી.

★ **ઓસ્ટ્રેલિયન સ્કોલરશીપ :** આ સ્કોલરશીપ ઓસ્ટ્રેલિયાની યુનિવર્સિટીમાં શિક્ષણને ઉત્તેજન આપવા માટે અપાય છે. **આ માટે મળશે :** એન્જિ. વિષયમાં માસ્ટર ડિગ્રી ધરાવતા સ્ટુડન્ટસને અપાય છે. **અરજી :** આઈડીપી એજ્યુકેશન ઓસ્ટ્રેલિયા લિમિટેડ, ઈન્ટરનેશનલ ટ્રેડ ટાવર, નેહરૂ પ્લેસ, નવી દિલ્હી.

★ **હિન્દુ - હિટાચી સ્કોલરશીપ :** જાપાનમાં ટેકનિકલ એજ્યુ. માટે અપાય છે. અરજદાર ભારતીય હોવી જરૂરી. **આ માટે મળશે :** સ્ટુડન્ટસને જાપાનમાં ફ્રી બોર્ડિંગ, લોંજિંગ ઉપરાંત ટ્રેનિંગ અપાય છે. **અરજી :** ધ હિન્દુ, ૮૫૯, ૫૬૦ ચેન્નઈ. **વેબસાઈટ :** www.scholarshipindia.com

★ **ફ્રેન્ચ સ્કોલરશીપ :** અર્થશાસ્ત્ર, પોલિટીકલ સાયન્સમાં માસ્ટર ડિગ્રી, પીએચડી માટે ફ્રાન્સ સરકાર તરફથી અપાય છે. તેમાં દર વર્ષે મોટી સંખ્યામાં અરજીઓ આવે છે. **આ માટે મળશે :** તેમાં એવા સ્ટુડન્ટસની પસંદગી કરાય છે. જે ફ્રાંસીસી સંસ્થાનમાં શિક્ષણ મેળવવા માંગે છે. **અરજી :** ફ્રાન્સ એમ્બેસી, ૨ ઔરંગજેબ રોડ, નવી દિલ્હી.

★ **યુનાઈટેડ વર્લ્ડ કોલેજ સ્કોલરશીપ :** યુકે., સિંગાપુર, કેનેડા, વેનેજુએલા, યુએસએ, ઈટલી, સ્વીટ્ઝર્લેન્ડ, હોંગકોંગ અને નોર્વેની ઉત્તમ યુનિવર્સિટી માટે. **આ માટે મળશે :** અરજદાર ભારતીય અને ૧૦માં ધોરણમાં કે ૧૧માં ધોરણમાં હોવો જોઈએ. **અરજી :** મહિન્દ્રા ટાવર, ગ્રાઉન્ડ ફ્લોર, વર્લી, મુંબઈ. **વેબસાઈટ :** www.uwg.org

★ **બ્રિટીશ શેવનિંગ સ્કોલરશીપ :** આ સ્કોલરશીપ માટે ગ્રેજ્યુએટ અને પ્રોફેશનલ હોવું જરૂરી છે. તે સિવાય સ્ટુડન્ટસની ઉંમર ૨૧ થી ૩૫ વર્ષની વચ્ચે હોવી જોઈએ. **આ માટે મળશે :** સ્કોલરશીપ માસ્ટર્સ લેવલના કોર્સ માટે અપાય છે. **અરજી :** બ્રિટીશ કાઉન્સિલ ડિવીઝન, બ્રિટીશ હાઈ કમીશન, ૧૭ કસ્તુરબા ગાંધી માર્ગ, નવી દિલ્હી.

**વેબસાઈટ :** www.britishcouncil.org.in

## મને ગર્વ છે

દેવોની ભૂમિ ભારત દેશ
એમાં મને જન્મ મળ્યો એનો મને ગર્વ છે.
સોની કુળમાં જન્મ મળ્યો, એનો મને ગર્વ છે.
આધશક્તિ માઁ ચામુંડા મળ્યા,
એનો મને ગર્વ છે.
કસોટીમાંથી પસાર થયેલું કચ્છ
મારું વતન છે એનો મને ગર્વ છે.
ભારત દેશના ખૂણે ખૂણે પથરાયેલો
અમારો સમાજ એનો મને ગર્વ છે.
દરેક પરિવારો દરેક વાર-તહેવાર,
સાથે ઉજવે છે એનો મને ગર્વ છે.
સૌને નજીક લાવતું 'જ્ઞાતિસેતુ'
અમારું મુખપત્ર છે એનો મને ગર્વ છે.
બારમેડા અમારી નોખ છે, એનો મને ગર્વ છે.

**— સોની મોહિની રાજેશભાઈ-રવાપર**

# શબ્દ બાગ

લત્તા સોલંકી

બાળકો દિવાળી વેકેશનમાં ખૂબ મજા કરીને... હજુ પણ વધારે આનંદ આપે એવો બધા જ બાળકોને ગમતો દિવસ આવી રહ્યો છે.. વિચારીને કહો હા.. તમારો અંદાજ સાચો જ છે. બાલદિવસ ! ચિલ્ડ્રન-ડે આવી રહ્યો છે... ૧૪ નવેમ્બર.

તો બાળકો તમને ખબર તો હશે જ... બાળકો જેમને ખૂબ વ્હાલા હતા અને બાળકો પણ જેમને ખૂબ વહાલ કરતા એ નહેરુ ચાચાનો જન્મદિવસ એટલે બાલદિવસ. બાળકો તમને ખબર છે. ૧૪મી નવેમ્બર ૧૯૧૪માં તેમની સવાસોમી (૧૨૫) જન્મજયંતિ ઉજાવવામાં આવશે. તો બાળકો ખૂબ જ આનંદ કરજો.. સારા સારા કામ કરજો બધાને ખૂબ ગમજો..

નહેરુ ચાચા સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન હતા. દેશની સ્વતંત્રતા માટે તેમણે જાહોજલાલી તજી દઈ જેલવાસ ભોગવ્યો હતો. આવા આપણા ચાચા નહેરુને દેશના વંદન.. બાળકો તરફથી ખૂબ ખૂબ પ્યાર..

## છમ છૂ પેલો પુડલો

(ગતાંકથી ચાલુ...) ચંદુ ડઘાઈ ગઈ. તેણે બંધાયેલા હાથ છોડવાની કોશીશ કરી પણ સફળતા ન મળી. ચંદુએ 'બચાવો.. બચાવો'ની બૂમ પાડી. ચંદુને મોટો અવાજ સંભળાયો, 'ચૂપ મર' અને એની આંખ સામે એક ભયંકર આકૃતિ આવીને ઊભી રહી. સાડા છ ફૂટની પડછંદ કાયાનો તામ્રવર્ણી રંગ મોટી ડરામણી લાલ આંખો. આખા શરીરે કાળીને ઘાટી રૂંવાટી, જાડી મોટી વળાંક દીધેલી મૂંછ, વધેલી દાઢી, વધેલા લાંબા નખ, મોટું નાક અને કમર પર વીંટાળેલ વાઘનું ચામડું એની ભયંકર'તા ખૂબ જ વધારતા'તા. ચંદુએ તરત જ આંખો બંધ કરી નાખી આવું ભયંદર માનવ શરીર તેણે ક્યારેય જોયું ન'તું. માનવ આકૃતિ ખોલી મારું નામ ભીમાશંકર હું આ મહેલનો માલિક છું બોલ કોણ છે તું ? બોલ જલ્દી બોલ... ચંદુ ડરતા ડરતા બોલી, હું ચંદુ છું. ગરીબ બ્રાહ્મણની દીકરી...

અહીંયા શા માટે આવી ? જીવ બચાવવા ચંદુએ સત્ય છુપાવ્યું. બોલી પાણીની તરસ લાગી'તી... ભીમાશંકર તાડુક્યો.. 'ખોટું બોલીશ તો મારી નાખીશ..' ચંદુએ કરગરતા અવાજે કહ્યું મામા.. મામા... ખરેખર મને પાણીની તરસ લાગી છે. ભીમાશંકરે એને પાણી આપ્યું.. ભીમાશંકરે કહ્યું ન જાણે કોણ મારા ભરેલા ભંડાર લૂટી ગયું ? ક્યાંય એમાં તારો હાથ તો નથી ને ? ના મામાના ભીમાશંકરે કહ્યું – હવે તું મારી કેદમાં છો... જ્યાં સુધી આ મિલકત પાછી નહીં મળે ત્યાં સુધી તારે અહીં જ રહેવાનું છે. મારી કેદમાં .. અને ઘરના સઘળા ચિંતા કરતા હશે.. ચંદુએ સ્વસ્થ્ય થવાનો પ્રયત્ન કર્યો અને બોલી મામા મામા ભૂખ પણ લાગી છે. ભીમાશંકર ચંદુને રસોડામાં લઈ ગયો. તારી જાતે રસોઈ બનાવ અને ખા.. મારા માટે પણ બનાવ... ચંદુએ ચાંદીની હાંડલીમાં દાળ અને ચોખા ચૂલે ચડાવ્યા.. અને અહીથી ભાગી છૂટ વાના ઉપાય વિચારવા લાગી.. ત્યાં જ એણે પાંજરામાં પુરાયેલ પોપટ જોયો. ચંદુ બોલી : 'મીઠુ રાજા..' પોપટ તરત જ બોલ્યો. 'મીઠુ રાજા..' જે ચંદુ બોલતી એજ શબ્દોનું પોપટ પુનરાવર્તન કરતો.. ચંદુએ પોતે છુટવા માટે પોપટનો ઉપયોગ કરવાનું વિચાર્યું...

જેવો ભીમાશંકર એને કોઈ કામ માટે બોલાવે ચંદુ મંદુ... જવાબ દેતી. 'મામા મામા આવું છું' અને પછી તો ભીમાશંકરનો અવાજ સાંભળતા ચંદુને બદલે પોપટ જ જવાબ દેતો... 'મામા મામા આવું છું...', 'મામા મામા આવું છું.' ચંદુને દાળ ભાતના હાંડલા ભીમાશંકરને આપી દીધા. ચંદુએ પણ થોડું જમી લીધું.. ધીરે ધીરે દિવસ ઢળવા લાગ્યો. ચંદુની ચિંતા વધતી ચાલી. છેવટે એને એક ઉપાય સૂઝયો. તેણે ભીમાશંકરને કહ્યું : 'મામા મામા.. મારે વાડે જવું પડશે, જાજરૂ જવું છે..

ભીમાશંકરે ત્રાડ પાડી ખબરદાર જો બહાર જવાનું નામ લીધું છે. તો.. રસોડામાં જ કરી લે.. ચંદુ બોલી રસોડામાં... રસોડું ગંદુ થાય, માંદા પડાય તો કર ઓરડામાં.. ચંદુ ખોટું ખોટું રડવા લાગી.. એમ કેમ ગંદકી કરાય... પણ આપણે જ માંદા પડીશું.. તમે માંદા પડશો.. જીવજંતુ થશે જરા આવશે પણ નહીં લઈ શકાય..

ભીમાશંકરે કહ્યું.. 'ભલે ચાલ વાડામાં લઈ જાઉં..' ચંદુએ અરીસો, દાંતીયો અને દોરો ખીસામાં નાખ્યા અને રૂમાલમાં પોપટને છુપાવી વાડા તરફ ભીમાશંકરની પાછળ ચાલવા લાગી.. વાડો આવ્યો.. ભીમાશંકરે કહ્યું.. જા જલ્દી આવજે, પણ તમે આમ અહીં ઊભા રહેશો તો મને.. કહી શરમથી નીચું જોઇ ગઈ. ભીમાશંકર ત્યાંથી દૂર ચાલ્યો ગયો. ચંદુએ વાડાનો દરવાજ બંધ કર્યો. પોપટને પ્રેમથી પંપાળ્યો અને દરવાજો ખોલી પોતાના ગામના રસ્તે ચાલવા માંડી.. ભીમાશંકર ચંદુની વાટ જોઈ થાક્યો. એણે વાડા પાસે આવી જોરથી રાડ પાડી. કેટલી વાર લાગશે. ચંદુ..ડી. અંદરથી પોપટ બોલ્યો મામા..મામા.. આવું છું.. ભીમાશંકર થોડી થોડી વારે ચંદુને બોલાવે અને અંદરથી જવાબ અને મામા... મામા.. આ..વું... છું... આમ સતત મામા... મામા.. આ..વું... છું.. ના રટણથી ભીમાશંકર ચીડાયો એણે વાડના દરવાજાને જોરથી લાત મારી અને બરાડ્યો ચંદુ... ચંદુડી તને તો હું ... મારી.. મારીને સીધી કરીશ. ચંદુડી ક્યાં છો.. અને પોપટ ઉડતો ઉડતો આવી તેને ખભે બેઠો.. ગુસ્સે ભરાયેલા ભીમાશંકરે રાડ પાડી ચંદુ

અને પોપટે જવાબ આપ્યો.. મામા.. મા... આ..વુ.. છું...

ભીમાશંકરે પોતાનું કપાળ કુટ્યું... એક આટલી આમથી નાનકડી છોકરી તેને છેતરી ગઈ...

ચંદુ પોતાના બાપા પાસે પહોંચી ગઈ અને ઉતાવળે ગાડા હંકારી બધા પોતાના ગામે પહોંચ્યા. ચંદુ ઘેર આવી તેની માતાના ખોળામાં માથું રાખી માને ભીમાશંકરની વાત કરીને.. કહ્યું મા.. મને બીક લાગે છે. ક્યાંક ભીમાશંકર બદલો લેવા તો નહી આવે ને... (વધુ આવતા અંકે....)

## બાળ વિભાગ

બાળ દોસ્તો વ્હાલા વ્હાલા બાળ દોસ્તો સૌને દીપાવલીના હાર્દિક અભિનંદન નૂતન વર્ષની શુભેચ્છાઓ અને ઢગલે ઢગલા અશીર્વાદ...

દિવાળી હોય એટલે ફટાકડા તો હોવાના જ તમને બધાને ખબર જ છે કે રંગબેરંગી ફટાકડા ફોડીએ તો તેમાંથી આંખને આંજતા પ્રકાશમાં ગરમીને કારણે લાલ, કેસરી, પીળો કે ભૂરો રંગ ઉત્પન્ન થાય પરંતુ તેમાં વિવિધ ધાતુના ક્ષારની કણીઓ સળગે એટલે રંગબેરંગી તણખા પેદા થાય તો ચાલો એ ક્ષારના નામ પણ જાણી લો ..... હા છે એલ્યુમિનિયમ, બેરીયમ અને મેગ્નેશીયમ.

અને હા..... આતીસબાજીનું દારૂખાનું ત્રણ રસાયણનું બનેલું હોય છે. ૧. સળગી ઉઠે તેવો સ્ફોટક પદાર્થ, ૨. રંગ ઉમેરવા માટે વિવિધ રસાયણો, ૩. આ બધાને જોડી રાખવા માટે ગુંદર જેવું બાઈન્ડર.....

ફટાકડા સળગે એટલે ગરમી અને પ્રકાશ પેદા થાય તણખા થાય.... અને ફૂટે તો અવાજ પેદા થાય. તો ચાલો આકાશમાં અને જમીન પર ફૂટતા ફટાકડા ઓળખી તેની સામે જમીન અને આકાશ લખીએ...

ફરચક્કર ........., હવાઈ........., લવીંગીયા.........,

તારામંડળ..........., કોઠી............, પેરાશૂટ..........,

તંબૂ.........., રોકેટ..........., સીંદરી બોમ્બ..........,


ડબલ ધડાકા............

## નખ સ્વચ્છતા અને સ્વાસ્થ્ય

બાળ મિત્રો સ્વચ્છતાના પાઠનો આપણે જન્મથી જ શીખવવામાં આવે છે. સ્નાન, સ્વચ્છ અને સુઘડ વસ્ત્રો સાથે સાથે નાનપણથી આપણા વધેલા નખ પણ કાપવામાં આવે છે. વાળ પણ ક્યારેક કાપવામાં આવે છે. તો બાળમિત્ર નખ અને વાળ આપણી શરીરની ચામડી સાથે જોડાયેલ છે. જ્યારે નખ અને વાળ કાપીએ ત્યારે આપણને દુ:ખાવો નથી થતો એનું કારણ એટલું જ કે તે મૃત હોય છે. વાળ અને નખ કેરોટીનના બે રસાદાર પ્રોટીન છે. નખ ચામડી સાથે ચોટેલા હોય છે. પરંતુ છેડા પર મૃતકોષો સખત પડ બનાવીએ વધતા રહે છે.

આ વધેલા નખને કાપી નાખવા જરૂરી છે. કારણકે વધેલા નખમાં મેલ ભરાય અને ખોરાક લેતી વખતે તે મેલ પેટમાં જાય તો જુદા જુદા રોગ થાય.

સ્કુલમાં પણ નખ કાપેલા હોય અને સ્વચ્છ સ્કુલ ડ્રેસ હોય તો તેના માર્કસ મુકાય છે. તો ચાલો સમયસર નખ કાપી સ્વસ્થ રહીએ સ્વચ્છ રહીએ અને સ્કુલ ખૂબ સારા માર્કસ કવર કરીએ.



# જય હો... રાધેશ્યામ કી...

**મીતા એન. સોલંકી**

નમસ્કાર, વાચક મિત્રો ! ખૂબ સારી શુભેચ્છાઓ સાથે નવા વર્ષના અભિનંદન. આગામી વર્ષ તમારા જીવનને પ્રેમ અને લાગણીથી તરબતર કરી દે એવી મીતા સોલંકી ના હ્રદયની શુભેચ્છા દરેક મિત્રોને પહોંચશે એવી મારી ખાત્રી છે.

મિત્રો, સમગ્ર બ્રહ્માંડમાં પ્રેમ જ સર્વપરી લાગણી છે અને તેની અનુભૂતી થવી એ અલૌકિક ઘટના છે...

નવા વર્ષની શરૂઆત સ્મિતના અભિવાદનથી કરીએ જે પ્રેમનો આરંભબિંદુ છે. પ્રેમ દૈવીતત્વ છે. તમે કોઈ વ્યક્તિનો આદર કરતા હો તો એ પણ એક પ્રકારનો પ્રેમ જ છે. આ પ્રેમ જ્યારે વ્યક્તિમાંથી વિશ્વ તરફ વિસ્તરે છે. ત્યારે તેમાંથી કરૂણા પ્રગટે છે અને બુધ્ધ - ગાંધી મધર ટેરેસા જેવા અવતાર જન્મે છે.

'પ્રેમને સમજવો એ કૃષ્ણલીલા સમજવા જેવું અઘરુ કાર્ય છે. માલિકિભાવ સાથે થયેલો સબંધ આગળ જતા સડો અનુભવે છે.' સ્વામી સચ્ચિદાનંદના પુસ્તકમાં લખેલુ વાક્ય હ્રદયને સ્પર્શીગયું કે આબરૂદાર વ્યક્તિ (શાણા) ક્યારેય પ્રેમ ન કરી શકે. લેખા જોખા કરનાર, નફા-ખોટના સંદર્ભે જ જીવન ને વિચારતો માણસ, કદાચ પ્રેમને જાણે ખરા પણ ઈજ્જતની વાત આવે ત્યારે કાન બહેરા થઈ જાય. શાણા અને બુધ્ધિવાદી લોકો પ્રેમ ન કરી શકે. તેમાં તો નાદાન અને મુગ્ધ લોકો જ પ્રેમ કરી પરિપક્વ બને છે. જ્ઞાનની જેમ પ્રેમની તરસ પણ ક્યારેય બુઝાવી ન જોઈએ.

પ્રેમના અનેક રૂપો અને પાસાઓ છે. દંભના વાઘા પહેરીને ફરતા અને ચહેરા પર નકાબ ઓઢીને પહેરતા લોકોને સાચો પ્રેમ ક્યારેય પ્રાપ્ત થતો નથી.

પ્રેમ એ જ પરમાત્માનું રૂપ છે. પ્રેમ સિવાયના કોઈ બંધન ઝાઝો સમય ટકતા નથી. કાયર માણસો પ્રેમને લાયક હોતા નથી. ઉદાસીનું ઘર પ્રેમને ફાવતું નથી.



## સાભાર સ્વીકાર

હની શૈલેષ કંસારાની સુપુત્રી **'રિયા'**ના જન્મની ખુશાલી હેતુ 'સેતુ'ને સંભારણા રૂપે **હંસરાજ કંસારા પરિવાર** તરફથી જ્ઞાતિસેતુને રૂ. ૧૦૦૧/- ભેટ સ્વરૂપે મળેલ છે. જેનો સાભાર સ્વીકાર.

પ્રેમનું અમૃત રસ શિયાળાની સવારના તડકાની માફક માણવા જેવો હોય છે. નદીના પ્રવાહની જેમ વહેતો રહે એ સાચો પ્રેમ.

પ્રેમ શબ્દ બોલતા હોઠ અને આત્માનું મિલન થાય છે. હવેની પેઢીને માટે પ્રેમમાં પડવું ઈન્સ્ટંટ હોય છે, નિભાવવો પડે ત્યારે મુશ્કેલ લાગે છે.

એક વકીલના સર્વ મુજબ પ્રેમ લગ્નના પછીના છૂટાછેડાનું પ્રમાણ ટ્રેડિશનથી ગોઠવાયેલા લગ્ન કરતા ત્રણ ગણુ વધુ છે ! કારણ ! સમય જતા પેશન પર પુર્ણ વિરામ મુકાઈ જતુ હોય છે. જીવનની કઠોર વાસ્તવિકતા સામે આવે ત્યોર પેશન ટકતુ નથી. અનેક પાસાઓ અને અનેક રૂપ છે. આ પ્રેમના..

આ સદીનું સૌથી મોટું સત્ય સામે આવ્યું છે કે પ્રેમના નામે નકલી દુનિયા પકડ જમાવી ચૂકી છે. જે સંબંધોની બાબતમાં ભયજનક પરિસ્થિતિ કહેવાય.

પ્રેમ માત્ર સ્ત્રી - પુરુષના સંબધ પુરતુ સીમીત નથી. ભાઈ - બહેનનો પ્રેમ. બે બહેનપણીઓ, દાદા-દાદી-નાના-નાની ફ્રેન્ડસર્કલ વગેરે નામી - અનામી સંબંધોમાં પ્રેમ કે લાગણીનું તત્વ હોવું એ જીવન જીવવા માટેનું ટોનિક છ.

પ્રેમ એ તમારા હ્રદયમાં જ પામી શકે !

એ લાગણી આપશો તો સામે મળશે જ.

જય હો પ્રેમના પ્રતિક સમા.

રાધા-શ્યામની....

છેલ્લો સીક્સર.. પ્રેમની બાદબાકી કરી નાખીએ તો આખી પૃથ્વી એક કબર બની જાય.

## અછાંદસ કવિતા

ઈશ્વરના અને
આપણા હિસાબમાં
ફેર છે
બસ આટલો..
રોકડમેળ
લખીએ છીએ
એ
રોજમેળ લખે છે.

**— કુ. જીનલ સોલંકી-માંડવી**

સેતું શાબ્દી પછી તો સેતું પર અભિનંદનની વર્ષા થઈ છે. ઉમળકાભેર વધામણી પણ થઈ છે. ત્યારે ગુણવંત શાહનું એક વાક્ય મને યાદ આવે કે લોકો જ્યારે તેમને અત્યંત ઉમળકાથી આવકારે ત્યારે તમારી જવાબદારીનું વજન પણ વધી જાય છે. જો કે અહીં આ સંદર્ભે આ જવાબદારી ઝીલનાર અને ઝીલાવનાર બંને પક્ષે છે એટલે કે આપણે સૌ વાંચકો, જ્ઞાતિજનો પણ સમાયેલ છીએ.

કોઈક કવિની ખૂબ સરસ પંક્તિ છે કે,

તમે મારી ખોલો તો આવે અજવાળું...

હવે બારણું ઉઘાડો તો કેવું ?

બેશક તમે સૌ સમજી ગયા હશો કે હવે સેતુ ના પગરવ બારણું ઉઘાડવા તરફના હોવા જોઈએ અને હશે જ એમાં કોઈ શંકાને સ્થાન નથી. ફરી આ જ રીત વાજતે - ગાજતે દશાબ્દીઓની પણ દશાબ્દી ઉજવીએ એના કામમાં જોતરાઈએ ચાલો. **– જીનલ સોલંકી**

જ્ઞાતિસેતુ દશાબ્દી ઉજવતા હર્ષ અને આનંદની લાગણી અનુભવીએ છીએ.

બધા જ જ્ઞાતિસેતુની ટીમ તથા તેની સાથે જોડાયેલા પરિવારોને પણ ખૂબ ખૂબ અભિનંદન. જ્ઞાતિસેતુ જે જોડવાનું એકબીજાને ઓળખવાનું કાર્ય કરી રહ્યું છે તે સરહાનીય છે અને હજી પણ વધુ ને વધુ પ્રગતિના પંથે પ્રયાણ કરે એવી જ મારી અભ્યર્થના સાથે.

'સમય સરિતાની જેમ વહી જાય છે જ્ઞાતિસેતુમાં વાંચેલુ ક્યારેક યાદ રહી જાય છે'

**– લત્તાબેન હેડાઉ-માંડવી-નાગલપુર**

## થઈ શકે છે

ઊંચે ચડે તો માનવ રાહબર થઈ શકે છે
નીચે પડેતો માનવ પામર થઈ શકે છે
ઠોકરનું લાગવુ ઘડતર થઈ શકે છે
વચ્ચે વરસાદ તો ધરતી ભીની થઈ શકે છે
અસ્તિત્વ ખોઈ નાખો તો કંઈક પ્રાપ્ત થઈ શકે છે
સરિતાનું સાગરમાં વિસર્જન થઈ શકે છે
સંકટ સહો તો જીવન મહેકે છે જગતમાં
શૂળીએ ચડે તો ફૂલ અત્તર થઈ શકે છે
વંદન ને પાત્ર એવા માનવીઓ છે
જે પડીને પાછા પગભર થઈ શકે છે

**– લત્તાબેન હેડાઉ-માંડવી-નાગલપુર**

## સમસ્ત કંસારા સમાજ - ગુજરાત

'જ્ઞાતિસેતુના'- દશાબ્દિ વર્ષ નિમિત્તે પ્રકાશિત વિશિષ્ટ અંકનું પ્રકાશન જોઈ, વાંચીને હું આપ બધાને ખૂબ જ અભિનંદન પાઠવું છું. ભારતના ૭ રાજ્યો, ગુજરાતના ૭ જીલ્લા તથા ૧૭૦ થી પણ વધુ ગ્રામ-શહેરોમાં જ્ઞાતિસેતુનાં ન્યારા તમે કચ્છી મારૂ કંસારા સોની જ્ઞાતિની અદ્‌ભુત સાંકળ અને જ્ઞાતિમાં જાગૃતિ અને પરિવર્તનમાં મશાલચી તરીકેનું સુંદર કાર્ય કર્યું છે તે દરેક પાનમાં ટપકે છે.

કમલના મુ.શ્રી હંસરાજભાઈ આલેખિત ગોમતીબાનં શાબ્દિક શિલ્પ બા ને કચ્છી મીરા તરીકે સ્વીકારવા આનંદ અનુભવે છે. સમગ્રે કચ્છને વિશ્વના ફલક ઉપર બારીક નકશીકામ માટે ઉજાગર કરનાર સ્વ. શિવાભાઈ સોનીને માત્ર ક. મા. કં. સો. જ્ઞાતિના જ નહિ પરતુ કચ્છની આગવી ઓળખ ઉભી કરનાર આધુનિક સમયનાં મહાન કચ્છી સપૂત કરીકે પ્રસ્થાપિત કરવા જોઈએ.

જ્ઞાતિસેતુ ભવિષ્યમાં પણ પરિવર્તન અને સામાજિક જાગૃતિનું સબળ માધ્યમ બની રહે તેવી અભયર્થના ! **– કે. એમ. માવાણી, માનદ્ અને સ્થાપક તંત્રી 'કંસારા ટાઈમ્સ'**

## કવિતા

લો, આ અમે જ હવે
છંદમાં આવી ગયા
સુખ-દુઃખ એક
લયમાં આવી ગયા..
નથી ફરિયાદ, નથી
આજીજી કોઈ
આ અમે જ વાસ્તવિકતાના
જગમાં આવી ગયા..
ભળે છે તાલ હવે
ઉઠતા કદમ ભેગા
સૂર એક સામટા આ
કંઠમાં આવી ગયા
તારી લે એની મેળે
હવે આ દરિયો
અમે વહાણને મુકી
શઢમાં આવી ગયા..
ક્યાંક તો થોભશે
રસ્તો એની મેળે
અમે મુકામને મુકી
પાછા પથમાં આવી ગયા..

**– કુ. જીનલ સોલંકી-માંડવી**

## Metrimonial



- Name : **DHARA**
- Academic Qualification : Master in Human Resource Management from Faculty of Social Work, M. S. University (Batch (2012-2014)
- Service : Currently : Transformers & Rectifiers India Pvt. Ltd. - Changodar, Ahmedabad.
- Birth Date / Age : 02-12-1989 / 24 yrs.
- Height / Weight : 5" / 62 kg.
- Complexion : Fair
- Hobby : Reading, Travelling, Photography
- Father : Prashant S. Bijlani - Working with The Oriental Insurance Co. Ltd., Ahmedabad. (M) 9409252512
- Address : 204, Suryakoti, Nr. Old Pilot Dairy, Kankaria, Ahmedabad -380 022.
- Mother : Madhu Bijlani - Housewife (M) 94267 88567
- Younger Brother : Aman
  Studying in 2nd year (Bechlor of Planning Engineering) in CEPT University, Ahmedabad.
- Mosal : Solanki Jatubhai K. (Rool Presswala) at Bhuj.

## મહિલા સેલ

## મેરેજ બ્યુરો

**સુધારો : રજી નં. ૧૬૬ : યુવક :** અટક છત્રાળા, ઉંમર ૪૦, અભ્યાસ - ૨, ઊંચાઈ - ૫.૪, વજન - ૬૫, વ્યવસાય - ચાની હોટલ, માસિક આવક - ૧૫૦૦૦, છુટાછેડા

**રજી નં. ૧૬૭ : યુવક :** અટક બારમેડા, ઉંમર ૩૧, અભ્યાસ - ધો.૧૦, ઊંચાઈ - ૫.૫, વજન - ૫૬, વ્યવસાય - વેફર્સ એજન્ટ (વેપાર) માસિક આવક - ૪૦,૦૦૦, કુંવારા

**સંપર્ક : શ્રીમતી લત્તાબેન આઈ સોલંકી. અંજાળિયા ફળિયા, કંસારા બજાર-ભુજ. મો. ૯૭૨૫૩૨૦૪૪૪**

## જ્ઞાતિ ગૌરવ



**Barmeda Prakash Hareshbhai**

1. MMet Advanced Metallurgy (Running) From University of Sheffield (UK)

2. B.E in Metallurgy From Indus institute Of Tech & Engg. (Ahmedabad)



**બારમેડા ધારા રવજીભાઈ**

S.Y. B.Com.,

Sem.-4 66%

**રવાપર**

Motilal Parsotam
Harilal Parsotam

Jagdish Harilal 9979721251
Sandeep Harilal 9426430368




# M.P.KANSARA

**Manufacturer & Trader :**
**All Kind of Manzira, Zanz, Aarti,**
**Kalash, Dhavj Dand, Naag, Jaladhari etc.**

Email: jhbarmeda29@gmail.com

**Machchhi Pith, Anjar-Kutch-370110**

RNI No. Gujguj/2005/16692 Posted at PSO Ahmedabad.




Printed & Published by : Shri Manubhai Vitthaldas Kotadia on behalf of Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal. Printed at : Madhavi Offset, Kankaria, Ahmedabad - 380 021. Published at : Shree Kutchhi Maru Kansara Soni Gnati Mandal, 14, Dhaval Jewellers, Chandla Odd, Manek Chowk, Ahmedabad-380 001. Editor : Shri Hansraj Kansara. Price : Rs. 20.00